Peer Reviewed Journal **Journal of Social Science** ISSN 2319-3522

# સમાજકારણ

**સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે**
**વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક**

**વર્ષ : 17** **જાન્યુઆરી 2023** **અંક : 1**

**અનુક્રમ**


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : પાવર અને પૈસાની દોડને લીધે પ્રજા અને પર્યાવરણનું નીકળતું નિકંદન | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | ફરતી ખેતી : આદિવાસી જાતિની વિશિષ્ટ ખેતી પદ્ધતિ | ડૉ. અરવિંદ ભટ્ટ | 05 |
| 3. | દહેજ પ્રથા : કાયદેસર પ્રતિબંધિત છતાં સમાજમાં વ્યવહારિક રીતે પ્રચલિત | ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | 25 |
| 4. | અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓના સ્વાભિમાન નિર્માણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા | ડૉ. હરપાલ બૌદ્ધ | 34 |
| 5. | ભારતમાં બાળમજૂરી : એક સમાજકાર્યલક્ષી અભ્યાસ | ડૉ. બાદર કુરેશી | 38 |
| 6. | દેશ-વિદેશમાં જાણીતા અર્થશાસ્ત્રી પ્રોફેસર વાય. કે. અલઘને શ્રદ્ધાંજલિ | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 46 |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ - 380009

**સંપાદક : ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**: સંપાદકીય સમિતિ :**

**વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર) **હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર)
**થોમસ પરમાર** (પરામર્શક, ઈતિહાસ) **પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન)
**ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)



**લેખ મોકલવા માટેનું સરનામું :** ૩, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in



### ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| 1. | પ્રોફે. ધીરુભાઈ દેસાઈ | પ્રમુખ |
| 2. | ડૉ. હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | પ્રોફે. વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 5. | પ્રોફે. થોમસભાઈ પરમાર | સભ્ય |
| 6. | પ્રોફે. ચંદ્રિકાબહેન રાવલ | સભ્ય |
| 7. | પ્રોફે. મહેશભાઈ ગામીત | સભ્ય |
| 8. | પ્રોફે. રમેશભાઈ મકવાણા | સભ્ય |
| 9. | ડૉ. આનંદભાઈ આચાર્ય | સભ્ય |


### ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-**

### 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. નિયમ મુજબ એપ્રૂવલ પણ છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને નવું લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. 100/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

## સંપાદકીય

– ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

# પાવર અને પૈસાની દોડને લીધે પ્રજા અને પર્યાવરણનું નીકળતું નિકંદન

2015માં પૅરિસમાં ક્લાઈમેટ ચેન્જ મામલે સંમેલન યોજાયું હતું. જેમાં દુનિયાના ધનિક દેશો સહિત તમામ દેશોએ પ્રદૂષણ અટકાવી કાર્બન-ઉત્સર્જન ઘટાડવા મોટી મોટી વાતો કરી યોજનાઓ બનાવી હતી. પણ સમય જતાં બધું અભરાઈએ ચઢાવી દેવાયું હતું. ધનિક દેશોએ પ્રદૂષણ અને કાર્બન-ઉત્સર્જનનો દોષનો ટોપલો ગરીબ દેશો પર ઢોળી દીધો હતો. આ એક પાવર પોલિટિક્સ હતું. પરિણામે પૅરિસ પેકેટની દિશામાં કોઈ પ્રગતિ સધાઈ ન હતી. પરંતુ હાલમાં જ ઇજિપ્તમાં શર્મ અલ શેખ ખાતે સંયુક્ત રાષ્ટ્રના ઉપક્રમે વિશ્વ જળ-વાયુ સંમેલન (કૉન્ફરન્સ ઑફ પાર્ટીઝ એટલે કે CPO - 27)નું આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં પાછી 'પર્યાવરણ બચાવો, પૃથ્વી બચાવો'ની બુમરાણ મચી છે. પણ આ બાબતે દરેક દેશના નેતાઓ જાગશે ? કે સારી સારી વાતો કરી ખાધું-પીધું ને રાજ કર્યુંની જેમ છૂટા પડશે. કારણ કે આ નેતાઓ પ્રદૂષિત પર્યાવરણનાં કાળાં વાદળો પર હરિયાળીની લીલી ચાદર ઓઢાડી દઈ સૌ સારાં વાનાં થશે એવું આશ્વાસન આપી 'બધાં સાથે મળીને કામ કરીશું' એમ કહીને એકબીજાની પીઠ થાબડે છે અને પૃથ્વીને બચાવવા માટેનાં અસરકારક કોઈ પગલાં લેવાતાં નથી. એટલું જ નહીં, બલકે સત્તાપ્રાપ્તિની લ્હાયમાં સૃષ્ટિનું સત્યાનાશ વાળે છે.

આજે ક્લાઈમેટ ચેન્જની ચિંતા એટલે કરવી પડે છે કે ક્લાઈમેટ ચેન્જે છેલ્લા એક વર્ષમાં યુરોપના અનેક દેશો તેમજ ભારતીય ઉપખંડમાં ક્લાઈમેટની શકલ જ બદલી નાખી છે. લોકોને અહીં ભીષણ ગરમી અને ભયાનક પૂરના વિનાશક અનુભવો થયા છે. પૃથ્વી પર વાતાવરણ અને ઋતુચક્રમાં રીતસરની અરાજકતા સર્જાઈ છે. વિશ્વમાં પ્રદૂષણની વૃદ્ધિએ મૃત્યુજનક પ્રહાર કર્યા છે. WHO મુજબ માત્ર હવાના પ્રદૂષણથી જ વર્ષે 80 લાખ કરતાં વધુ મોત થયા છે. જેમાંથી 43 લાખ ઘરેલુ હવાના પ્રદૂષણથી મૃત્યુ થાય છે. ભારતમાં પણ જળ-વાયુ પ્રદૂષણ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. આ બધાં પાછળ શાસકોની સત્તાપ્રેમ અને પૈસા પાછળની દોડ જવાબદાર છે. પાવર અને પૈસાની દોડને લીધે પ્રજા અને પર્યાવરણનું નિકંદન નીકળ્યું છે. દરેક દેશના શાસકો હજુ પણ પર્યાવરણના વિષયને ગંભીરતાથી લેતા જ નથી. એના માટે લાંબાગાળા અને ટૂંકાગાળાનાં આયોજનો કરવાં કે રાજકીય ઇચ્છાશક્તિનાં દર્શન થવાં જોઈએ તે જોવા મળતાં નથી. બલકે શાસકોની મોટા ભાગની નીતિઓ, યોજનાઓ પ્રજાને થોડાક લાભ આપી પોતાના મતદાતા બની રહે તેવી જ રહી છે. આજના રાજકીય પક્ષો અને સરકારો જન-મન-લુભાવન કાર્યક્રમો કરે છે. પરંતુ પ્રજા કે પૃથ્વીના રક્ષણ માટે ને કાયદા બનાવવા નીતિઓ ઘડવાની કોઈ દાનત જોવા મળતી નથી. આજની દરેક સરકાર પોતાની વાહવાહી કરવા કરોડો રૂપિયા પ્રચાર માટે ખર્ચે છે તેનાથી અડધા રૂપિયા પણ પર્યાવરણની જાગૃતિ માટે વાપરતી નથી અને જો કોઈ પર્યાવરણ કે સ્વચ્છતા-અભિયાન માટે ફંડ ફાળવે છે તો તેમાં પણ ભ્રષ્ટાચાર થાય છે. કહેવાતા પ્રજાના રખેવાળો પૃથ્વી કે પ્રજાનું સાચા અર્થમાં સંવર્ધન થાય તેવું કશું જ કરતા નથી. બલકે સત્તા મેળવવા મદદરૂપ બનતા ઠેકેદારોને તેમજ પાર્ટી-ફંડ આપનાર ઉદ્યોગપતિઓ અને ખનીજ માફીયાઓને છૂટો દોર આપે છે, જે નિયમોનો ભંગ કરી પર્યાવરણનું નિકંદન કાઢે છે. આજના રાજકારણીઓ પ્રજાની આરોગ્ય-સુખાકારી માટે શુદ્ધ હવા, શુદ્ધ પાણી અને શુદ્ધ પોષણયુક્ત આહાર પૂરો પાડી, પાયાની સ્વાસ્થ્ય-સુવિધા પૂરી પાડી તંદુરસ્ત નાગરિક સમાજનું નિર્માણ માટે સતત પ્રયત્નશીલ રહેવાને બદલે તેઓ પોતાનું કલ્યાણ કરવામાં રચ્યાપચ્યા રહે છે. આજે તો ચૂંટણી જીતવા કરોડો ખર્ચાય છે અને ચૂંટણી જીતીને તેમની મિલકતો ટૂંકાગાળામાં કેવી રીતે અનેક ગણી વધી જાય તે આપણે સૌ જાણીએ છે. ચૂંટાયેલા પ્રતિનિધિ અને અધિકારીઓને પ્રજા અને પર્યાવરણની જે ચિંતા

હોવી જોઈએ તે દેખાતી નથી. પર્યાવરણ બચાવવા માટે પ્રદૂષણ-નિયંત્રણ બોર્ડ જેવી સંસ્થાઓના વડા ભ્રષ્ટાચાર કરતા પકડાતા જોઈએ છીએ. આવી સંસ્થાના લોકો પર્યાવરણ બચાવવાને બદલે પૈસા બનાવવામાં પડ્યા છે. બીજું, સમાજમાં ઉપભોક્તાવાદ અને મૂડીવાદ પણ પૃથ્વીના શોષણમાં જવાબદાર છે.

મૂડીવાદ એટલે શાંતિપૂર્ણ રીતે બુદ્ધિપૂર્વક નફો કમાવવો, એટલે કે એવી પ્રવૃત્તિ જેમાં નફો મળતો હોય. ટૂંકમાં નફાને ધ્યાનમાં રાખીને કરવામાં આવતો વ્યવહાર.. માપસર નફો કમાવવો એ ગુનો નથી પરંતુ વધુ નફો કમાવવા માટે અનાચાર કરવાનો, શોષણ પણ કરવાનું-એ પછી માનવજાતનું હોય કે સમગ્ર સૃષ્ટિનું. આપણે જોયું છે કે નફાની ભૂખી કંપનીઓને ધંધો કરવા માટે જે કાચો માલ જોઈએ તે માટે જંગલો સાફ કરી નાખ્યાં છે. જંગલોનો નાશ થતાં વાવાઝોડાં, પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓની વણઝાર શરૂ થઈ જાય છે. આવી આપણી લોભ-લાલસાને લીધે આપણે થોડાથી ધરાતા નથી, સંતોષ થતો નથી. આપણે વિચારતા નથી કે આટલું આપણા માટે પૂરતું છે. એમાં સમૂહ-માધ્યમોમાં થતી જાહેરાતોએ લાલચ વધારવાનું કામ કર્યું છે. આપણી ભૂખ અને અન્ય જરૂરિયાતો મલ્ટીનૅશનલ કંપનીઓએ ઊભી કરેલી છે. બીજું દેખાદેખીને લીધે જરૂર ન હોય તો વટ પાડવા પણ વસ્તુ-વાહન ખરીદવાં; પૈસાના અભિમાનને પોષવા બિનજરૂરી શોપિંગ કરવું, પૈસાના પ્રદર્શન માટે જાત-જાતના પ્રસંગ ઊજવવા ને સૌથી મોટી વાત એ કે વધુ વાપરવા - વધુ ખરીદવા માટે આપણે વધુ ને વધુ પૈસા કમાવા માટે વધુ ભાગ-દોડ કરવી પડે છે અને અનીતિના પૈસા કમાવવા પ્રેરે છે. વધુ પૈસા કમાવવાની લાલચ લોકોને ભ્રષ્ટાચારી પણ બનાવી રહી છે. જે છેલ્લે સૃષ્ટિ અને સમાજને નુકસાન કરે છે. જે માનવજિંદગીનો આનંદ પણ હણી લે છે. માનવીની લોભલાલસાએ પ્રકૃતિનો દાટ વાળ્યો છે. માનવીની પ્રકૃતિ વિરુદ્ધની જીવનશૈલીએ વિવિધ પ્રદૂષણમાં વૃદ્ધિ કરી પર્યાવરણીય સંતુલન ખોરવ્યું છે.

માટે હવે પૃથ્વીના બચાવવામાં ખૂબ વિલંબ થયો છે પરંતુ હજી પણ આપણે વિલંબ કરીશું તો માનવજાતે આકરી હિંમત ચૂકવવી પડશે. જ્યારે હવે તમામ દેશો પ્રદૂષણ અને ક્લાઇમેટ ચેન્જથી દાઝ્યા છે ત્યારે તેમની શાન ઠેકાણે આવી છે. પૃથ્વીને બચાવવા તૈયાર થવાનું દર્શાવે છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન આ સપનું સાકાર કરવા માટેના લાખો-કરોડો રૂપિયાના જંગી રોકાણનો છે, જે ગરીબ અને વિકાસશીલ દેશો માટે આ જંગી રકમ ક્યાંથી અને કેવી રીતે આવશે તે અંગેનો છે. એટલું સારું છે કે અત્યાર સુધી ધનિક દેશો ગરીબ દેશોને મદદ કરવાનાં ઠાલાં વચનો જ આપતા હતા તેને બદલે આ વખતે લૉસ એન્ડ ડૅમેજ ફંડ બનાવીને ગરીબ દેશોને તેમાંથી યોગદાન આપવાની વાત કરવામાં આવી છે. એટલું જ નહીં, ભારતના આગ્રહથી ફૉસિલ ફ્યુઅલનો ઉપયોગ ઘટાડવાનો મુદ્દો ચર્ચાયો હતો અને હવે તમામ દેશ સમજે છે કે ક્લાઇમેટ ચેન્જ માટે સ્વચ્છ પૃથ્વીનું સપનું સાકાર કરવું પડશે અને આ માટે પાવર અને પૈસાને બાજુ રાખી પૃથ્વીનું જતન કરવું પડશે. કારણ કે વિકાસની આપણી આંધળી દોડને કારણે માનવીએ જ પૃથ્વી પર તેના પોતાના અસ્તિત્વ પર સંકટ સર્જી દીધું છે. હવે પૃથ્વીને બચાવવા તેણે દોટ મૂકી છે પણ સાધનો ટાંચાં છે, સમય ઓછો છે, પરંતુ સમયસરનાં સાચી દિશાના પગલાં જ તેને આ માનવસર્જિત હોનારતમાંથી બચાવી શકશે. પૃથ્વી-પર્યાવરણ બચાવવાની બાબતે આપણે પણ માત્ર મૂક દ્રષ્ટા ન બની રહેતાં સરકારના કાયદા-કાર્યક્રમોને સમર્થન આપીએ. આપણી જીવનશૈલી બદલીએ, પ્રકૃતિ સાથે સામંજસ્ય વધારી પર્યાવરણ - પૃથ્વીને બચાવવા યોગદાન આપીએ.

**'પ્રદૂષણ હટાવો - પર્યાવરણ બચાવો'...પ્રકૃતિમય**
**જીવન જીવો - પૃથ્વી બચાવો.**
**સૌને નવા વર્ષની શુભકામના.**
**હૅપ્પી ન્યૂ ઈયર**

# ફરતી ખેતી : આદિવાસી જાતિની વિશિષ્ટ ખેતી પદ્ધતિ

– ડૉ. અરવિંદ ભટ્ટ*

***નોંધ :*** *હાલમાં ફરતી ખેતીનું પ્રાધાન્ય નથી, પરંતુ નવી પેઢીના વિદ્યાર્થીનીઓને ફરતી ખેતી અંગેની જાણકારી મળે તે હેતુથી આ લેખ લખવામાં આવ્યો છે.)* ભારતમાં મોટાભાગમાં આદિવાસીઓ કોઈ ને કોઈ પ્રકારની ખેતીના સ્વરૂપ સાથે સંકળાયેલા છે. સંપર્કને પરિણામે આજે કેટલાકે સ્થાયી ખેતી સ્વીકારી છે. પરંતુ પહાડોના કે જંગલોના ઊંડાણવાળા વિસ્તારોમાં જેઓ રહે છે તેમનામાં આજની ખેતીનું અત્યંત પૂર્વ અવસ્થાનું સ્વરૂપ ગણાય તેવી ‘ફરતી ખેતી’ (Shifting cultivation) ની પદ્ધતિ પણ હજુ જળવાઈ રહેલી જોવા મળે છે. આ પ્રકારની પદ્ધતિ ભારત અને વિશ્વના કેટલાક જંગલોમાં રહેતા આદિમ સમુદાયોમાં પણ જોવા મળે છે. તેનાં ત્રણ સ્વરૂપો જોવા મળે છે.

(1) જંગલ બાળીને તેની રાખમાં લાકડીની મદદથી ખેડીને ખેતી કરવી.

(2) જંગલ બાળીને રાખ કરી કોદાળીથી ખેતી કરવી.

(3) તળેટી વિસ્તારમાં પગથિયાં ખેતી (Terrace Cultivation) જેમાં જંગલ બાળી તેની રાખનો તથા કોદાળીનો ઉપયોગ થાય છે. જેમાં તેઓ નાળી કરીને ચોમાસાના પાણીનો સિંચાઈ તરીકે પણ ઉપયોગ કરે છે.

ઉપરનાં ત્રણે સ્વરૂપે વિવિધ જૂથો આ પ્રકારની ખેતી કરે છે. તેઓ વધુમાં જંગલમાંથી ખોરાક એકઠો કરવો, મચ્છીમારી, શિકાર કરવો વગેરે ઉપર પણ ખોરાક માટે આધાર રાખે છે.

ભારતમાં થતી ફરતી ખેતીના સ્વરૂપને જોતાં તેનાં 13 જેટલાં મહત્વનાં તત્ત્વો દર્શાવી શકાય જે દ્વારા તેમની આ ખેતીનું એક સળંગસૂત્ર ચક્ર પૂરું થાય છે.

(1) જંગલ વિસ્તાર કે ખેતીના પ્લોટની પસંદગી

(2) ખેતી માટે પસંદ થયેલી જમીનની પૂજા કરવી

(3) ખેતી માટે પસંદ કરેલા વિસ્તાર કે પ્લૉટમાંના જંગલની સફાઈ કરવી, મોટાં-મોટાં ઝાડ કાપવાં, છોલવાં, નાના નાના ટુકડા કરવા, તેને ફેલાવવાં અને સૂકવવાં.

(4) મોટાં લાકડાં બાળવા માટે જુદા જુદા ઢગલા કરવા.

(5) બાળવા માટે લાકડાં ગોઠવવાં અને વરસાદ આવતાં પહેલાં કાપેલા બધા વિસ્તારમાં તે બધાંને બાળવા.

(6) લાકડાં, ઝાંખરાં, કરચો બળી જાય પછી ન બળેલાં લાકડાં, કોલસા ભેગાં કરવાં, બચેલાં લાકડાં પુનઃ બાળવાં અને સમગ્ર ખેતી વિસ્તારમાં લાકડાંની રાખ ફેલાવવી, બી નાખવા માટેનું આયોજન કરવું.

(7) ઋતુનો પહેલો વરસાદ થયા પછી સમગ્ર ખેતી માટેના વિસ્તારમાં અણીવાળી લાકડી કે કોદાળી વડે જમીનનાં કાણાં કે સહેજસાજ ખોદીને બી નાખવાં.

(8) ખેતીના વિસ્તારમાં બી સાથે ઊગી નીકળેલા નિંદામણને કાઢવું.

(9) પાકનું જંગલી પશુઓથી રક્ષણ માટે રખેવાળી કરવી, વાડ કરવી.

(10) પાક યોગ્ય પ્રકારે પાકે એટલે તેની હાથથી લણણી કરવી અને કૂટીને કે અન્ય રીતે અનાજ ભેગુ કરવું, ઘરમાં લઈ જવું.

(11) નવું પાકેલું અનાજ ઘરમાં ભરતાં પહેલાં દેવપૂજા કરવી અને દેવને ચઢાવવું.

(12) બે થી ત્રણ વર્ષ એક જમીનવિસ્તારનો આ રીતે સતત વર્ષમાં એકથી બે વાર પાક-સેવા માટે ઉપયોગ થયા પછી ઉત્પાદન ઘટતું જતાં ખેતર-વિસ્તાર કે પ્લૉટ પડતર છોડી દેવામાં આવે છે.

(13) આ ખેતીની સમગ્ર પ્રક્રિયામાં માનવહાથનો શ્રમ ઘણો છે અને તેથી સમગ્ર કુટુંબ આ ખેતીમાં કોઇને કોઈ રીતે જોડાય છે.

ભારતની ફરતી ખેતીના સંદર્ભમાં વિવિધ માનવશાસ્ત્રીઓ એલ. પી. વિદ્યાર્થી, સચ્ચિદાનંદ, સરહેન્દુ બોઝ, એસ. સી. દુબે, એલ્વિન વગેરેએ વિવિધ રીતે તેને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ વધુ ઉપયોગી વ્યાખ્યા Conklin (1961) અને Pilzer (1998)ની દેખાય છે. તેમની જંગલ બાળવાની સ્થિતિ

* નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

અને તેમાંથી રાખ પેદા કરવાની પ્રક્રિયા સાર્વત્રિક છે. આ રાખ તેમને ખાતર તરીકે ઉપયોગી થાય છે. વધુમાં જે વૃક્ષો કાપવામાં આવે છે તેમાં પુખ્તવયનાં કે તેથી મોટાં ઝાડને જ કાપવામાં આવે છે. જોકે વૃક્ષને જડ-મૂળથી કાપી નાખવામાં આવતું નથી, પરંતુ જમીનથી બે-ત્રણ ફૂટની ઊંચાઈ રાખીને થડમાંથી કાપવામાં આવે છે. જેથી તેના બચેલા થડમાંથી પુનઃ ડાળાં ફૂટે છે અને 10 થી 15 વર્ષમાં તે પાછું વૃક્ષનું સ્વરૂપ ધારણ કરે છે. નાની ઉંમરના છોડવાને કાપવામાં આવતા નથી. આમ, વૃક્ષો-જંગલ કાપવાની તેમની રીત બીજા તબક્કામાં લાંબા પડતર પછી પુનઃ વૃક્ષો મળી રહે તે હેતુ તેમાં રહેલો છે. આ રીતે ફરતી ખેતીમાં વૃક્ષોનું કાપવું, બે થી ત્રણ વર્ષ એક ખેતરમાં સતત ખેતી કરીને પાક પકવવો અને જમીનને લાંબાગાળા માટે પડતર છોડી દેવી. જેથી પુનઃ વખત તે જમીન પર ખેતી કરવામાં આવે ત્યારે કાપીને બાળવા માટે વૃક્ષોનો જથ્થો પૂરતો મળી રહે છે. આમ, આ ફરતી ખેતી અણગઢ કે માત્ર જંગલ બાળી નાખનારી ખેતી છે. તેવું પ્રથમ નજરે દેખાય છે તેવું નથી. પરંતુ પરિસ્થિતિજન્ય સ્થિતિમાં પણ તેનું ભાવિ આયોજન રહેલું દેખાય છે.

ડૉ. સચ્ચિદાનંદ ભારતની આ ફરતી ખેતીનાં (1999) નીચે પ્રમાણે કેટલાંક લક્ષણો દર્શાવે છે. તેમણે તેમાં પાકની ઉત્પાદનની લાક્ષણિકતાને તુલનાત્મક રીતે વિચારી છે.


**ફરતી ખેતીનાં લક્ષણો :**

1. ફરતી ખેતી એ મુખ્યત્વે સરળ સમાજવ્યવસ્થા ધરાવનારા એવા લઘુ વસ્તીવાળા કે સંસ્કૃતિવાળા સમુદાયોમાં મુખ્યત્વે જોવા મળે છે.
2. તેમાં પ્રાથમિક રીતે માનવશ્રમ આધારિત એવી ખેતીવાળું અને અલ્પ અને હાથથી ઉપયોગમાં લઈ શકાય તેવાં સાદાં ઓજારો કે અણીવાળી લાકડી જેવાનો ઉપયોગ થાય છે.
3. તેમાં દેખાતા શ્રમનું સ્વરૂપ મુખ્યત્વે સહકારી ભાવના પર આધારિત છે.
4. તેમાં જમીનની સફાઈ, વૃક્ષોની કાપણી અને બાળવું, વાવવું, લણવું અને પૂજા મહત્ત્વની ક્રિયાઓ છે.
5. ખેતી માટેની જમીનની ફાળવણી એ પરંપરાગત સ્વરૂપ છે તથા તેનું નિયંત્રણ કરવાની ખાસ આગવી સામાજિક પદ્ધતિ જોવા મળે છે.
6. આ પ્રકારની ખેતીમાં વિશિષ્ટ અને વિવિધ પ્રકારના પાકો લેવાય છે.
7. ખેતીમાં લેવાતા આ પાકો વાર્ષિક અને ટૂંકા સમયગાળાના એમ બે સ્વરૂપના હોય છે.
8. સ્થાયી ખેતી કરતાં આ પ્રકારની ખેતીમાં એકર દીઠ અને માથાદીઠ ઉત્પાદનનું પ્રમાણ ઘણું ઓછું થાય છે.
9. આ ખેતી પદ્ધતિ મહદ્ અંશે પૂરક ખોરાક પૂરો પાડવામાં મદદરૂપ બને છે.
10. ખેતી માટેનાં ખેતરોનું અંતર નિવાસસ્થાનથી ઘણું દૂર અને દુર્ગમ સ્થળે હોય છે.
11. ફરતી ખેતી દ્વારા થતા ઉત્પાદન સ્થાયી ખેતી સાથે તુલના કરવા જેવી છે.
12. આ ખેતીમાં વૃક્ષોને બાળવામાં પેદા થતી રાખ એક મહત્ત્વના ખાતર તરીકે ન્યુટ્રિશનનું કાર્ય સમગ્ર ઉત્પાદન ચક્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે.
13. અન્ય ખેતીપ્રકારો કરતાં જમીનનું ધોવાણ ઘણું વધારે થાય છે. કારણ કે આ ખેતી મુખ્યત્વે જંગલ-પહાડોની ઊંચાઈવાળા તથા વધુ વરસાદવાળા વિસ્તારોમાં થાય છે.
14. આ ખેતીથી અન્ય સ્થાયી ખેતીમાં જમીનનું જે શોષણ થાય છે અને તેની કોઈ ગંભીર અસરો દેખાતી નથી.
15. આ ખેતી પદ્ધતિ મહદ્ અંશે પર્યાવરણ પર આધારિત છે અને તેથી તેમાં જમીનને ખેતી માટે ખાસ કેળવવાની, ફળદ્રુપ બનાવવાની, સિંચાઈ, સુધરેલું બિયારણ, દવાઓ કે ખાતર વગેરેનો કશો જ ઉપયોગ થતો નથી. પરંતુ કુદરત આધીન રાખ દ્વારા ન્યુટ્રિશન અને જમીનને પડતર રાખવાની કુદરતી પ્રક્રિયા દ્વારા જમીનને ફળદ્રુપતા પુનઃ પ્રાપ્ત

કરવાની સુઝ દેખાય છે.


16. આ સમગ્ર ખેતી પદ્ધતિ ભૌગોલિક વાતાવરણ અને લોકોના સાંસ્કૃતિક જીવન સાથેના તાલમેલ પર આધારિત છે.
17. ખેતીની પ્રક્રિયામાં ખેતી માટેની જમીન કે પ્લૉટ અમુક સમયે બદલાની પ્રક્રિયા પુનઃ પડતર-વ્યવસ્થાથી કુદરતી ફળદ્રુપતા પ્રાપ્ત કરવાની કુદરતી પ્રકૃતિ આધારિત સ્થિતિ છે અને તેમાં ખેતીની જમીનના બદલાવ ફરતાં સાથે ઘણી વખત રહેઠાણ પણ ફરતું રાખવું પડે છે. જોકે રહેઠાણ બદલવાની પ્રક્રિયા સાર્વત્રિક નથી.
18. ફરતી ખેતી એ મુખ્યત્વે બિન-અવિકસિત ટૅક્નિકલ વિકાસ વિનાની સંસ્કૃતિમાં તથા સામાજિક, રાજકીય, આર્થિક કે સાંસ્કૃતિક કોઈ પરિવર્તનની અસર થઈ નથી કે અલ્પ પરિચય છે તેવા પ્રદેશ સંસ્કૃતિ છે.
19. ફરતી ખેતી એ જંગલ તથા ખેતીને માત્ર નુકસાનકારક ખેતી પદ્ધતિ છે તેવું નથી. પરંતુ તે એક અવશેષરૂપ ખેતી-વ્યવસ્થાનું સ્વરૂપ છે.
20. તે એક સરળ અને પર્યાવરણીય પરિસ્થિતિમાંથી સાંસ્કૃતિક સંદર્ભમાં જરૂરિયાતમાંથી સરળ ટૅક્નૉલૉજી અને સમજના સંયોજનમાંથી વિકાસ પામેલી એવી એક પદ્ધતિ છે. જેમાં સરળ વૈજ્ઞાનિક સૂઝ, ઉપયોગિતાના સંદર્ભમાં વિકસેલી જીવન-વિકાસની વ્યવસ્થાનું એક આગવું સ્વરૂપ છે.

**ફરતી ખેતીનું ચક્ર :**



**ફરતી ખેતીની ફરતી પ્રક્રિયા-ચક્ર : જંગલનાં વૃક્ષોની કાપણી, ઢોળાવ પર વૃક્ષો સૂકવવાં, લાકડાંની રાખ ઢોળવવા પર પાથરવી અને પ્લૉટની ફરતી વાડ બનાવવી.**

ફરતી ખેતી માટે જમીનની પ્રાપ્તિ થાય તે પછી તેની સફાઈ કરવી, જંગલનાં વૃક્ષોની કાપણી કરવી, ડાળાં કાપવાં, તેને સૂકવવાં દેવાં, પછી તેને સળગાવવાં, તેની રાખ સમગ્ર ખેતી-વિસ્તારમાં પાથરવી, બી નાખવાં, નિંદામણ, તેની પાકની રખેવાળી, લણણી, પાક કૂટવો અને ઘરમાં લઈ જવો, દેવતાની પૂજા, ભોગ ધરાવવો વગેરે વિવિધ પરંપરાગત ક્રિયાઓ સંકળાયેલી હોય છે. એક જ જમીન પર બેથી ત્રણ વર્ષ સતત વરસાદ આવતાં ખેતી કરવામાં આવે છે. અને ઉત્પાદન ધીરે ધીરે ઘટતાં તે જમીન પડતર છોડી દેવામાં આવે છે અને ખેતી માટે બીજો જંગલ-વિસ્તાર પસંદ કરવામાં આવે છે અને આમ ચાર થી પાંચ વાર વિવિધ જમીનોને ફરતી ખેતી માટે વાપરીને પુનઃ 15-20 વર્ષ પાછા જ્યાંથી પ્રથમ શરૂ કર્યું હતું તે વિસ્તારને ખેતી માટે લેવામાં આવે છે. આટલા લાંબાગાળામાં ત્યાં પુનઃ જંગલ ઊગી જાય છે. છોડ, ઝાંખરાં ઊગી નીકળે છે અને ખેતી માટે તે જમીન પુનઃ ફળદ્રુપ બની જાય છે. આવી રીતે લાંબાગાળે મર્યાદિત જંગલ-વિસ્તારનો ઉપયોગ થતો હોઈ ખેતીની વપરાશની જમીનના ખેતીના ઉપયોગનું એક ચક્ર વિકાસ પામે છે. આ આદિવાસી સમુદાયો જંગલની આડેધડ બધી જમીન ખેતી માટે વાપરતા નથી. પરંતુ વાપરેલી જમીનને પુનઃ જંગલમાં પડતર સમયમાં જંગલ સ્વરૂપે વિકસાવી ફળદ્રુપ બનાવીને પુનઃ પુનઃ વાપરે છે. ખેતી માટેની જમીનનું આ ચક્ર નાનું કે મોટું એમ પણ જોવા મળે છે. એટલે કેટલાક વિસ્તારોમાં જમીન-જંગલની અછત હોઈ 8 થી 10 વર્ષના ગાળામાં પુનઃ પ્રથમ જમીનના પ્લૉટને ખેતી માટે વાપરવાનો પ્રયત્ન થાય છે. જ્યારે કેટલીક જગ્યાએ 15 થી 20-25 વર્ષ જેટલો સમયગાળો પણ મળે છે. આ સંદર્ભમાં દરેક પ્રદેશે પ્રદેશે તથા આદિવાસી જાતિવાર ખેતીની રીત જમીનની ફળદ્રુપતા, વસ્તી વગેરે પર આધાર રાખે છે. જેમ વસ્તીનું પ્રમાણ વધુ હોય તો ફરતી ખેતીનું ચક્ર—સાઇકલ નાનું થતું જાય છે. વિશ્વમાં આ સંદર્ભમાં ઘણી વિવિધતાઓ જોવા મળે છે. જે સાઇકલ પહેલાં 12 થી 15 વર્ષની હતી જે ઘટીને 6-10 વર્ષની થઈ ગઈ છે. આ અંગેનું મુખ્ય કારણ તે વિસ્તારમાં વસ્તીવધારો થયેલો દેખાય છે.



**વૃક્ષોની કાપણી અને સુકવણી**

**રહેઠાણ બદલવું :**

ફરતી ખેતીમાં તૈયાર કરેલા એક પ્લૉટમાં વારંવાર ઉત્પાદન લેવાને કારણે ઉત્પાદન ક્રમે ક્રમે ઘટતું જાય છે. કારણ કે આ પ્રકારની ખેતીમાં સિંચાઈ અને ખાતરનો ઉપયોગ થતો નથી. એટલે જમીનનું તત્ત્વ પાક લેવાથી ઘટવા માંડે છે. પરિણામે જમીનની ફળદ્રુપતાના સંદર્ભમાં એક વર્ષ કે બે વર્ષ તો ક્યારેક ત્રણ વર્ષ સુધી એક જ ખેતીના તૈયાર કરેલા પ્લૉટમાં ઉપરાઉપરી ખેતી કરવામાં આવે છે. પ્રથમ વખત નવી જમીન અને લાકડાં, ઝાંખરાં, પાંદડાંને બાળેલાં હોઈ તેની રાખ ખાતર તરીકે ઉત્તમ મદદરૂપ થાય છે. પરંતુ બીજા વર્ષ કે ત્રીજા વર્ષ સુધીમાં ઢોળાવને કારણે વધુ વરસાદને કારણે ધોવાણ અને કસ બંને ઘટતાં ઉત્પાદન સાવ ઘટી જાય છે અને ખેતી માટે પુનઃ જંગલ શોધી તેનાં ઝાડ કાપી, સૂકવી, બાળીને નવો પ્લૉટ તૈયાર કરી તેમાં ખેતી કરવામાં આવે છે. આમ, ખેતીનું ચક્ર ક્યારેક એક વર્ષ તો ક્યાંક બે વર્ષ તો ક્યાંક ત્રણ વર્ષ જમીન બદલાવીને નવી જમીન માટે પુનઃ પ્રયત્ન થાય છે. આમ ખેતીની જમીન બદલાતા રહેવાની સ્થિતિને કારણે ત્યાંના લોકોના સ્થાનિક રહેઠાણની સ્થિતિને પણ અસર થાય છે. તેમને ખેતરની સાથે રહેઠાણનું પણ સ્થળાંતર કરવાનું બને છે. આ સંદર્ભમાં વિવિધ વિસ્તારોમાં વિવિધ પ્રકારની સ્થિતિ જોવા મળે છે. જ્યાં સુધી ખેતીની જમીન નજીક હોય ત્યાં સુધી રહેઠાણ બદલવામાં આવતું નથી અને આવજા કરીને ખેતી કર્યા કરે છે. પરંતુ જેમ જેમ જમીન દૂર મળે તેમ બને ત્યારે રહેઠાણ પણ કામચલાઉ બદલવું પડે છે.

ભારતમાં ઉત્તર-પૂર્વ વિસ્તારમાં રહેવાવાળા મોટા ભાગના આદિવાસીઓ પર્વતીય વિસ્તારોમાં રહેતા હોઈ તેઓ આ ફરતી ખેતી કરે છે. આ જાતિઓમાં ખાસ કરીને મિકીર અને કુકી આદિવાસી જાતિઓમાં ખેતીની જમીન સાથે રહેઠાણને બદલવાની સ્થિતિનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આ જ રીતે મધ્ય પ્રદેશમાં અબુઝઝાડ વિસ્તારમાં મારિયા જાતિ અને તેનાં પેટાજૂથો જેઓ ફરતી ખેતીને 'Penda-પેંડા' તરીકે ઓળખાવે તેની સાથે રહેઠાણને પણ બદલ્યા કરે છે. (Bose 1967). આસામના ઍંગલોંગ વિસ્તારની મિકીર જાતિ તેની ખેતીના ખેતર સાથે પોતાના રહેઠાણને પણ વારંવાર બદલતા જોવા મળે છે. આને કારણે તેમનાં ગામોનાં કદ પણ ઘણાં નાનાં દેખાય છે. આવાં ગામોમાં તો ક્યારેક પાંચ-સાત ઘરની જ વસ્તી હોય છે. આમ ફરતી ખેતીની સ્થિતિ તેમના ગામના કદને અને રહેઠાણના સમયગાળાને પણ અસર કરે છે. જેથી ગ્રામવિકાસના કાર્યનું આયોજન મુશ્કેલભર્યું બને છે.

અરુણાચલ વિસ્તારમાં તિરાપ પ્રદેશમાં તાંગ્સા જાતિ ફરતી ખેતી કરે છે. તેઓ પણ ખેતીના ખેતરના બદલાવ સાથે રહેઠાણને પણ બદલે છે. તેમની રહેઠાણ બદલવાની સ્થિતિનું સ્વરૂપ ત્રણ પ્રકારનું જોવા મળે છે.

(1) જેમને હવે કાયમી જમીન મળી છે તેઓ સ્થાયી રહેઠાણવાળા બન્યા છે અને તેઓ પોતાનાં ઘર બદલતાં નથી. પરંતુ પર્વતના ઢોળાવ ઉપર ફરતી ખેતીના સ્વરૂપની ખેતી દ્વારા તેઓ કપાસ તથા શાકભાજી ઉગાડી લે છે. આ પ્રકારની ખેતી કરનારી જાતિઓમાં જમાતીયા તથા રિંયાંગ જાતિ મુખ્ય જોવા મળે છે. આ ઉપરાંત થોડા સમય પહેલાં બહારથી સ્થળાંતર કરીને આવેલી 'ચકમા જાતિ' આ પ્રકારની ફરતી ખેતી પહાડ પર કરે છે. જ્યારે નીચેના સપાટ વિસ્તારમાં મેદાની વિસ્તારમાં હળથી ખેતી કરે છે.

(2) એવા કેટલાક વિસ્તારો છે જેમાં કેટલીક આદિવાસી જાતિઓ પહાડોની ઉપર રહેવાને બદલે તળેટી વિસ્તારમાં નીચે રહેવા આવ્યા છે અને ત્યાં હળથી સ્થાયી ખેતી કરે છે પરંતુ જમીનને પાક પૂરતો થતો ન હોઈ તેઓ પરંપરાગત રીતે જંગલ બાળીને ખેતી કરવાની તેમની જૂની ખેતી પદ્ધતિ પહાડની ઉપરના ઢોળાવો પર પણ કર્યા કરે છે. આમ, તેઓમાં ફરતી ખેતી એક પૂરક વ્યવસાય તરીકે ઉપયોગમાં લેવાય છે.

(3) ત્રીજું જૂથ એવું છે કે જે હજુ પણ પરંપરાગત રીતે જંગલ બાળીને હાથથી જ હળ વિના ખેતી કરે છે.

**ફરતી ખેતીમાં શ્રમનું સ્વરૂપ :**

ફરતી ખેતીમાં સ્થાયી ખેતી કે પગથિયા (Terrace)- ખેતી કરતાં શ્રમનું સ્વરૂપ ઘણું જુદું જોવા

મળે છે. મોટે ભાગે આ પ્રકારની ખેતી એ સામૂહિક પ્રકારના શ્રમવાળા સ્વરૂપની જોવા મળે છે. જેમાં એક કુટુંબ, ગોત્ર, ફળિયા કે ગામના લોકો સાથે મળીને ખેતીનાં બધાં કાર્યો કરે છે. આ પ્રકારની ખેતીમાં માનવશ્રમ અને ખેતી માટેની જમીન એમ બે પરિબળો ઉત્પાદનની દૃષ્ટિએ મહત્ત્વનાં દેખાય છે.

આ પ્રકારની ખેતીનું સ્વરૂપ વધુ માનવશ્રમ માગનારું દેખાય છે. આ માનવશ્રમ પણ વધુ સખત પ્રકારનો હોઈ તેમાં મહદ્ અંશે લગ્ન અને વધુ પુખ્ત વયની વ્યક્તિઓની આવશ્યકતા જણાય છે. આ ખેતીમાં લગ્ન દ્વારા પત્ની એ શ્રમ કરનાર એક મહત્ત્વના પરિબળ તરીકેની અગત્ય ધરાવે છે. ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આ ખેતી 'ઝૂમ ખેતી' તરીકે ઓળખાય છે. ત્યાં સગાઈ થાય એટલે પુરુષ છોકરીને ત્યાં આવતો જતો થઈ જાય છે. આ સમયગાળાને 'જમાઈ-ખાતકા' તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમ્યાન જમાઈ ભાવી સસરાને ત્યાં તેમની ફરતી ખેતીના કાર્યમાં મદદકર્તા સાથી તરીકે કામ કરતો દેખાય છે. 'જુમિયા જાતિ'માં આ સ્થિતિ વધુ સ્પષ્ટ સ્વરૂપે જોવા મળે છે. આવો સમયગાળો 3 થી 5 વર્ષ જેટલો હોય છે.

આસામની ડફલા આદિવાસી જાતિમાં ફરતી ખેતી પ્રચલિત છે. (સાઈકિયા-1968). ત્યાં ખેતી માટે કોઈ મજૂર મળતા નથી અને સ્ત્રી એકમાત્ર ખેતીમાં કામ કરનાર વ્યક્તિ તરીકે મહત્વનું સ્થાન ધરાવે છે. તેથી તે જાતિમાં બહુ-પત્નીત્વની પ્રથા વિકસેલી જોવા મળે છે. જેમ વધુ સ્ત્રીઓ તેમ ખેતીમાં વધુ કામ કરનારા હાથ મળે છે તેવી માન્યતા છે. આ વિસ્તારમાં પહેલાં ગુલામી પ્રથા હતી તે પણ આ ખેત સ્થિતિ માટે કારણભૂત હતી તેમ માનવામાં આવે છે. હવે ગુલામી પ્રથા નાબૂદ થઈ છે અને બહુપત્ની પ્રથા એ એક વધુ સરળ રસ્તો તેમનામાં વિકસેલો દેખાય છે. આને કારણે અન્ય આદિવાસી સમુદાયોમાં પણ બહુપત્નીત્વનો રિવાજ વિસ્તરેલો છે. આમ, એક સામાજિક પ્રથા-રિવાજ ફરતી ખેતીને કારણે વિકસેલો દેખાય છે. આસામમાં કરબી ઍંગલોંગ વિસ્તારના એક ગામમાં માનવશ્રમની વિગતો પી.ડી.સાઈકિયા (1968)*માં નીચે પ્રમાણે દર્શાવે છે.

**ફરતી ખેતીના તબક્કા અને દર એકરે માનવશ્રમ માટે જરૂરી માણસોની સંખ્યાનું પ્રમાણ**

| | **ખેતીના તબક્કા** | **એકરદીઠ માણસ સંખ્યા** |
|---|---|---|
| 1. | ઝાડ-ઝાંખરાં કાપવાં અને જંગલની સફાઈ કરવી | 27 માણસો |
| 2. | હાથ લાકડી વડે જમીન ખોદવી અને હાથથી બી વાવવાં | 12 માણસો |
| 3. | નિંદામણ કરવું | 9 માણસો |
| 4. | પાક લણવો | 15 માણસો |
| | **કુલ** | **63 માણસો** |

આ ફરતી ખેતી બધું મળીને 3 થી 4 માસની ગણાય છે. અહીં નજીકનાં સગાંનો ઉપયોગ વધુ થતો જોવા મળે છે. આ ઉપરાંત સમગ્ર કુટુંબમાં અન્ય કાર્યો અને તેમાં શ્રમ-વિભાજન પણ વિશિષ્ટ પ્રકારનું જોવા મળે છે. ડૉ. મહાપાત્રે કોયા જાતિમાં આવા ખેતી સિવાય પૂરક ઘરનાં કાર્યોની સ્થિતિ વિશે માનવશ્રમની રજૂઆત દર્શાવી છે.

| **ક્રમ** | **કામની વિગતો** | **પુરુષ** | **સ્ત્રી** |
|---|---|---|---|
| 1. | મકાન બાંધવું/રિપેર કરવું | 20 | - |
| 2. | બંધાતા ઘરની ચોકી કરવી | 10 | - |
| 3. | સાધનો અને ઓજારો બનાવવાં | 10 | - |
| 4. | ફરતી ખેતીમાં મદદ કરવી/ મજૂરી | 150 | 100 |
| 5. | ઘરકામ | 30 | 150 |
| 6. | કંદમૂળનો સંગ્રહ કરવો, મચ્છીમારી, શિકાર કરવો | 30 | 50 |
| | **કુલ** | **250** | **300** |

* Saikia, P. D. : changes in Mikir Society : 1968 :

**ભારતમાં ફરતી ખેતીના પ્રદેશો**

| ક્રમ | દેશ | પ્રદેશ | આદિવાસી જાતિઓ | ખેતી પદ્ધતિનું નામ |
|---|---|---|---|---|
| 20 | ભારત | આસામ<br>અરુણાચલ<br>મેઘાલય<br>નાગાલૅન્ડ<br>મિઝોરમ<br>ત્રિપુરા, પ.બંગાળ<br>ઓરિસા<br>બિહાર, મ.પ્રદેશ<br>રાજસ્થાન<br>ગુજરાત, મહારાષ્ટ્ર<br>કર્ણાટક, આંધ્રપ્રદેશ<br>તામિલનાડુ, કેરાલા | અંબોર, ચકમા, ગારો, જાયંતિયા<br>ખાસી, લુસાઈ, મિકીર, મિઝો, નાગા<br>ડફલા, પદમ, ગેલોંગ, તંગ્સા,<br>વાગ્યો, અકા, સિંગપો, મેનપા,<br>મિશ્મી, મિનયાંગ<br>સેમા, આઓ, લોહટા, કોન્યાક<br>રેંગ્મા, તાંગખુલ, અંગામી,<br>કોન્યાક નાગા, આઓ નાગા, રિયાંગ<br>ભૂઈયા, બોન્ડા, ગડાબા, જટાપુ<br>કમાર, કંધ, કોયા, પરજા, સખોરા,<br>માલેર, માલ પહરિયા, સૈરિયા,<br>પહરિયા, બૈગા, અગરિયા, કોરવા,<br>ભારિયા, મારિયા, ભીલ, સહરિયા,<br>મીણા, બાગરી, જોગી, ગરાસિયા,<br>ભીલ, કુકણા, માવચી, વાટલી,<br>કાતકારી, મવેલી, ભીલ, મારિયાગેન્ડ<br>ઠાકુર, વાક્કલ, કુમબી, કમાટ,<br>માલકેડિયા, હિલરેડ્ડી, કમ્માર,<br>કોયા, કોલમા, ખોન્ડ, કોન્ડારેડ્ડી<br>કોન્ડાકાપુસ, નાયક, પોટયા,<br>સપર, ઈહલા, કાદર, માડીગાર,<br>માલસર, માલકુડિયાર, પુલિયા,<br>પનિયન, નાઈકર, ઇહલા,<br>કુરુમ્બા, માલાનાઈકન વગેરે. | ઝૂમ<br>દહીયા, પોડુયામ |

**ફરતી ખેતીના પ્રદેશ અને લોકો :**

ભારતના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં જ્યાં ફરતી ખેતી થાય છે તેને સામાન્ય રીતે ‘ઝૂમ (Jhum)’ તરીકે ઓળખવામાં આવે છે. છતાં વિવિધ પ્રદેશો અને લોકોમાં તે અલગ-અલગ નામે પણ ઓળખાય છે. મેઘાલય પ્રદેશના ગારો જાતિના લોકો તેને બોગમાં (Bogma) તરીકે ઓળખે છે. ખાસી લોકો શર્ટિ (Shyrti) કે લ્યાંગ ખ્યાલુમ તરીકે ઓળખે છે. આસામની મિકીર જાતિ તેને ‘રીત (Rit)’ મણિપુરની આઓ નાગા જાતિ ‘તેકોંગલુ (Tekonglu)’, લુશી પર્વતના આદિવાસીઓ ‘આડિયાબીક’, ત્રિપુરા વિસ્તારની રિયાંગ જાતિ ‘હુકુઈસ્માંગ’ તરીકે ઓળખાવે છે. જ્યારે મધ્ય ભારતમાં કોયાજાતિ લાનકાપ એડઆનાદ તરીકે, ઉત્તર ઓરિસાના ભૂઈયા લોકો ‘રેમો, દાખીકામન કે બીરીંગા’ તરીકે

ઓળખાવે છે. દક્ષિણ ઓરિસામાં 'ગુડિઆ, બાગડા, સબન ડોગાર ચારા' અથવા 'પોડુ' તરીકે ઓળખાય છે. આ વિસ્તારની બિરજીયા જાતિ 'બેઓનરા' તરીકે તથા છોટાનાગપુર વિસ્તારની માલેરજાતિ 'કુરવા' અને અન્ય વિસ્તારમાં 'બેવર', 'દહિયા' અથવા 'પેંડા' તરીકે પણ ઓળખાવે છે. આંધ્રપ્રદેશમાં હિલ રેડ્ડીજાતિ તેને 'પોડુ' તરીકે ઓળખે છે.

આ ખેતીનાં લક્ષણોમાં પ્રાદેશિક વિસ્તારના સંદર્ભમાં કેટલીક વિવિધતાઓ જોવા મળે છે. ઉત્તર-પૂર્વ વિસ્તારમાં સૌથી વધુ ફરતી ખેતી થતી જોવા મળે છે. તેનાં લક્ષણો જોઈએ તો : (1) ક્રમિક રીતે ખેતરો બદલવાં (2) વિસ્તારની સફાઈ અને બાળવું. (3) પુનઃફળદ્રુપતા માટે અમુક વર્ષો માટે જમીનને પડતર રહેવા દેવી. (4) ખેતીમાં મુખ્યત્વે માનવશ્રમનો જ ઉપયોગ. (5) આ ખેતી માટે કોઈ પ્રકારના પશુનો ઉપયોગ કરવામાં આવતો નથી. (6) આ ખેતી માટે હળનો ઉપયોગ થતો નથી અને સાદાં પ્રાથમિક સાધનો જેવાં કે અણીવાળી લાકડી, કુહાડીનો મુખ્યત્વે ઉપયોગ થાય છે. (7) સમગ્ર ખેતીનું સ્વરૂપ સહિયારું છે. (8) ખેતીનાં ખેતરો ફરતે જંગલી પશુઓ પકડવાનાં છટકાં ગોઠવીને શિકાર પ્રાપ્ત કરવાની આડપેદાશ થાય છે.

વિદ્વાન પ્રો. એલ. પી. વિદ્યાર્થી (1980) દર્શાવે છે કે ભારતમાં કુલ 17 રાજ્યોમાં ફરતી ખેતી વત્તાઓછા સ્વરૂપે કોઈ ને કોઈ પ્રકારે થાય છે.

**દેશનાં વિવિધ રાજ્યો અને પ્રદેશો ફરતી ખેતીની સ્થિતિ (1956) મુજબ**

| ક્રમ | રાજ્ય | ફરતીખેતી કરતાં જૂથો | આ ખેતી પર નભતાં આદિવાસી કુટુંબો | નભતી કુલ | ફરતી ખેતી જમીન | ઉગાડવામાં આવતા પાકો |
|---|---|---|---|---|---|---|
| 1. | આસામ | 9 | 194000 | 970000 | 512000 | ચોખા, કપાસ, નારંગી, મરચાં, યામ્સ, શાકભાજી |
| 2. | ઓરિસા | 20 | 200000 | 1000000 | 400000 | ચોખા, કઠોળ, હળદર, ફળઝાડ |
| 3. | આંધ્રપ્રદેશ | 10 | 40000 | 200000 | 96000 | – |
| 4. | બિહાર | 5 | 2300000 | 115000 | 400 | ચોખા, બાજરી, શાકભાજી, કઠોળ |
| 5. | મધ્યપ્રદેશ | 15 | 600 | 30000 | 44000 | બાજરી, તેલીબિયાં, કઠોળ |
| 6. | મહારાષ્ટ્ર | 10 | 5000 | 25000 | 723000 | ચોખા, બાજરી, તેલીબિયાં |
| 7. | મૈસૂર | 5 | 2800 | 14000 | 2500 | બાજરી, તેલીબિયાં, મરચાં |
| 8. | કેરાલા | 15 | 2000 | 10000 | 54000 | ચોખા, બાજરી, બટાકા, કપાસ, તેલીબિયાં |
| 9. | મદ્રાસ | 5 | 440 | 2200 | 3000 | પહાડી ચોખા, બાજરી, મકાઈ, ફળઝાડ |
| 10. | ઉત્તરપ્રદેશ | 2 | – | – | 200 | – |

**પ્રદેશવાર ચર્ચા નીચે પ્રમાણે છે :**

1.આસામ : આસામમાં ફરતી ખેતીને 'ઝૂમ ખેતી' તરીકે ઓળખવામાં આવે છે. મોટા ભાગે પર્વતીય વિસ્તારમાં વસતા આદિવાસીઓ આ ખેતી કરે છે. જેમાં મુખ્યત્વે ગારો, નાગા, મિઝો, મિકીર વગેરે આદિવાસી જાતિઓ આ ખેતી કરે છે. (Kith D. 1956).

આ આંકડાઓ આદિવાસી કુટુંબના જીવનમાં જાતમજૂરી કરીને કરવાનાં ખેતી અને અન્ય કામોમાં જરૂરિયાત માનવશ્રમ અને તેના સ્ત્રી-પુરુષના પ્રમાણનો એક આછો ખ્યાલ આપે છે. આ પ્રકારની ખેતી હળ વિનાની, કોઈ અન્ય ઇજનેરી ટૅકનિક વિનાની, સિંચાઈ, ખાતરના ઉપયોગ વિનાની ભારે પરિશ્રમવાળી માત્ર હાથ વડે કરાતી ખેતીનું સ્વરૂપ છે. જેમાં વધુ માનવ- હાથની જરૂર પડે છે અને વધુ સખત પરિશ્રમવાળી ખેતી છે.

વિવિધ પ્રદેશ અને આદિવાસી જાતિઓના સંદર્ભમાં થોડી વિવિધતા જણાય છે. મેઘાલય વિસ્તારની ઝુમિયા જાતિમાં આ ખેતીમાં પુરુષના શ્રમનું મોટું મૂલ્ય દર્શાવવામાં આવ્યું છે. ખાસ કરીને ભારે મજૂરીવાળાં – વૃક્ષો કાપવાં, જંગલની સફાઈ જેવાં કાર્યો ગણવામાં આવે છે. જ્યારે સ્ત્રીઓ થોડી ઓછી મજૂરીવાળાં કાર્યો, નિંદામણ, લણવું, પાકની દેખરેખ વગેરે જેવાં કાર્યો કરે છે. આ જ વિસ્તારના ખાસી અને જાયંતિયા (પર્વતોમાં રહેતા) લોકોમાં ફરતી ખેતી માટે હવે ખેતમજૂરોનો ઉપયોગ કરવાનું જોવા મળે છે. અરુણાચલ પ્રદેશમાં આપાતાની જાતિમાં મુખ્યત્વે ચોખાની ખેતી થાય છે. ત્યાં ભારે શ્રમવાળાં કાર્યો પુરુષો કરે છે અને હળવા શ્રમવાળાં કાર્યો – ડાંગરનાં ધરૂ રોપવાં, લણવું, કૂટવું વગેરે સ્ત્રીઓ કરે છે. જ્યારે ખેતર તૈયાર કરવાનું કાર્ય પુરુષો કરે છે. આ વિસ્તારની પદમ જાતિમાં લગ્ન દ્વારા સ્ત્રી લાવવાનું અને મજૂરી માટે સરળ ઉપાય ગણાય છે. જ્યારે તાંગ્યા જાતિમાં ખેતરમાં શ્રમ કરવામાં મહદ્ અંશે સગાંઓનો ફાળો મહત્ત્વનો ગણાય છે. પરસ્પર એકબીજાં સગાં એકબીજાને ખેતર તૈયાર કરવા અને પાક લેવા વગેરેમાં મદદ કરવાની પોતાની ફરજ સમજે છે.

વિદ્વાન મહાપાત્ર કોયા જાતિના અભ્યાસમાં દર્શાવે છે કે ત્યાં ભારે શ્રમવાળાં કાર્યો મહદ્ અંશે પુરુષો કરે છે જેમાં જંગલની સફાઈ, વૃક્ષોનું કાપવું, તેની છાલ ઉતારી સૂકવવાં અને બાળવાં જેવાં કાર્યો કરે છે. 0.8 હેક્ટરમાં 42 માણસો 8 કલાક જેટલું કામ કરે છે. (1969-70) બિહારમાં માલેર જાતિમાં સમગ્ર કુટુંબ આ ખેતીકાર્યમાં લાગે છે અને વધારાના ખૂટતા શ્રમ માટે તેઓને સાંથાલ અને માલ પહરિયા જાતિ મદદ કરે છે અને હવે જંગલ કોન્ટ્રેક્ટરો જંગલ બાળવા માટે કાપી આપે છે અને પછીની બીજી બધી કામગીરી ખેતી કરનાર કુટુંબ કરે છે. આંધ્રપ્રદેશમાં કોયા જાતિ ફરતી ખેતી પ્રથાને 'પોડુ' તરીકે ઓળખે છે. આ ખેતીના શ્રમમાં કુટુંબના સભ્યો ઉપરાંત સગાંવહાલાં મદદ કરે છે. અંદાજે એક મધ્યમ સંખ્યાનું કુટુંબ 4 એકર જેટલી જમીન આ માટે તૈયાર કરે છે. આમ અહીં પણ ખેતી માટેનો પ્લૉટ પ્રમાણમાં મોટો હોવાથી પ્રાથમિક સ્વરૂપે વધુ માણસોના શ્રમની જરૂર પડે છે. જેમાં સગાંઓ વધુ ઉપયોગી બનતાં જોવા મળે છે. આ રીતે અહીં પણ સહકારી ધોરણે થતી ખેતીનું સ્વરૂપ દેખાય છે. આમ, આપણે સમગ્રપણે જોઈએ તો ફરતી ખેતી પ્રકાર માટે જમીનનો આકાર-પ્રમાણ-વિસ્તાર ઘણા મોટા જરૂરી બને છે. તથા તે માટે વધુ કઠણ પરિશ્રમ અને વધુ માણસોના શ્રમની આવશ્યકતા રહે છે. આ સંદર્ભમાં ક્યાંક જમાઈ, અન્ય સગાં, ગુલામોનો ઉપયોગ, મજૂરો દ્વારા કે જંગલ કોન્ટ્રેક્ટરનો સહયોગ પ્રાપ્ત થતો જોવા મળે છે. એકંદરે તે સહકારી ધોરણે અને વધુ લોકોના શ્રમવાળી વધુ વિશાળ જમીન-વિસ્તારને આવરી લેતી હોય એવી પ્રાથમિક પ્રકારની ખેતી પદ્ધતિ છે.

**અન્ય આધાર :** આ ખેતી પદ્ધતિ મર્યાદિત સમય પૂરતી અને વર્ષમાં મુખ્યત્વે માત્ર એક જ ફસલ આપનારી ખેતી છે. જેમાં બીજા વર્ષથી ઉત્પાદન પ્રમાણમાં ઘટતું જાય છે તેથી તે કુટુંબના નિભાવ માટે સમગ્ર વર્ષ માટે પૂરતું ઉદ્ઘાટન આપતી નથી. આથી તેની સાથે બીજી પૂરક આર્થિક પ્રવૃત્તિઓ કરવી જરૂરી બને છે. જેમાં જંગલ ઊપજ ભેગી કરવી, શિકાર કરવો, માછલાં

પકડવાં, છૂટક મજૂરી જેવી પ્રવૃત્તિમાં જોડાઈને માંડ માંડ પેટ ભરવા મળે છે.

ભારતમાં ફરતી ખેતી મુખ્યત્વે જંગલોનો ભેજવાળો વિસ્તાર છે તેમાં મુખ્યત્વે થતી જોવા મળે છે. આ સંદર્ભમાં દેશનું ત્રણ પ્રકારનું વિભાજન દર્શાવવામાં આવે છે. (1) ઉત્તર અને ઉત્તર-પૂર્વ વિસ્તાર (2) મધ્ય અને પશ્ચિમ ભારત અને (3) દક્ષિણ ભારતનો જંગલવાળો વિસ્તાર.

**1. ઉત્તર અને ઉત્તર-પૂર્વ જંગલ વિસ્તાર :**

આ વિસ્તારમાં હિમાલયની પૂર્વ પર્વતમાળાઓ જેમાં નાગાલૅન્ડ, ગારો હિલ્સ, ખાસી પર્વતો, મીઝો પર્વતો, ઓરિસ્સાનો પહાડી પ્રદેશ તથા છોટાનાગપુરનો પર્વતાળ વિસ્તાર ઉપરાંત અરુણાચલ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ અને ત્રિપુરા, પશ્ચિમબંગાળા, ઓરિસા અને બિહાર રાજ્યોનો સમાવેશ થાય છે.

આ વિસ્તારમાં વિવિધ આદિવાસી જાતિઓ વસે છે જેમાં મુખ્યત્વે લેપચા, મીરા, કચાઈ, નાગા, મિશ્મી, આપાતાની, ડફ્લા, લુશાઈ, ગેલૉંગ, નોએટિયા, રિઆંગ, ગડબા, જુઆંગ માલેર વગેરે જાતિઓ ફરતી ખેતી સાથે સંકળાયેલી જોવા મળે છે.

**2. મધ્ય અને પશ્ચિમ ભારત :**

આ વિસ્તારમાં વિંધ્ય પર્વતની પર્વતમાળાઓ જે મધ્યપ્રદેશમાં વિસ્તરેલી છે, સાતપુડાની પર્વતમાળાઓ દક્ષિણ મધ્યપ્રદેશમાં ફેલાયેલી છે તથા અરવલ્લીની હારમાળાઓ રાજસ્થાન અને ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ આવરી લે છે. આ વિસ્તારમાં મુખ્યત્વે મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં અનેકવિધ આદિવાસી જાતિઓ દરેક રાજ્યોમાં જોવા મળે છે. જેમાંની ફરતી ખેતી સાથે સંકળાયેલી જાતિઓમાં સખોરા, મલસોર, ખોંડ, હો, ભૂમિજ, કોરવા, ગોન્ડ, ભીલ, બૈગા, મુરિયા, મારિયા, મધ્યપ્રદેશની જાતિઓ છે. જ્યારે મહારાષ્ટ્રમાં કાલકી, કતકારી, કમાર, મટાહટા, મારિયા ગોન્ડ, ઠાકુર અને વક્કાલ જાતિઓનો સમાવેશ થાય છે.

**3. દક્ષિણ ભારત :**

આ પ્રદેશમાં ગોદાવરી નદીથી, દક્ષિણમાં કૃષ્ણ નદીનો વિસ્તાર તથા નાલામલ્લી પર્વતો, જાવદી પર્વત, નીલગીરી પર્વતો, શેવારોય પર્વતો અને કારદામોન પર્વતમાળાઓનો સમાવેશ થાય છે. જેમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરાલા અને તામિલનાડુ રાજ્યનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં જેઓ ફરતી ખેતી સાથે સંકળાયેલી છે તેવી આદિવાસી જાતિઓમાં મુખ્યત્વે આંધ્રપ્રદેશની કુરુનબી, બગાટા, ગડબા, કમાર, ખોંડ, ખોંડધાર, કોન્ડા-કાપુસ, કોન્ડા-રેડ્ડી, કોયા, માલી, માન્નુ નાયક, પોરયા, રેના, સામનાથુ, સવરા વગેરેનો સમાવેશ થાય છે. કર્ણાટક રાજ્યમાં બેટ્ટાકુરૂમ્બા, જેનાકુરૂમ્બા, કુમાન, કુનબી, માલકુડીઆ, મારાતી અને સોલીગા વગેરે છે. કેરાલા રાજ્યમાં આ ખેતી સાથે સંકળાયેલી જાતિઓમાં ઈરૂલા, કાદર, કુરુંબા, કુરૂચિયા, મુન્ડુગાર અને પનિયન જાતિઓનો સમાવેશ થાય છે.

ઢેબર કમિશન અહેવાલ 1962 પ્રમાણે ફરતી ખેતીનો સમગ્ર ભારતમાં 1.4 મિલિયન એકર એટલે અંદાજે 5,60,000 હેક્ટર વિસ્તાર ફરતી ખેતીવાળો દર્શાવ્યો છે. આ અહેવાલે સૂચવ્યું છે કે ફરતી ખેતીને બદલવાના સંદર્ભમાં આદિવાસી અર્થવ્યવસ્થાને પ્રાથમિક સ્થાન આપવું અને દેશની અર્થવ્યવસ્થાને સામાન્ય સ્થાન આપવું તેમ સૂચવ્યું છે. એ સમય દરમ્યાન ડી. સી. કાઈથ દ્વારા 1958નો સર્વે થયો. તેમાં 12 રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.* તે વખતે 109 આદિવાસી જાતિઓની કુલ 26,44,200 આદિવાસી વ્યક્તિઓનો સમાવેશ થાય છે અને દર વર્ષે ફરતી ખેતી માટે 4,39,918 એકર જમીન આ ખેતી માટે ઉપયોગમાં લેવાય છે.

ભારતમાં ડી. સી. કેઈથનો આ અભ્યાસ અને તેની વિગતો તુલનાત્મક દૃષ્ટિએ સમજવામાં ઉપયોગી

* D. C. Kaith, 1958; Shifiting Cultivation Practices in India, New Delhi. ICAR

થશે તે હેતુથી તેમની 1952ની વિગતો પ્રથમ દર્શાવવામાં આવી છે અને પછી ભારત સરકારે ફરતી ખેતીને બદલવા માટે કરેલા પ્રયત્નોને છેલ્લે જોવાનો પ્રયત્ન કરીશું.

શ્રી ડી. સી. કેઈથ દ્વારા દર્શાવેલા કોઠાઓમાં સમગ્ર ભારત દેશનાં રાજ્યોમાં ફરતી ખેતી જે વિસ્તારોમાં થાય છે તેનો સંયુક્ત અને પછી રાજ્યવાર ફરતી ખેતીની વિગતોને આપવાનો પ્રપાસ થયો છે તે જોઈએ.




Figure 1.1 : India's forests

**ભારતમાં વિવિધ રાજ્યોમાં ફરતી ખેતી**

| ક્રમ | રાજ્ય<br>(1) | આદિ.જૂથ સાથે સંખ્યા<br>(2) | આ ખેતી પર નભતાં કુલ આદિ. કુટુંબ સંખ્યા<br>(3) | આ ખેતી પર નભતી કુલ આદિ. વસ્તી<br>(4) | ફરતી ખેતી માટે ઉપયોગમાં લેવાતી જમીન વિસ્તાર<br>(5) | ફરતી ખેતીમાં ઉગાડવામાં આવતા પાકો<br>(6) |
|---|---|---|---|---|---|---|
| 1. | આસામ | 9 | 194000 | 970000 | 512000 | ચોખા, રૂ, નારંગી મરચાં, કંદ, શાકભાજી |
| 2. | ઓરિસ્સા | 20 | 200000 | 1000000 | 400000 | ચોખા, કઠોળ, હળદર ફળઝાડ |
| 3. | આંધ્રપ્રદેશ | 10 | 40000 | 200000 | 9600000 | – |
| 4. | બિહાર | 5 | 23000 | 115000 | 400 | ચોખા, બાજરી, શાકભાજી, કઠોળ |
| 5. | મધ્યપ્રદેશ | 15 | 600 | 30000 | 44000 | બાજરી, તેલીબિયાં, કઠોળ |
| 6. | મુંબઈ રાજ્ય | 10 | 5000 | 25000 | 723000 | ચોખા, બાજરી, તેલીબિયાં |
| 7. | મૈસૂર | 5 | 2800 | 14000 | 2500 | બાજરી, તેલીબિયાં, મરચા |
| 8. | કેરાલા | 15 | 2000 | 10000 | 54000 | ચોખા, બાજરી, બટાકા, રૂ, તેલીબિયાં |
| 9. | મદ્રાસ | 5 | 440 | 2200 | 7000 | પહાતી ચોખા, બાજરી, મકાઈ, ફળઝાડ |
| 10. | ઉત્તરપ્રદેશ | 2 | – | – | 200 | – |

**પ્રદેશવાર વિગતો નીચે પ્રમાણે છે.** (શ્રી કેઈથ દ્વારા 1958ની વિગતો)

**1. કેન્દ્રશાસિત રાજ્યો :**

| ક્રમ | રાજ્ય<br>(1) | આદિ.જૂથ સાથે સંખ્યા<br>(2) | આ ખેતી પર નભતાં કુલ આદિ. કુટુંબ સંખ્યા<br>(3) | આ ખેતી પર નભતી કુલ આદિ. વસ્તી<br>(4) | ફરતી ખેતી માટે ઉપયોગમાં લેવાતી જમીન વિસ્તાર<br>(5) | ફરતી ખેતીમાં ઉગાડવામાં આવતા પાકો<br>(6) |
|---|---|---|---|---|---|---|
| 1. | મણિપુર | 3 | 36000 | 133000 | 54000 | બાજરી, બટાકા, રૂ, તેલીબિયાં |
| 2. | ત્રિપુરા | 10 | 19100 | 95500 | 116900 | ચોખા, રૂ, શણ, શેરડી, શાકભાજી |
| 3. | અન્ય | | | | | |
| | કુલ | **109** | **528940** | **2644200** | **1344300** | |

**2. આસામ રાજ્ય : (મેઘાલય વિસ્તારના આંકડા સહિત)**

| ક્રમ | પ્રદેશ | વાર્ષિક ખેતી વિસ્તાર | કુલ વસ્તી |
|---|---|---|---|
| 1. | ગારો પર્વતો | 125 | 190000 |
| 2. | યુનાઈટેડ મિકીર હિલ્સ, નોર્થ કચાર પર્વતો | 75 | 10900 |
| 3. | યુનાઈટેડ ખાસી જાયંતિયા પર્વતો | 200 | 300000 |
| 4. | નાગા પર્વતો | 125 | 200000 |
| 5. | મિઝો, લુશાઈ પર્વતો | 120 | 180000 |
| 6. | કામરૂપનો વિસ્તાર | 150 | - |
| | **કુલ** | **795** | **979000** |

**3. બિહાર રાજ્ય :**

આ રાજ્યમાં ફરતી ખેતી કરતાં મુખ્ય બે આદિવાસી જૂથો જોવા મળે છે. જેમાં સિંગભૂમ વિસ્તારમાં ખરિયા જાતિ છે અને સાંથાણ પરગણામાં માલેર જાતિ મુખ્ય છે. વિગતો નીચે પ્રમાણે છે. (1958)

| ક્રમ | વિસ્તાર | ફરતી ખેતી વિસ્તાર એકર | વસ્તી સંખ્યા |
|---|---|---|---|
| 1. | સિંગભૂમ વિસ્તાર | 40 એકર | 150 |
| 2. | સાંથાલ પરગણા | 400 એકર | 1500 |
| | **કુલ** | **440 એકર** | **1650** |

**4. બૃહદ મુંબઈ રાજ્ય :**

તે સમયે ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોનો સંયુક્ત વહીવટ હતો. ત્યારે ફરતી ખેતીના વિસ્તારોમાં કોલાબા, ડાંગ, બેલગામ, કનારા જિલ્લાઓનો સમાવેશ થાય છે. કોલાબા જિલ્લામાં ફરતી ખેતી કરનાર આદિવાસી જાતિ ઠાકુર અને કાતકારી જાતિઓ મુખ્ય છે. ડાંગમાં કુનબી, કોકણા, વારલી, માવચી અને ભીલો મુખ્ય છે. બેલગામ જિલ્લામાં કીરમ્બી જાતિ મુખ્ય છે. (આંકડા 1952 - કેઈથ).

| ક્રમ | જિલ્લાઓ | દર વર્ષ ફરતી ખેતી હેઠળ વિસ્તાર | આ ખેતી કરનાર આદિવાસી વસ્તી |
|---|---|---|---|
| 1. | કોલાબા (અંદાજે) | 8000 | 13000 થી 15000 |
| 2. | ડાંગ (અંદાજે) | 64000 | 8000 થી 10000 |
| 3. | બેલગામ (અંદાજે) | 1266 | 3000 |
| 4. | કનારા (અંદાજે) | 783 | 10000 |
| | **કુલ** | **74049** | **34000 થી 38000** |

**5. મદ્રાસ :**

આ વિસ્તારમાં ફરતી ખેતી મુખ્યત્વે કોઈમ્બતૂર, મલબાર, વાલુવંડ અને નીલગીરીના પહાડી વિસ્તારોમાં વસતા આદિવાસી જૂથો કરે છે. કોઈમ્બતૂર વિસ્તારમાં કાદર, માલાબાર અને પુલિયન જાતિઓ આ ફરતી ખેતી કરે છે. તેઓ રાગી, પહાડી ચોખા અને કંદ ઉગાડે છે. એક ખેતર પર તેઓ સતત પાંચ વર્ષ સુધી ખેતી કરે છે; પછી જમીન બદલે છે.

મલબાર વિસ્તારમાં અટ્ટા પેડીની ખીણમાં મુડુગર, કુટુમ્બા, ઈરલા આદિવાસી જાતિઓ આ ખેતી કરે છે. તેઓ એક જ ખેતરમાં 2 થી 3 વર્ષ સુધી ખેતી કરે છે.

પછી જમીન બદલે છે. તેઓ જમીનને 3 થી 6 વર્ષ સુધી પડતર રાખે છે.

કારીરિયાર, પનિથાર, ઈફલર, માલનાઈકન આદિવાસી જાતિઓ ચિરાકકાલ તાલુકામાં ઉપરાંત, કોઝાખોડે, કોટાયમ, વ્યાનડ, કુરુમ્બરનાડ વિસ્તારોમાં ફરતી ખેતી કરે છે.

નીલગીરી વિસ્તારમાં ગુડાલુર તાલુકામાં પનિયાર, નાઈકેન અને કુરુમ્બાર જાતિઓ ફરતી ખેતી કરે છે. પર્વતીય ચોખા, રાગી, બાજરી તથા કંદ ઉગાડે છે.

દક્ષિણકનારા વિસ્તારમાં કુડિયા જાતિ આ પ્રકારની ખેતી કરે છે. તેઓ ફરતી ખેતીને 'કુમરી' તરીકે ઓળખે છે. તેઓ મુખ્યત્વે નિરિયા પહાડી વિસ્તારમાં રહે છે. એક ખેતરમાં 2-3 વર્ષ માટે ખેતી કરે છે. પછી પડતર રાખે છે.

**મદ્રાસ રાજ્યમાં ફરતી ખેતીના આંકડા (1956)**

| ક્રમ | વિસ્તાર | દર વર્ષે ફરતી ખેતી હેઠળનો વિસ્તાર એકર | આ ખેતી પર નિર્ભર લોકો સંખ્યા |
|---|---|---|---|
| 1. | કોઈમ્બતુર | 480 | 655 |
| | અન્નામલાઈ | 50 | 50 |
| | ઉલન્દી વિ. | | |
| 2. | મલબાર | 484 | - |
| | ઈરનાડ | 20000 થી | 7000 થી |
| | વાલુવડ | 25000 | 8000 |
| | | 29000 | 1418 |
| 3. | નીલગીરી | 2000 થી | 20000 થી |
| | ગુડાલુ | 2500 | 25000 |
| | દ.કનારા | 150 | 200 |
| | **કુલ** | **42528 થી 48022** | **29323 થી 33322** |

**6. મધ્યપ્રદેશ :**

મધ્યપ્રદેશમાં લગભગ 10 જિલ્લાઓમાં જંગલ વિસ્તારમાં વિવિધ આદિવાસી જાતિઓ ફરતી ખેતી કરે છે. તેઓ એક ખેતરમાં મહદ્ અંશે 2 વર્ષ સુધી સતત ખેતી કરે છે. તેમનું ખેતરને પડતર રાખવાનું ચક્ર 15 થી 20 વર્ષ જેટલું જોવા મળે છે. તેઓ મોટા ભાગે ચોખા, દિવેલા, તેલીબિયાં, મકાઈ, રાગી, બાજરી જેવા પાકો ઉગાડે છે.

**મધ્યપ્રદેશમાં જિલ્લાવાર ફરતી ખેતીની સ્થિતિ**

| ક્રમ | જિલ્લો | વાર્ષિક ફરતી ખેતી વિસ્તાર | ફરતી ખેતી પર નભતી સંખ્યા |
|---|---|---|---|
| 1. | દૂર્ગ | 1050 | 4420 |
| 2. | બસ્તર | 25000 થી 30000 | 13000 |
| 3. | છીંદવાડા | 4590 | 8160 |
| 4. | ચંદા | 700 | 552 |
| 5. | બેલાઘાટ | 2994 | 1217 |
| 6. | મંડલા | 120 | 230 |
| 7. | સરગુજા | 2000 | 5000 |
| 8. | રાયગઢ | 340 | 680 |
| 9. | બિલાસપુર | 2772 | 6930 |
| 10. | જરાપુર | 310 | 705 |
| | **કુલ** | **39876** | **40890** |

મધ્યપ્રદેશમાં જિલ્લાવાર સ્થિતિ જોઈએ તો આદિવાસી જાતિઓ ફરતી ખેતી કરે છે. આ ખેતી સ્વરૂપને તેઓ 'પેન્ડા' અથવા 'મશાન' તરીકે ઓળખે છે. ચંદા જિલ્લામાં કોડો અને ખેસરી જાતિઓ આ ખેતી કરે છે. બેલાઘાટ જિલ્લામાં બૈગા અને ગાન્ડ જાતિ આ ખેતી કરે છે. તેઓ આ ખેતીમાં કોડો, કુટકી, માડિયા, રામતીલા, ઔડી, કોંગ, સવા અને મકાઈ જેવા પાક ઉગાડે છે. મંડલા જિલ્લામાં મુખ્યત્વે બૈગા જાતિ આ ખેતી કરે છે. રાયગઢ જિલ્લામાં પાન્ડકોરવા અને મુંઝાવર જાતિઓ આ ખેતી કરે છે. તેઓ દર 2 વર્ષે ખેતી માટેની જમીન બદલે છે. તેમનું ખેતીનું ચક્ર 15 થી 20 વર્ષનું હોય છે. સરગુજા જિલ્લામાં કોરવા, કોરકુ, અગરિયા અને પેન્ડા જાતિઓ આ પ્રકારની ખેતી કરે છે. બિલાસપુર જિલ્લામાં મુખ્યત્વે બૈગા જાતિ આ ખેતી કરે છે અને તેઓ કોડો, કુટકી, દિવેલા, તેલીબિયાં વગેરે ઉગાડે છે. જશપુર જિલ્લામાં પહાડી કોરવા અને મહાજી જાતિઓ આ પ્રકારની ખેતી કરે છે.

**7. ઓરિસ્સા :**

આ રાજ્યમાં પહાડી વિસ્તાર રાજ્યની પશ્ચિમ દક્ષિણે આવેલો છે. આ વિસ્તારમાં રાજ્યના 7 જિલ્લાઓ આવેલા છે. આ બધા વિસ્તારનાં જંગલોમાં રહેતા આદિવાસીઓ મુખ્યત્વે ફરતી ખેતી કરે છે. સાથે મચ્છીમારી, વન્ય ઊપજ ભેગી કરવી તથા છૂટક મજૂરી પૂરક વ્યવસાય તરીકે કરે છે. 1956 પ્રમાણે ઉત્તર વિભાગમાં કોએન્જાર, સુંદરગઢ, ધનકાન અને સાંભલપુર જિલ્લાનો સમાવેશ થાય છે. જેમાં મુખ્યત્વે ભુઈયા, જુઆંગ, ઈરેન્ગાકોલ અને કોન્ચ જાતિઓ મહાનદીના ઉત્તર વિભાગમાં આવેલાં જંગલોમાં ફરતી ખેતી કરે છે. જ્યારે દક્ષિણ ઓરિસામાં કાલાહાંડી, ગંજામ અને કેપ્સપુર જિલ્લાઓ મુખ્યત્વે પહાડી કે જંગલ વિસ્તાર ધરાવે છે. જેમાં કુટિયા, કંધ, ભૂંજીયા, કમારકંધ, સઓરા, જલવા, પરોજા, ગડાબા, કોનીસ જાતિઓ રહે છે. જેઓ મુખ્યત્વે ફરતી ખેતી કરે છે. આ ખેતીને કંધ જાતિ ‘રામા’, ભૂઈયા જાતિ ‘બીરીંગા’ તો કોઈ ‘પોહ ગુડિયા’ અને ‘ચાસ’ ખેતી તરીકે પણ ઓળખાવે છે. જ્યારે સાંભલપુર વિસ્તારમાં તેને ‘દોહી’ તથા મધ્ય ઓરિસામાં તેને ‘તાઈલા’ તરીકે ઓળખાવે છે. આ રાજ્યમાં ફરતી ખેતીનો વિસ્તાર એકંદરે 13000 ચો.મા. એટલે 33800 ચો.કિમી. જેટલી થાય. આ ખેતી કરનારાં જૂથોની કુલ મળીને 12 કરતાં વધુ આદિવાસી જૂથો છે જેમની સંખ્યા 1100000 જેટલી થાય છે.

**ઓરિસામાં જિલ્લાવાર વસ્તી તથા ફરતી ખેતી પ્રદેશ (1956)**

| ક્રમ | જિલ્લાઓ | ફરતી ખેતી | આદિવાસી જાતિ | વસ્તી | સંકળાયેલી વસ્તી |
|---|---|---|---|---|---|
| (અ) | ઉત્તર ઓરિસ્સા | | | | |
| | (1) કોએન્જાર જિ. | 460 | ભુઈયા | 20000 | |
| | | | જુઆંગ | 800 | 28000 |
| | (2) સુંદરગઢ જિ. | 300 | ભુઈયા | 10000 | |
| | | | જુઆંગ | 1000 | |
| | (3) ધનકાન જિ. | 100 | ભુઈયા | 2600 | 2600 |
| | (4) સાંભલપુર જિ. | 560 | ભુઈયા | 2600 | |
| | | | કંધ | 8800 | 11400 |
| (બ) | દક્ષિણ ઓરિસા | | | | |
| | (1) કાલાહાંડી જિ. | 1000 | કંધ | 111000 | 119300 |
| | | | કુટિયા કંધ | 1300 | |
| | | | કામોર | 1600 | |
| | | | ભુઈયા | 5400 | |
| | (2) ગંજામ જિ. | 4500 | કંધ | 246000 | 330000 |
| | | | સઓરા | | |
| (ક) | કોરાપુર જિ. | 5000 | કંધ, સઓરા, જટાયુ પરોજા, ગડાબા, કોયા અન્ય | 887300 | 872300 |
| | કુલ | 11770 | | | 935700 |
| | અન્ય | 1230 | | અન્ય | 164300 |
| | | 13000 | | | 1100000 |

**8. રાજસ્થાન :**

રાજસ્થાન રાજ્યમાં દક્ષિણ-પૂર્વ વિસ્તારના પર્વતીય અને જંગલ વિસ્તારના ડુંગરપુર, ઉદેપુર અને કોરા જિલ્લામાં ફરતી ખેતી જોવા મળતી હતી. આ પ્રકારની ખેતીમાં મુખ્યત્વે ભીલ, સહરિયા, મીના, બાડારી, ગરાસિયા તથા ડુંગરપુર જિલ્લામાં જોગી તથા વાંસવાડામાં ઢોલી જાતિઓ મુખ્યત્વે સંકળાયેલા જોવા મળે છે. 1956માં ડી. સી. કીથ અનુસાર કુલ જમીન-વિસ્તાર 21,800 એકર છે એટલે 8720 હેક્ટર જમીન વિસ્તારનો સમાવેશ થાય છે.

પ્રદેશ તથા ફરતી ખેતી વિસ્તારની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | પ્રદેશ | ફરતી ખેતી વિસ્તાર એકર | હેક્ટર |
|---|---|---|---|
| 1. | વાંસવાડા જિલ્લો | 100 | 40 |
| 2. | ડુંગરપુર જિલ્લો | 100 | 40 |
| 3. | ઉદયપુર જિલ્લો | 200 | 80 |
| 4. | શાહાબાદ તાલુકો | 21300 | 8520 |
| 5. | છીપા બારોડ તાલુકો | 100 | 40 |
| | **કુલ** | **21800** | **8720** |

**9. ઉત્તરપ્રદેશ :**

ડી. સી. કીથ (1956) અનુસાર ઉત્તરપ્રદેશમાં માત્ર બે નાનાં પોકેટ જોવા મળે છે. (1) ઝાંસી જિલ્લાના લલિતપુરના જંગલ વિસ્તારમાં અને (2) હિમાચલ વિસ્તારમાં તહેરી ગઢવાલ જિલ્લામાં રૂપિન અને સુપિન વિસ્તાર અંશે ફરતી ખેતી થાય છે તેમ દર્શાવવામાં આવ્યું છે. ઝાંસી વિસ્તારના લલિતપુરનાં જંગલોમાં ત્યાંના હરિજનો આ પ્રકારની ખેતી સાથે સંકળાયેલા માલૂમ પડ્યા છે. તેઓ આ ખેતી દ્વારા જુવાર પકવતા હતા. તેઓ પોતાનાં ખેતરોમાં જંગલમાંથી ઘાસ, પાંદડાં, ડાળાં લાવીને બાળીને રાખ બનાવતા હતા અને એ રાખનો ખાતર તરીકે ઉપયોગ કરતા હતા. તેઓ ખેતરને હળ વડે ખેડી ખેતી કરતા હતા.

જ્યારે તેહરી ગઢવાલમાં લગભગ 200 એકરમાં ફરતી ખેતી થાય છે તેમ નોંધ જોવા મળે છે.

**10. મણિપુર :**

ડી. સી. કીથ (1956)ના નોંધ્યા પ્રમાણે આ રાજ્યમાં 22,35,947 હેક્ટરમાં 1,82,902 લોકો દ્વારા આ ખેતી થાય છે તેમ વિગતો દર્શાવી છે. આ વિસ્તારમાં તેને 'ઝૂમ' ખેતી કહે છે. જે કુકી, અંગામી, તાંગકુલ, મારિંગ, કાબુઈ અને કાચનાગા જાતિજૂથો પહાડના ઢોળો પર ખેતી કરે છે. મુખ્યત્વે ચોખા અને કઠોળ ઉગાડે છે.

**11. ત્રિપુરા :**

ઉત્તર ભારતમાં પૂર્વ-ઉત્તર વિસ્તારમાં આવેલું આ નાનું રાજ્ય છે. જેમાં જંગલ-પહાડી-વિસ્તારનાં 41,116 ચો. માઈલ જંગલમાંથી 66% એટલે 47000 હેક્ટર જમીનમાં ફરતી ખેતી થાય છે. આમ જોઈએ તો રાજ્યના જંગલનો ઘણો મોટો ભાગ આ પ્રકારની ખેતીવાળો છે. જેમાં મુખ્યત્વે 10 જેટલાં આદિવાસી જૂથો જેમની કુલ વસતી અંદાજે 95,500 જેટલા લોકોને સમાવેશ થાય છે.

**12. કર્ણાટક (મૈસૂર) :**

ડી. સી. કીથ (1956) પ્રમાણે દ. ભારતના કર્ણાટક (મૈસૂર) રાજ્યમાં અંદાજે બટ્ટા, કુટુંબા, જેનું કુટુંબા અને સોલિંગા જાતિઓ ફરતી ખેતી કરે છે. જેઓ વિવિધ પહાડી વિસ્તારમાં આ પ્રકારની ખેતી કરે છે. આ પ્રાદેશિક વિસ્તાર મુખ્યત્વે આઠ પર્વતીય માળાઓ છે : હનસુર ટેકરીઓમાં 14 હેક્ટર, હેગુડાઈનકોટે ટેકરીઓમાં 4 હેક્ટર, કાકાનાકોરે ટેકરીઓમાં 28 હેક્ટર વિસ્તાર, બંગુર ટેકરીઓમાં 10 હેક્ટર, આઈનુર ટેકરીઓમાં 12 હેક્ટર, ગુડાલ પેટ ટેકરીઓમાં 8 હેક્ટર, ચામરેંજ ટેકરીઓમાં 8 હેક્ટર અને બોન્ડીપુર વિસ્તારમાં 4 હેક્ટર જમીનમાં આ પ્રકારની ખેતી થાય છે. આ બધા વિસ્તારમાં બધાં બળીને કુલ 116 કુટુંબો સંકળાયેલાં છે. અને દાણા પગથી મસળીને કાઢવામાં આવે છે. ખેતરમાંથી દાણા ઘેર લઈ જતાં પહેલાં પૂજા કરવામાં આવે છે. નવું અનાજ દેવને ચઢાવવામાં આવે છે. પછી જ ઘરનાં સૌ તેનો ખાવામાં ઉપયોગ કરે છે. દાણાને ઘરમાં વાંસની કોઢીમાં ભરી મૂકવામાં આવે છે અને બીજી વખત ખેતરમાં વાવવા માટેનું બીજ અલગ કાઢી લઈને વાંસમાં કે માટીના વાસણમાં તેને મૂકીને સીલ કરી દેવામાં આવે છે.

## ઝૂમ ખેતીની વાર્ષિક પ્રવૃત્તિઓ

| ક્રમ | મહિનો | મુખ્ય પ્રવૃત્તિઓ |
|---|---|---|
| 1. | જાન્યુઆરી | ઝૂમ ખેતી માટે ખેતર તૈયાર કરવાં અને બાજરી-મકાઈ વાવેતર કરવું. આ ઉપરાંત કેટલાંક કંદમૂળ પણ વાવવામાં આવે છે. |
| 2. | ફેબ્રુઆરી | સ્થાનિક એક પ્રકારના ચોખાની વાવણી માટે ખેતર તૈયાર કરવાં. મકાઈ, બાજરી અને કંદનું વાવેતર. |
| 3. | માર્ચ | સ્થાનિક ડાંગરનાં બી વાવવાં. ટોપિયાકો કંદનું વાવેતર ચાલુ. |
| 4. | એપ્રિલ | સ્થાનિક ડાંગરનું વાવેતર ચાલુ. |
| 5. | મે | પુરુષો માટે ખેતીની કોઈ પ્રવૃત્તિ નહીં. પરંતુ ખેતરોમાંથી સ્ત્રીઓ દ્વારા નિંદામણ કાઢવું. |
| 6. | જૂન | |
| 7. | જુલાઈ | બાજરી, મકાઈ અને કેટલાંક કંદની લણણી કરવી. |
| 8. | ઑગસ્ટ | |
| 9. | સપ્ટેમ્બર | ડાંગર અને ટોપિયાકો કેદની લણણી કરવી. |
| 10. | ઑક્ટોબર | ઉપરાંત મકાઈ બાજરી વગેરે માટે ખેતર તૈયાર કરવાં. |
| 11. | નવેમ્બર | ટોપિયાકો કંદની લણણી |
| 12. | ડિસેમ્બર | ડાંગરના વાવેતર માટે ખેતર તૈયાર કરવું. |

## પાક પ્રમાણે ખેતી-વિષયક પ્રવૃત્તિઓ

| ક્રમ | પાકનું નામ | ખેતર તૈયાર કરવાં | બીજ વાવવું | પાક લણવો |
|---|---|---|---|---|
| 1. | ડાંગર | ડિસેમ્બરથી ફેબ્રુઆરી | માર્ચથી એપ્રિલ | સપ્ટેમ્બરથી ઓક્ટોબર |
| 2. | બાજરી | ઓક્ટોબરથી મધ્ય જાન્યુઆરી | મધ્ય જાન્યુઆરીથી મધ્ય ફેબ્રુઆરી | મધ્ય જુલાઈથી ઓગસ્ટ અંત |
| 3. | અફળસ કંદ | ઓક્ટોબરથી મધ્ય જાન્યુઆરી | મધ્ય જાન્યુઆરીથી મધ્ય ફેબ્રુઆરી | મધ્ય જુલાઈથી ઓગસ્ટ અંત |
| 4. | ટોપિયાકો કંદ | ઓક્ટોબરથી મધ્ય જાન્યુઆરી | ફેબ્રુઆરીથી માર્ચ સુધી | સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી |
| 5. | મકાઈ | ઓક્ટોબરથી મધ્ય જાન્યુઆરી | મધ્ય જાન્યુઆરીથી મધ્ય ફેબ્રુઆરી | જુલાઈ - ઓગસ્ટ |

ભારતમાં રાજ્યવાર ફરતી ખેતી – તેમાં રોકાયેલ જાતિ-પદ્ધતિનાં નામ

| ક્રમ | રાજ્ય | જિલ્લો | આદિવાસી જાતિ | ફરતી ખેતી પદ્ધતિ નામ |
|---|---|---|---|---|
| 1. | આસામ | કરબી, ઍંગલોંગ ઉત્તર કચાર હિલ્સ | એબોર, ચકમા, ડીમસા, ગારો,જાયંતિયા, કરબી ખાસી, લુશાઈ, લાલુંગ, મિકીર, મિઝો, નાગા | |
| 2. | અરુણાચલ | કામેન્ગ, લોહિત, સુબાનસુરી, તિરાપ, સિયાંગ | હિલમીરી, ડફલા, પદમ, ગેલોંગ, નેશી, સુલોંગ, તાગીન, ના, મારા, વાંગ્ચો, નોક્ટો, બોરીપાંગી, તાંગ્સા, ગાન્ગરી, અકા, મોનપા, સિંગપો, વાંગ્ચો, બારુન, બાંગી, રાનો, સિમાંગ, મિશ્મી, મિલ્જી, મિનિયેંતા | |
| 3. | મેઘાલય | ગારો હિલ્સ જાયંતિયા હિલ્સ | ખાસી, ગારો, જાયંતિયા, વાર પનાર | |
| 4. | નાગાલૅન્ડ | તેન્ગસાન્ગા | સેમા, આઓ, લોહટા, કોન્યાક, રેંગમા, તાંગખુલ, નાગા વગેરે | |
| 5. | મિઝોરમ | લુશાઈ હિલ્સ | લુશાઈ | |
| 6. | મણિપુર | મણિપુર પૂર્વ, મણિપુર દક્ષિણ | અંગામી, હમાર, કાબુઈ, કન્યાનગા, કુકી, માઓ, મારિંગ, તાંગખુલ | |
| 7. | ત્રિપુરા | સરદાર, ખોવાઈ, કૈલાશહર, કમાલપુર, ધરમનગર, ઉદયપુર, સોનેમુરા, બેલેનિયા, અમરપુર, સબડિવિઝન | ચકમા, ગારો, હલામ, ઝુમિયા, જમાતીયા, કુકી, લુશાઈ, નોઆટિયા, રિઆંગ, ત્રિપુરી | |
| 8. | પ. બંગાળ | જલપાઈગુરી | - | |
| 9. | ઓરિસા | કોએન્જાર, સુંદરગઢ, ધાનકનાલ, સાંભલપુર, કાલાહાંડી, ગંજામ, કોરાપુર, ફૂલબાની, બાગીગુડો, જયપોર, નલનાંગ સબડિથા | ભુઇયા, બિન્ઝીંયા, બૉન્ડા, ડિડાઈ, ઈરેન્ગાકોલ, ગડાબા, જટાયુ, જુઆંગ, કમાર, કંધ, કોયા, કુટિયાકંધ, પેન્ગો પરજા, સઓરા | |
| 10. | બિહાર | સિંગભૂમ, સાંથાલ પરગણા, રાંચી | બિરઝીયા, ખરિયા, માલેર, નોરવે, માલ પહરિયા, સૌરિયા, પહરિયા | |
| 11. | મધ્યપ્રદેશ | દુર્ગ, બસ્તાર, બિલાસપુર, છીંદવાડા, બાલાઘાટ, રાયગઢ, સરગુજા | અગરિયા, બૈગા, ભારિયા, ગોન્ડ, કમાર, કોનકુ, કોન્ડાકુ, કોરવા, માંઝી, મારિયા, મંઝવાર, માવસી, પાન્ડે | |

| | | | |
|---|---|---|---|
| 12. | રાજસ્થાન | | ભીલ, સહરિયા, મીણા, બાગરી, ગરાસિયા, જોગી, ઢોલી |
| 13. | ગુજરાત** | ડાંગ અને સુરત જિ.નો કેટલોક વિસ્તાર | ભીલ, કોકણા, કુનબી, માવચી, વારલી |
| 14. | મહારાષ્ટ્ર | કોલાબા, દ.ચંદા જંજીરા પેટા વિ. | ભીલ, હાલકી, કાતકારી, કુનબી, કુમટી, મરાઠા, કોનાકારી, મવેબી, મારિયા, ગોન્ડ, ઠાકુર, વાક્કલ, વારલી |
| | | **આદિવાસી જાતિઓ** | **વિસ્તાર** |
| 15. | કર્ણાટક | બિટ્ટા કુરુબા, જેનુ રૂરુબા, કુમબી, કુંબિયા, કુમાર, માલેકુડિયા, મરાટી, સોલિગા | બેલ્જિયમનો દુર્ગમ પહાડી વિસ્તાર, દ. કર્ણાટક જિલ્લો |
| | | **વિસ્તાર** | **આદિવાસિ જાતિઓ** |
| 16. | આંધ્રપ્રદેશ | અદિલાબાદ, શ્રી કાકુલામ જિ. એન્જસી વિ. પૂર્વ ગોદાવરી વિ. | બેગટા, ગડાબા, હિલરેડ્ડી, કમ્માર, ખોન્ડ, કોલમા, કોટિયાર, કોયા, કેન્ડાકાનપુર, કોન્ડા રેડ્ડી, રોન્ડ-ઢોર, માલિ, મન્ના-ઢોર નાયક, પોરયા, રેના, સમન્થા, સવરા |
| 17. | તામિલનાડુ | કોઉમ્બતૂર અને નીલગીરી પર્વતો | ઈરૂલા, કાદર, કુરુમ્બર, માડીગાર, મલાનાઈકન, માલસર, માલેકુડિયાર, નાઈકેર, પુલિયાર, પનિયન, શોલાગર |
| 18. | કેરાલા | અટ્ટાપાડી એમસોન, મલબાર જિ. અને વૌનવાનદ તાલુગ | ઈરૂલા, કુરૂમ્બા, કુરિચિયાર, મલાનાઈકન, મુડુગા, પનીયાર |

નોંધ : ** રોય બર્મન અને શર્મા તેમના અહેવાલમાં દર્શાવે છે કે 1956માં ફરતી ખેતી વિસ્તાર 947680 એકર જેટલો ભારતમાં હતો. જ્યારે મહાપાત્રા દર્શાવે છે કે 44,000 એકર હતો. મહાપાત્રાના આંકડા વધુ ચોક્કસ લાગ્યા છે. (પૃ. 35)

* B. K. Ray Burman અને P. S. Sharma તેમના લેખ 'Tribal Agriculture in India', Indian Journal of Agricultural Economic, Vol. 25, No.3, 1970, PP. 159-166.

ઢેબર કમિશન દર્શાવે છે કે 90.5 ટકા દેશના આદિવાસીઓ ખેતીમાં રોકાયેલા છે. જંગલો-પર્વતોમાં વસતા મોટાભાગના આદિવાસીઓ ફરતી ખેતી કરે છે. ઉત્તર પૂર્વ વિસ્તારના આદિવાસીઓ મુખ્યત્વે ડાંગર, મકાઈની ખેતી કરે છે અને દાણા છાંટીને ખેતી કરે છે.


આદિવાસી વિસ્તારોને ફરતી ખેતીનો પ્રશ્ન વિકટ છે. તે સારી નથી છતાં જૂની પ્રવૃત્તિ છોડીને નવી અપનાવવી માટે હજુ વર્ષો લાગશે. આ પ્રશ્ન

પર્યાવરણીય સામાજીક, ધાર્મિક, માન્યતાઓ, રિવાજો વગેરે સાથે સંકળાયેલ છે. પગથિયા ખેતીમાં તેઓ ફેરવી શક્યા. સ્થાઈખેતીમાં ફેરવી શકાય. કમિશન ફરતી ખેતીના ગેરફાયદા ઘટાડવા જમીનની ફળદ્રુપતા વધે તે માટે વૈજ્ઞાનિક પ્રયત્નો કરવા સૂચવે છે. ફરતી ખેતી કરનારાઓને મેદાની વિસ્તારમાં સ્થળાંતરિત હોવાને અવ્યવહારું દર્શાવે છે. છતાં આ કરવા માટે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા સૂચવે છે.

ડેબર કમિશનો સૂચનો - ફરતી ખેતી માટે :

૧. તેમને ખેડવા માટે પૂરતી જમીન આપવી તથા જમીનના પૂરતા હક મળે તેમ કરવું જોઈએ.
૨. સિંચઈની સગવડ શક્યતાંપૂરી પાડવી જોઈએ.
૩. સ્થાઈ ખેતી માટે પુનર્વસન થવા માગનાર લોકોને જમીન સાફ કરી ઘર, કૂવા, રસ્તા બાંધા એ સિંચાઈના કામોને હેતુની વ્યવસ્થા કરવી જોઈએ.
૪. ખેતી માટે બળદ, બિયારણ, ફસલ થાય સુધીનું ભરણ પોષણની વ્યવસ્થા કરવી જોઈએ.
૫. જમીન, હવામાન અને સિંચાઈને ધ્યાનમાં રાખીને બાગાયતી ખેતી માટે ઉત્તેજન આપવું જોઈએ અને તે માટે જરૂરી સગવડો આપવી જોઈએ.
૬. સ્થાઈ ખેતી કરનારાની વસાહત બધી રીતે સ્વાવલંબી અને તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. પીવાના પાણી, શાળા અને સહકારી મંડળીઓની સગવડો આપવી જોઈએ.

ટૂંકમાં, ભારતમાં ફરતી ખેતીનું ચિત્ર આ પ્રમાણે જોવા મળતુ.



**પગથિયા ખેતીને સુધાર**

# દહેજપ્રથા : કાયદેસર પ્રતિબંધિત છતાં સમાજમાં વ્યવહારિક રીતે પ્રચલિત

– ડૉ. ભાગ્યશ્રી રાજપૂત*

**સારાંશ :**

ભારતીય સમાજની પરંપરાઓ સ્ત્રીઓ સાથે સંકળાયેલી છે. મહિલાઓનું સ્થાન અત્યંત ગૌણ હોવા છતાં સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક પ્રથા-કુપ્રથાઓ, ધોરણો, મૂલ્યો, રીત-રિવાજો જાળવી રાખવાની કે તેને આગળ ધપાવવા માટેની જવાબદારી જાણે-અજાણે મહિલાઓના શિરે જ જોવા મળે છે. પ્રથા કે કુપ્રથાઓને સમાજમાં ટકાવી રાખવા માટે મહિલાઓને માધ્યમ બનાવવામાં આવે છે. પુરુષપ્રધાન ભારતીય સમાજમાં અનેક કુપ્રથાઓનો અંત આવ્યો, તેમ છતાં 'દહેજ' નામના સામાજિક દૂષણને આજે પણ સામાજિક ધોરણ તરીકે સ્વીકારવામાં આવે છે. ઔદ્યોગિકીકરણ, શિક્ષણ, ટૅક્નૉલૉજી, કાયદા-કાનૂન વગેરેનો જેમ-જેમ વિકાસ થતો આવ્યો છે તેમ-તેમ સમાજમાં દહેજપ્રથાનું સ્વરૂપ અને મહત્ત્વ બદલાયાં છે, પરંતુ આ પ્રથાને કારણે ભોગ માત્ર મહિલાઓ જ બને છે. ભારતીય સમાજમાં દહેજ આપવું અને દહેજ લેવું એ એક સામાજિક ધોરણ બની ગયું હોય તેમ કહી શકાય. જો આ સામાજિક ધોરણનો ભંગ કરવામાં આવે તો વ્યક્તિ દંડને પાત્ર બને છે. એવી જ રીતે દહેજ આપવા સક્ષમ ન હોય તે પરિવાર અને સ્ત્રી સતત રોજિંદા જીવનમાં શારીરિક-માનસિક ત્રાસ સહન કરે છે. જેને પરિણામે લગ્ન રદ કરવાં, સ્ત્રી-આત્મહત્યા, ઘરેલુ હિંસા, સ્ત્રી-હત્યા, લિંગ અસમાનતા, ભ્રૂણહત્યા, લગ્નેતર સંબંધો, કજોડા લગ્ન, છૂટાછેડા વગેરે જેવી અનેક નવી સમસ્યાઓનો જન્મ થાય છે. દહેજપ્રથા નાબૂદ કરવા વર્ષ 1961માં દહેજ પ્રતિબંધ ધારો (Dowry Prohibition Act) ઘડવામાં આવ્યો છતાં સમાજમાં દહેજપ્રથાને અનુસરવી મહત્ત્વની ગણાતી જોવા મળે છે. પ્રત્યેક સામાજિક વર્ગોમાં લગ્ન પહેલાં, લગ્ન સમયે અને લગ્ન બાદ દહેજ આપવું અને લેવું પ્રતિષ્ઠાની બાબત બની ગઈ છે. જેના કારણે દહેજપ્રથા વધુ ઝડપથી વિકસિત થઈ રહી છે. સુશિક્ષિત અને વિકસિત ભારતીય સમાજમાં દહેજ પ્રથાને સમસ્યા તરીકે તથા પ્રચલિત પ્રથા સ્વરૂપે દર્શાવીને મહત્ત્વની બાબતો રજૂ કરવાનો પ્રયત્ન પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો :**

દહેજ, ઘરેલું હિંસા, શોષણ, સાંસ્કૃતિક સંદર્ભ, ભારતીય સમાજ

**પ્રસ્તાવના :**

પ્રાચીન સમયથી આધુનિક યુગ સુધી ટકી રહેલી એકમાત્ર કુપ્રથા એટલે 'દહેજપ્રથા'. દહેજપ્રથા એક એવું દૂષણ છે, કે જેનો સમાજના આગેવાનો દ્વારા ખૂબ જ ચીવટતાથી અને માનભેર સમાજમાં વ્યવહારિક અમલ કરાવવામાં આવે છે. દહેજ લેવું કે આપવું ગંભીર ગુનો હોવા છતાં સમાજનાં ધોરણો, મૂલ્યો અને આગેવાનોનાં સરમુખત્યારપણાને કારણે ભારત અને વિશ્વના લગભગ તમામ દેશોમાં દહેજપ્રથા જુદા-જુદા સ્વરૂપે જોવા મળે છે. એન્ડરસન (Anderson,2003)એ દાવો કર્યો કે દહેજ જંગલની આગની જેમ વધી રહ્યું છે અને આ સામાજિક આફત વધુ ખરાબ બની રહી છે. ડાલમિયા અને લોરેન્સ (Dalmia & Lawrence, 2005) 'The Insititution of Dowry in India : Why it Continues ot Prevail'માં તો ત્યાં સુધી જણાવે છે કે, વહુઓને તેમનાં સાસરિયાંઓ દ્વારા દહેજના રૂપમાં તેમના પરિવારો પાસેથી મોટી રકમ, સોનું, તકનીકી સાધનો અને અન્ય ભવ્ય ભેટો લાવવા માટે ફરજ પાડવામાં આવે છે. દહેજ માત્ર લગ્ન સમયે જ લેવામાં નથી આવતું, પરંતુ લગ્ન નક્કી થાય તે પહેલાં અને

* આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. E-mail : bhagyashree.org.gmail.com, M. 8460455597

લગ્ન થયા બાદ પણ સતત આપ-લે થતી જ રહેતી હોય છે. તેની અસર મહિલા, મહિલાના પિયરપક્ષ અને ખાસ કરીને મહિલાના પતિ સાથેના અંગત સંબંધો પર ગંભીર અસરો પડે છે. ભારતીય સમાજ પુરુષપ્રધાન, પુરુષસત્તા અને પુરુષવંશીય હોવાથી મહિલા પુરુષોને આધીન રહે છે. ઉપરાંત લગ્ન બાદ પતિના ઘરે રહેવાનો રિવાજ હોવાથી મહિલા નવા સંબંધોમાં જોડાય છે. જોકે દહેજની સતત માંગણીને પરિણામે મહિલા સાસરિયાંઓ દ્વારા થતી સતામણી અને શારીરિક યાતનાઓનો સામનો કરતી રહે છે. સહન કરવાનું મુખ્ય કારણ એ જ કે, આજે પણ મહિલાને સમજાવવામાં આવે છે કે, 'સાસરેથી પાછી ન આવતી', 'સાસરે થોડું તો સહન કરવું જ પડે', 'પતિ એ જ પરમેશ્વર' વગેરે જેવા ખ્યાલોને કારણે મહિલાનું મનોબળ પીડાય છે, અને તે પોતાની જાતને દરેક રીતે તેનાં માતાપિતા તથા પિયરિયાં પર બોજ તરીકે જુએ છે. સામાજિક-સાંસ્કૃતિક પ્રથા તરીકે દહેજ જેવી કુપ્રથા ભારતમાં લગ્નનો એક અભિન્ન અને વ્યાવહારિક ભાગ છે. ખાસ કરીને જ્યાં વડીલો કે સમાજના આગેવાનો દ્વારા યુવક-યુવતી માટે ગોઠવાયેલાં લગ્નો હોય ત્યાં દહેજ સરળતાથી આપવા કે લેવામાં આવતું હોય છે. આ પરિસ્થિતિમાં જ્યારે વરપક્ષ અને તેના પરિવાર આપવા આવેલ દહેજ અથવા કન્યાની કિંમતથી અસંતોષકારક અનુભવે ત્યારે લગ્ન બાદ પરિણીત મહિલા શોષણ, હિંસા, દમનનો ભોગ બને છે.

**'દહેજ'નો અર્થ :**

દહેજ શબ્દને જુદા-જુદા સમાજોમાં સ્થાનિક નામોથી ઓળખવામાં આવે છે જેમ કે, દહેજ અથવા ટ્રાઉસોને ઉર્દૂ, ફારસી અને અરબીમાં જાહેજ (Jahez) કહેવામાં આવે છે. હિન્દીમાં દહેજ, પંજાબીમાં દાજ, નેપાળીમાં દાઈજો (Daijo), બંગાળીમાં જોતુક (Joutuk), મેન્ડરિનમાં જિઆઝુઆંગ (Jiazhuang), તમિલમાં વરાધચનાઈ (Varadhachanai), મલયાલમમાં સ્ત્રીધનમ (Streedhanam), સર્બો-ક્રોએશિયનમાં મિરાઝ (Miraz) અને આફ્રિકાના વિવિધ ભાગોમાં સેરોટવાના (Serotwana), ઈડાના (Idana), સાદુક્વત (Saduquat) અથવા મુગ્તાફ (Mugtaf) તરીકે ઓળખવામાં આવે છે.

ભારતનો દહેજ નિષેધ કાયદો 1961 એ 'દહેજ'ને કોઈ પણ મિલકત અથવા મૂલ્યવાન જામીનગીરી તરીકે વ્યાખ્યાયિત કરે છે જે પ્રત્યક્ષ અને આડકતરી રીતે એક પક્ષ દ્વારા બીજા પક્ષને અથવા લગ્નના બંને પક્ષનાં માતા-પિતા દ્વારા આપવામાં આવે છે. (Ministry of Women and Child Development, 1961, p.5).

રસ્તોગી અને થેર્લી (Rastogi and Therly : 2006) અનુસાર, દહેજ એ સંપત્તિ કે મિલકત છે જે કન્યા લગ્ન સમયે રોકડ, દાગીના, ઘરવખરીના સામાન વગેરેના સ્વરૂપમાં લાવે છે.

ગુડી જેક (Goody : 1976) મુજબ, દહેજ એ માતા-પિતાની મિલકતને લગ્ન સમયે પુત્રીને હસ્તાંતરણ કરવાની પ્રક્રિયા છે. દહેજ એક પ્રકારનું વૈવાહિક ભંડોળ સ્થાપિત કરે છે, જેનું સ્વરૂપ વ્યાપકપણે બદલાઈ શકે છે. આ રોકડ ભંડોળ કે મિલકત વિધવાની સુરક્ષા અથવા બેદરકારીભર્યા પતિ સામે નાણાકીય સુરક્ષા પ્રદાન કરી શકે છે.

મારી દૃષ્ટિએ, દહેજ એટલે એક પક્ષ દ્વારા બીજા પક્ષને આપવામાં આવતી રોડક રકમ, મિલકત, કીમતી ભેટ તથા ઘરવખરીનો જરૂરિયાત મુજબનો સામાન આપવાની સતત ચાલતી પ્રક્રિયા છે કે જે સગપણ નક્કી થયાના સમયે, લગ્ન થતા હોય ત્યારે અને લગ્ન બાદ પણ ચાલુ રહે છે. વધુમાં જ્યાં માતૃસત્તાક પરિવાર વરનાં સગાંઓ પાસેથી દહેજ મેળવે છે એવી જ રીતે પિતૃસત્તાક પરિવાર વહુનાં સગાંઓ પાસેથી દહેજ મેળવે છે. ટૂંકમાં, દહેજ એ નવા સંબંધોને સ્થાપિત કરવા, ટકાવી રાખવા તથા લગ્ન બાદ નવા બનેલ પરિવારમાં સન્માન જાળવી રાખવા માટેનું સાધન છે. (ડૉ. ભાગ્યશ્રી રાજપૂત).

**'દહેજપ્રથા'નો ઐતિહાસિક સંદર્ભ :**

દહેજપ્રથાનો ઉદ્‌ભવ લગ્નવ્યવસ્થાનાં ઉદ્‌ભવ સાથે થયો હોવો જોઈએ. તેમ છતાં દહેજપ્રથાની ઉત્પત્તિ વિશે

ચોક્કસ સમયગાળો કહેવો મુશ્કેલ છે. ભારતમાં દહેજની પ્રથા એ એક પ્રાચીન રિવાજ છે, જે સદીઓ જૂનો છે અને તેનું મૂળ હિંદુ પૌરાણિક કથાઓ અને ધર્મમાં છે (Teas, 1991). ડ્રેઝ અને સેન (Dreze & Sen, 1995) જણાવે છે તે મુજબ, દહેજની ઉત્પત્તિ પર નોંધપાત્ર વિદ્વત્તાપૂર્ણ ચર્ચા થઈ છે, શું તે શાસ્ત્રો દ્વારા માન્ય છે કે પ્રતિબંધિત છે, શું તે કન્યાદાનનું અભિન્ન તત્ત્વ છે અને શું તે સ્ત્રીધનથી અલગ છે ? સામાન્ય રીતે 'દહેજ' શબ્દ જ સ્ત્રી-સંપત્તિ દર્શાવે છે જેમ કે, કપડાં, સોનું-ચાંદી, આભૂષણો, ઘરવખરીનાં સાધનો તથા અન્ય મિલકતો. જોકે આ બધી સંપત્તિ મહિલાના નામે અપાતી હોવા છતાં તે મહિલાની ગણાતી નથી કારણ કે, જ્યારે મિલકત દહેજ સ્વરૂપે અપાય છે ત્યારે સ્ત્રી સાથે જાય છે. એટલે કે, સંપત્તિ કે જે સ્ત્રીની નથી પરંતુ જ્યારે તેણી તેના પરિવારમાં લગ્ન બાદ પ્રવેશ કરે છે ત્યારે તેની સાથે હોય છે. (Paras, 1989; Prabhakar, 2012) ઐતિહાસિક રીતે, માત્ર પુરુષોને જ કૌટુંબિક મિલકતનો વારસો મેળવવાનો અધિકાર હતો, આથી અંદાજો લગાવી શકાય કે, મહિલાઓને આપવામાં આવતા દહેજને વારસાઈ મિલકત સ્વરૂપ તરીકે જોવામાં આવતી હતી. (Sharma, 1980). આ ઉપરાંત મહિલાઓ મોટેભાગે આર્થિક વ્યવસાયમાં રોકાયેલ ન હોવાથી તેઓની પોતાની કમાયેલી આવક હતી જ નહિ. આથી વર અને તેના પરિવારને આર્થિક ટેકો આપશે તેના એક માર્ગ તરીકે દહેજ આપવાનું પ્રચલિત બન્યું હતું. કારણ કે બીજાની અર્થવ્યવસ્થામાં સ્ત્રીઓની બહુ ઓછી કે કોઈ ભૂમિકા નથી અને તેઓ તેમના પતિ અને સાસરિયાંઓ પર નિર્ભર રહેશે (Boserup, 1970). આ અર્થઘટન એમ., એન. શ્રીનિવાસના 'સમ રિફ્લેક્શન ઑન ડાવરી' (Some Reflections on Dowry) માં જોવા મળે છે કે દહેજપ્રથા મોટાભાગે ઉચ્ચ જાતિઓમાં કરવામાં આવતી હતી, જેમાં મહિલાઓની આર્થિક ભૂમિકાઓ ખાસ કરીને પ્રતિબંધિત હતી. કારણ કે નીચલી જાતિઓમાં, જ્યાં મહિલાઓ તેમના પરિવારમાં આર્થિક યોગદાન આપતી હોય તેવી શક્યતા વધુ હતી, ત્યાં કન્યા-ભાવનો રિવાજ વધુ સામાન્ય હતો. (Srinivas, 1994). માટે દહેજપ્રથા વધુ પ્રતિષ્ઠિત અને અનિવાર્ય બાબત ગણાતી હતી અને તે ઉચ્ચ વર્ગની જ્ઞાતિ સાથે સંકળાયેલી હતી. સંસ્કૃતીકરણ અને આત્મસાતીકરણના પરિણામે અન્ય જ્ઞાતિ કે ધર્મમાં પણ દહેજપ્રથાનું ચલણ વધવા લાગ્યું. ઐતિહાસિક રીતે, ભારતીય મહિલાઓને જમીન, ઘરેણાં, રોકડ રકમ કે ઈમારતો જેવી સ્થાવર મિલકત ધરાવવાની મંજૂરી સમાજ દ્વારા આપવામાં આવતી ન હતી. આથી તાંબિયા (Tambiah : 1973) મુજબ, જંગમ કે સ્થાવર મિલકતનું દહેજ આપવા આવે તે સ્ત્રીની વૈવાહિક સંપત્તિનો ભાગ બને છે, સંપત્તિ તેના પતિ સાથે વહેંચવામાં આવે છે.

**'દહેજ'-આંકડાકીય વિશ્લેષણ :**

'રસોડામાં લાગેલી આગ અપૂરતા દહેજ સાથે ભારતીય વહુઓને મારી નાખે છે' ('Kitchen fires' kill Indian brides with Inadequate Dowries) શિર્ષક હેઠળ વર્ષ 1997માં પ્રકાશિત થયેલા UPI - United Press International (UPI : 1997)નાં અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતમાં દર વર્ષે ઓછામાં ઓછી 5,000 મહિલાઓ દહેજ સંબંધિત મૃત્યુ પામે છે, અને ઓછામાં ઓછા એક ડઝન લોકો ઈરાદાપૂર્વક માનવામાં આવતી 'રસોડાની આગ'માં દરરોજ મૃત્યુ પામે છે. આ માટેનો શબ્દ 'દુલ્હનને સળગાવવી—બ્રાઇડ બર્નિંગ' (bride burning) છે.

વર્લ્ડ બૅન્ક રિસર્ચ ગ્રૂપનાં સંશોધનકર્તાઓએ 1960 થી 2008 સુધીનાં વર્ષોમાં ગ્રામીણ ભારતમાં 40,000 લગ્નોનો અભ્યાસ કરીને જણાવ્યું કે 1961 થી ભારતમાં દહેજ લેવા કે દેવાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું હોવા છતાં 95 ટકા લગ્નોમાં દહેજ લેવામાં આવ્યું હતું. ભારતનાં 17 રાજ્યોનાં ગ્રામીણ ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરતા અર્થશાસ્ત્રીઓ એસ અનુકૃતિ, નિશીથ પ્રકાશ અને સુંગોહ ક્વૉનએ લગ્ન વખતે આપવામાં કે લેવામાં આવેલા પૈસા તથા ભેગસોગાદ જેવા સામાનની કિંમતની માહિતી મેળવી હતી. દહેજમાં પરિવારની બચત તથા આવકના એક મોટા હિસ્સાનો ખર્ચ થતો

હોય છે. 2007માં ગ્રામીણ ભારતમાં કુલ દહેજનું પ્રમાણ વાર્ષિક ઘરેલુ આવકના 14 ટકા હતું. ભારતના તમામ મુખ્ય ધર્મો હિંદુઓ અને મુસલમાનોની સરખામણીએ ખ્રિસ્તી તથા શીખ ધર્મના લોકોમાં દહેજમાં સતત વૃદ્ધિ જોવા મળી. વધુ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે દક્ષિણના રાજ્ય કેરળમાં 1970ના દાયકાથી 'દહેજમાં વધારો' જોવા મળ્યો હતો અને તાજેતરનાં વર્ષોમાં ત્યાં દહેજની સરેરાશ સૌથી વધારે રહી છે. હરિયાણા, પંજાબ અને ગુજરાત જેવાં અન્ય રાજ્યોમાં પણ દહેજમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે ઓરિસા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં સરેરાશ દહેજમાં ઘટાડો થયો છે. (બિસ્વાસ : 2021).

2011માં, નૅશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)-એ દહેજના કારણે 8618 મૃત્યુ નોંધ્યા હતા. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (National Crime Records Bureau - NCRB)માંથી પ્રાપ્ત થયેલ માહિતી મુજબ, દહેજ નિષેધ અધિનિયમ, 1961 હેઠળ વર્ષ 2018માં 12826, 2019માં 13307, 2020માં 10366 તથા 2021 દરમિયાન 13568 કેસોની સંખ્યામાં વધારો નોંધાયેલો છે. વધુમાં, આ વર્ષો દરમિયાન દહેજ મૃત્યુ હેઠળ નોંધાયેલા કેસો અનુક્રમે 7167, 7141, 6966 અને 6753 છે. ગયા વર્ષે 1961ના દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ દેશમાં 13534 જેટલા કેસ નોંધાયા હતા. જે 2020 (10046)માં નોંધાયેલા કેસોની તુલનામાં 25% વધુ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) દ્વારા પ્રકાશિત થયેલ માહિતી મુજબ ભારત દેશમાં સૌથી વધુ 4594 દહેજ સંબંધિત કેસ ઉત્તર પ્રદેશમાં નોંધાયા હતા. જો કે, 2021 માં દહેજ મૃત્યુની સંખ્યામાં 3.85%નો થોડો ઘટાડો થયો છે, જેમાં 2020માં 6843 કેસની સરખામણીએ આવા કુલ 6589 કેસ નોંધાયા હતા. દહેજ કેસની સાથે સાથે દહેજ મૃત્યુના પ્રમાણમાં પણ સૌથી પ્રથમ ક્રમે ઉત્તર પ્રદેશ છે, જેની સંખ્યા 2222 જેટલી છે. દક્ષિણના રાજ્યોના સંદર્ભે જોઈએ તો, તેલંગાણામાં દહેજ મૃત્યુની સૌથી વધુ સંખ્યા (175) નોંધાઈ છે, જ્યારે કેરળમાં સૌથી ઓછા (9) નોંધાયાં છે. તેમજ કર્ણાટકમાં ગયા વર્ષે દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ 1845 કેસ નોંધાયા હતા. જે દક્ષિણનાં રાજ્યોમાં સૌથી વધુ હતા, જ્યારે તેલંગાણામાં સૌથી ઓછા (5) હતા. આ ઉપરાંત સાક્ષરતામાં અવલ્લ ક્રમે આવતા કેરળમાં 2020ની સરખામણીમાં કેસોની સંખ્યામાં લગભગ 12 ગણો તીવ્ર વધારો જોવા મળ્યો હતો. જ્યારે આંધ્ર પ્રદેશમાં લગભગ 97%નો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. NCRBની આંકડાકીય માહિતી અનુસાર, ગયા વર્ષે દહેજના કારણે મૃત્યુના 330 કેસ ન્યાયિક પુરાવાના અભાવે બંધ કરવામાં આવ્યા હતા, જ્યારે બેને અલગ રાજ્ય અથવા તપાસ સંસ્થામાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા. (Crime in India NCRB : 2021).

**દહેજપ્રથા – કાનૂની જોગવાઈઓ :**

ભારતીય સમાજમાં અનેક સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક ખાસિયતો હોવા છતાં કેટલીક મર્યાદાઓ પણ છે. મર્યાદાઓમાં મુખ્યત્વે દહેજ જેવી કુપ્રથાનો સમાવેશ કરી શકાય. દહેજપ્રથા પ્રતિબંધિત હોવા છતાં ભારતીય પ્રજા દહેજ આપવાની અને લેવાની વિવિધ રીતો-રિવાજો, ધોરણોને અનુસરે છે, જેથી કાયદાકીય પ્રક્રિયામાંથી બચી શકાય. જોકે દહેજની લાંબા સમયથી ચાલતી આ પરંપરાને સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત છે. પરંતુ વર્ષોથી, વધતા જતા દહેજ સંબંધિત ગુનાઓ પર નિયંત્રણ લાવવા સરકાર તથા સમાજ સુધારકો દ્વારા ખૂબ જ સક્રિય પ્રયાસો કરવામાં આવ્યા છે.

(1) દહેજ મૃત્યુ હેઠળ IPC 1860 (SEC 304 B) :

IPCની કલમ 304 B મુજબ જ્યાં સ્ત્રીનું મૃત્યુ કોઈ પણ પ્રકારે દાઝી જવાથી અથવા શારીરિક ઈજાને કારણે થયું હોય અથવા તેના લગ્નનાં સાત વર્ષની અંદર સામાન્ય સંજોગો કરતાં અન્યથા થયું હોય અને એવું દર્શાવવામાં આવે છે કે તેણીના લગ્ન પહેલાં તેણીના પતિ અથવા કોઈ પણ સંબંધી દ્વારા તેણીને ક્રૂરતા અથવા ઉત્પીડનનો ભોગ બનવું પડ્યું હતું. પતિની દહેજની કોઈ પણ માંગ માટે અથવા તેના સંબંધમાં, આવા

મૃત્યુને 'દહેજ મૃત્યુ' કહેવામાં આવશે અને આવા પતિ અથવા સંબંધીએ તેણીનું મૃત્યુ થયું હોવાનું ઠરાવેલ છે. (The Indian Penal Code - 45 of 1860).

2. ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (Indian Evidence Act, 1872)

સામાન્ય રીતે દહેજ આપવા-લેવાની પ્રક્રિયા પરિવારના સભ્યો વચ્ચે થતી હોય છે. ઉપરાંત દહેજ સંબંધિત મહિલાનું શોષણ, દમન, અત્યાચાર પરિવારના સભ્યો દ્વારા થતાં હોવાથી પુરાવાઓ મળવા મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં પુરાવા અધિનિયમ, 1872ની કલમ 113Bનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો અમુક આવશ્યક તથ્યો બતાવવામાં આવે અથવા સ્થાપિત કરવામાં આવે અને સ્ત્રી લગ્નના 7 વર્ષની અંદર મૃત્યુ પામે તથા સાબિત થાય કે મહિલા તેના મૃત્યુના થોડા સમય પહેલાં દહેજની માંગના સંબંધમાં કોઈ વ્યક્તિ દ્વારા દુર્વ્યવહાર અથવા ઉત્પીડનનો ભોગ બની હોય તો તે દહેજમૃત્યુ હોવાનું સૂચવેલ છે.

3. દહેજ પ્રતિબંધક અધિનિયમ 1961 (Dowry Prohibition Act, 1961)

દહેજ આપવાની કે લેવાની સામાજિક પ્રથા પર પ્રતિબંધ દર્શાવતા આ કાયદા મુજબ, દહેજની માંગણી કરનાર, તે આપનાર અને લેનારને ગુનેગાર ઠરાવી શિક્ષાની જોગવાની કરવામાં આવી.

4. ફોજદારી કાર્યવાહીની સંહિતા, 1973 (Code of Criminal Procedure, 1973)

આ કાયદે હેઠળ જો કોઈ મહિલાનું મૃત્યુ લગ્ન પછી સાત વર્ષની અંદર થયું હોય તો તે આત્મહત્યાનું પરિણામ છે કે અન્ય કોઈ શંકાસ્પદ કારણ છે. તે કારોબારી ન્યાયાધીશને મહિલાના મૃત્યુની તપાસ કરવા માટે અધિકૃત કરવાની જોગવાઈ છે. તેમજ સીઆરપીસીની કલમ 174 અને176 (Sections 174 and 176 of the CrPC) પોલીસ અને ન્યાયિક તપાસ અને અકુદરતી મૃત્યુનાં કારણોની પૂછપરછ માટેની પ્રક્રિયાઓ પૂરી પાડે છે.

● **આધુનિક ભારતીય સમાજ :** દાન, દીકરી અને **દહેજમૃત્યુ :**

દીકરીનું દાન કરવું એટલે કે લગ્ન દરમિયાન કન્યાદાન કરવું એ ભારતીય હિંદુ લગ્નની અગત્યની પરંપરા ગણાય છે. પ્રાચીન વૈદિક કાળથી દહેજપ્રથા પ્રચલિત હતી જ્યાં માતા-પિતા, નજીકનાં રક્ત સંબંધીઓ તરફથી ભેટને સ્ત્રીધન તરીકે ઓળખવામાં આવતી હતી. ભારતીય લગ્નોમાં વરરાજાને દહેજ તરીકે આપવાની રોકડ રકમ, મોંઘાં આભૂષણો અને અનેક કીમતી વસ્તુઓની સાથે કન્યાનું દાન- 'કન્યાદાન' પણ તેનો એક ભાગ હતો. કન્યાદાન સમયે કન્યા આભૂષણોથી સુસજ્જ હોય છે. કન્યા એટલે દીકરી અને દાન એટલે ભેટ. તેને 'હુન્ડા' (Hunda) તરીકે પણ ઓળખવામાં આવતું હતું. તે 'હાંડા' (Handa) શબ્દ પરથી આવે છે જેનો અર્થ થાય છે – ધાતુ કે માટીનું ગોળાકાર પાત્ર કે વાસણ – પોટ (Pot). પ્રાચીન સમયમાં લગ્ન સમયે કન્યાનું દાન કરતી વખતે એક વાસણમાં દહેજ આપવામાં આવતું હોવાથી તેને આમ કહેવામાં આવતું હતું. (Ramegouda : 2012). દહેજપ્રથાનો ઇતિહાસ જટિલ હોવા છતાં એમ ચોક્કસપણે કહી શકાય કે, લગ્નમાં પુરુષને દાગીના અને મોંઘાં કપડાં પહેરેલી પુત્રીનું દાન કરવામાં આવે છે. હિંદુ સમાજમાં આ પ્રકારનું દાન સર્વોચ્ચ અને અનિવાર્ય ગણવામાં આવે છે અને તે કન્યાના પિતાના સામાજિક અને ધાર્મિક પદને વધારે છે. એ અર્થમાં કહી શકાય કે, લગ્ન સમયે હિંદુ ધર્મમાં કન્યાનું દાન આપવાની સાથે આપવામાં આવતી સંપત્તિ દહેજપ્રથાને વિકસિત કરવામાં ફાળો આપે છે, જે કેટલીક વાર કન્યાને દહેજ મૃત્યુ સુધી ખેંચી જાય છે.

પૌલ અને તેજા (Paul, 1985; Teja, 1991) મુજબ, ભારતીય દહેજપ્રથાને માત્ર એક પરંપરાગત પ્રથા તરીકે જોવી જોઈએ, પરંતુ લગ્નપ્રણાલીના એક મહત્ત્વપૂર્ણ ઘટક તરીકે જોવી જોઈએ. સામાજિક પરિવર્તન આવતાં દહેજપ્રથાનું સ્વરૂપ અને રીતો તેમ જ વધુ ભૌતિકવાદી સંસ્કૃતિ બદલાશે. ભારતીય સમાજ

આધુનિકતા તરફ ગતિ કરે તોપણ પરંપરાઓ સાથે ગંભીરપણે જોડાયેલો રહે છે. ખાસ કરીને મહિલા કે દીકરીને લગતી બાબતો, રિવાજોનું પાલન ચુસ્તપણે થતું હોય છે. જોકે શિક્ષણ, પશ્ચિમીકરણ, તાર્કિક વલણો અને આધુનિક માધ્યમોના સંપર્કમાં આવવાથી પરિવર્તન ઇચ્છતા લોકોમાં દહેજ માટેના સમર્થનમાં ઘટાડો થઈ શકે છે. કેટલાક અભ્યાસો પરથી સાબિત થયું છે કે, સ્ત્રીઓ તેમના દહેજથી તેમનાં સંતાનોના પરિવારો માટે જે સંસાધનો લાવે છે તેની કદર કરે છે. આધુનિક સમયમાં દહેજમાં ઘરવખરી કે અન્ય ટૅક્નોલોજીનાં સાધનો આપવાનું ચલણ વધતાં યુવાન પરિણીત યુગલો દહેજને સમૃદ્ધિના, ભૌતિક સુખસગવડના માર્ગ તરીકે જુએ તો તેમાં અતિશયોક્તિ નથી જ. ક્રિષ્ણસ્વામી (Krishnaswamy : 1995) અને મેથ્યુ (Mathew : 1987)ના અભ્યાસો મુજબ, દહેજ દ્વારા દીકરીઓના માતાપિતાને દરજ્જો ઊંચો જાય છે. એની સાથે સાથેનાં માતાપિતા દહેજપ્રથાને એ રીતે પણ જુએ છે કે, દીકરી સાથે પતિના પરિવારો દ્વારા સારો વ્યવહાર થાય. પરિણીત દિકરીના ભવિષ્યને કેન્દ્રમાં રાખીને દહેજપ્રથાનો અસ્વીકાર કરનારા પણ અનુસરે છે. તેનું સચોટ ઉદાહરણ ભારતના બિહારમાં દહેજપ્રથા પ્રચલિત બની રહી છે તે ગણાવી શકાય. (Bhat & Halli : 1999).

દાન અને દીકરી સાથે સંકળાયેલ દહેજ જેવી કુપ્રથા એ સમાજ માટે એક સાંસ્કૃતિક પ્રથા છે જે મહિલાઓના જુલમ, ત્રાસ અને હત્યાને કાયમી બનાવે છે (Adegoke & Oladegi, 2008; Rastogi & Therly, 2006; Vallabhaneni, 1998). હકીકતમાં મહિલાઓનું તેમના પોતાના જીવન પર ખૂબ જ ઓછું નિયંત્રણ હોય છે. પરંપરાગત સમાજમાં મહિલા જન્મે એટલે પિતાના સાન્નિધ્યમાં, મોટી થાય ત્યારે ભાઈના સંરક્ષણ હેઠળ, લગ્ન બાદ પતિની છત્રછાયામાં અને વૃદ્ધ થાય ત્યારે પુત્રની દેખરેખ હેઠળ સંપૂર્ણ જીવન વ્યતીત કરે છે. જેને પરિણામે મહિલાઓનું કોઈ વ્યક્તિગત જીવન રહેતું જ નથી અને ઘરેલુ હિંસા, લિંગ ભેદભાવ, માનસિક અને શારીરિક બીમારીનો ભોગ બને છે. મુખ્યત્વે ભારતમાં મહિલાઓને સામાજિક-સાંસ્કૃતિક પ્રથાનો બોજ સહન કરવો પડે છે. મહિલાઓ આર્થિક રીતે પગભર ન હોવાને લીધે, સમાજના નિર્ણય ન લઈ શકવાને કારણે તેમજ પિતૃપ્રધાન સમાજમાં પુરુષોને આધીન જીવન ગાળતી હોવાને કારણે – એમ વિવિધ સામાજિક કારણોસર દહેજ-સંબંધિત ઘટનાઓ મહિલાઓ દ્વારા ખૂબ જ ઓછી નોંધવામાં આવે છે. જેને પરિણામે સતત ત્રાસ સહન કરતી રહે છે, ઘરેલુ હિંસાનો ભોગ બનતી રહે છે. કાનૂની પ્રક્રિયાથી બચવા, સામાજિક પ્રતિષ્ઠા બનાવી રાખવા પરિવારના સભ્યો દહેજમૃત્યુ જણાવવાના બદલે આકસ્મિક મૃત્યુ, આત્મહત્યા તરીકે નોંધ કરે છે.

**● અન્ય દેશોમાં દહેજપ્રથા :**

એવું કહેવાય છે કે, ઇંગ્લૅન્ડમાં દહેજપ્રથા 12મી સદીમાં નોર્મન્સ દ્વારા દાખલ કરવામાં આવી હતી. જેમાં ચર્ચમાં લગ્ન સમયે સગાંસંબંધીઓની હાજરીમા દહેજ આપવામાં આવતું હતું. એવી જ રીતે રશિયામાં પણ દહેજપ્રથા પ્રચલિત છે. જેને રશિયામાં પોસાગ (Posag) અથવા પ્રિડાન્નો (Pridannoe) તરીકે પણ ઓળખવામાં આળે છે. અહીંની પરંપરા મુજબ, માતાઓ કે મહિલાઓની જવાબદારી સગપણ ગોઠવવા અને પિતા કે પુરુષની જવાબદારી દહેજ માટે નાણાકીય વ્યવસ્થા કરવાની હતી. ચીનમાં દહેજને જિયાઝુઆંગ (Jiazhuang) તરીકે ઓળખવામાં આવે છે. ચાઈનીઝ પરંપરામાં દ્વિ-માર્ગી ભેટ પદ્ધતિ છે, જ્યાં લગ્નના પ્રથમ ત્રણ મહિના પહેલાં વરરાજા કન્યાને સગાઈ વખતે કીમતી ભેટો આપે છે. આ પ્રકાની ભેટને બેથ્રોથલ ભેટ (A Bethrothal Gifts) તરીકે ઓળખવામાં આવે છે. શુભ પ્રસંગે આપવામાં આવતી બ્રેથોથલ ભેટ સમૃદ્ધિ અને સારા નસીબનું પ્રતીક મનાય છે. ત્યારબાદ કન્યાનો પરિવાર પણ કન્યાને દહેજ આપે છે જેમાં તેણીના લગ્નમાં તેને ટેકો આપવા માટે તમામ જરૂરી વસ્તુઓ સમાવિષ્ટ હોય છે.

**● દહેજપ્રથા નિવારવા માટેના ઉપાયો :**

કુપ્રથાઓ સામે રક્ષણ મેળવવા માટે કાયદો જ

સર્વોપરી છે, આથી દહેજની પ્રથા અને તેનાથી થતા મહિલાઓ સામેના અન્યાયને રોકવા માટે ઘણા કાયદા ઘડવામાં આવ્યા છે. સમાજમાંથી દુષ્ટ પ્રથાને નાબૂદ કરવાના ઉદ્દેશ સાથે 20મી મે, 1961ના રોજ દહેજ પ્રતિબંધ કાયદો પસાર કરવામાં આવ્યો હતો. કાયદા-કાનૂનના ઘડતરની સાથે તેનું યોગ્ય રીતે અમલીકરણ થાય તે જરૂરી છે. પરંતુ ભ્રષ્ટાચાર, જાતિવાદ, સમાજના સત્તાધીશો દ્વારા કરવામાં આવતા દબાણને કારણે કાયદાનો અમલ કરતા રહે છે. સામાજિક-સાંસ્કૃતિક અનિષ્ટ સામે લડવા માટે ફક્ત કૃત્યો રજૂ કરવા પૂરતાં નથી. આ માટે આવા કાયદાના કડક અમલ અને કાર્યવાહીની જરૂર છે.

અન્ય એક મહત્ત્વનું નિવારણનું પગલું છે – સામાજિક જાગૃતિ. દહેજપ્રથાની સમાજ, કુટુંબ અને મહિલાઓ પર થતી વિપરીત અસરો વિશે લોકોને માહિતી આપવી આવશ્યક છે. જેથી દહેજપ્રથા સામે વ્યાપક જાગૃતિ ફેલાવી શકાય. કુટુંબ, શાળા મિત્રજૂથ, સંચારસાધનો વગેરે જેવા સમાજીકરણનાં માધ્યમથી દહેજ વિરુદ્ધ ઝુંબેશ કરવી જોઈએ. તાર્કિક, બિનસાંપ્રદાયિક શિક્ષણ અને કાયદાકીય જોગવાઈઓનો પ્રચાર-પ્રસાર થવો જરૂરી છે. ખાસ કરીને દહેજપ્રથાને નેસ્તનાબૂદ કરવા માટે મહિલાઓનું શિક્ષણ મેળવી સ્વ-નિર્ભર બનવું અત્યંત જરૂરી છે. શિક્ષણ દ્વારા રોજગારીની તકો તો ખૂલશે જ પણ સાથે કુટુંબમાં દરજ્જા અને ભૂમિકામાં બદલાવ આવશે. દહેજ જેવા દૂષણને પરિણામે મહિલાઓ સ્થાન વધુ ને વધુ ગૌણ, નિમ્ન અને હાંસિયામાં ધકેલાઈ ગયું છે, જેનું નિવારણ શિક્ષણની સાથે સાથે હક્ક તથા અધિકારોની જાગૃતિ દ્વારા લાવી શકવું સરળ છે.

પિતૃસત્તાક ભારત દેશમાં મહિલાઓ સાથેની અસમાનતા દહેજપ્રથાને વિકસિત બનાવે છે. આથી મહિલાઓને સમાન દરજ્જો આપવો અને પિતૃપ્રધાન માનસિકતામાં મોટા પાયે સુધારો કરવો આવશ્યક છે. મહિલાઓને નિર્બળ કે નિર્ભર સમજવા જેવી માનસિકતા દૂર કરવી આવશ્યક છે. તો જ સમાજમાં ઊંડે સુધી વિસ્તરેલી દહેજ કુપ્રથાનો અંત લાવી શકાશે.

**ઉપસંહાર :**

કોઈ પણ સમાજનો સાચો ઇતિહાસ જોવો હોય તો જે-તે સમાજની મહિલાના રોજિંદા જીવનનું નિરીક્ષણ કરી માહિતી મેળવી શકાય. મહિલા એકમાત્ર એવી વ્યક્તિ છે કે જેના દ્વારા સમાજ પોતાનો રિવાજ અને પરંપરાઓને આગળની પેઢીમાં સ્થાનાંતરિત કરે છે. દહેજના સંદર્ભમાં જોઈએ તો, દહેજ લગ્નપ્રથા સાથે જોડાયેલ વ્યવસ્થા છે. પરંતુ હકીકતમાં જન્મથી માંડી મૃત્યુ સુધી મહિલાઓને તેમના સ્ત્રીત્વ માટે અનેક કિંમતો ચૂકવવી પડતી હોય છે. દહેજપ્રથાનું સામાજમાં પ્રચલિત બનતું રહેવાનું મુખ્ય કારણ ધીમી ન્યાય પદ્ધતિ ગણાવી શકાય. આ પ્રથાને પ્રતિબંધિત કરતા કાયદાઓ હોવા છતાં, ભારતમાં સરળતાથી બેરોકટોક દહેજપ્રથાનો વ્યવહાર અમલ થતો રહે છે અને દહેજના નામે મહિલાઓ સામેની હિંસા વધી રહી છે. ભારતીય સમાજમાં મહિલાઓના સંદર્ભે કાયદા-કાનૂનની વ્યવસ્થા હોવા છતાં પ્રથા-કુપ્રથાના નામે મહિલાઓ સતત હેરાનગતિનો સામનો કરી રહી છે. રસોડામાં થતી હિંસા, મહિલાને સળગાવીને મારી દેવાની ઘટના નોંધપોથીમાં આત્મહત્યા થયેલી જ ગણાય છે. જેને કારણે મહિલાઓનું પ્રમાણ સતત ઓછું થઈ રહ્યું છે. જે સમાજમાં મહિલાને 'દેવી' કે 'માતા' તરીકેનાં ઉપનામ આપવામાં આવે છે, તે જ શિક્ષિત રૂઢિચુસ્ત ભારતીય સમાજમાં મહિલાની સ્થિતિ વધુ ને વધુ દયનીય, ગૌણ, નિમ્ન બનતી જાય છે. પુરુષવંશીય સમાજ હેઠળ જીવન જીવતી મહિલાની કિંમત દહેજ સ્વરૂપે લગાવવામાં આવે છે. 'દહેજ'ના દૂષણને રોજિંદા જીવનમાં વ્યવહારિક અમલ થતો અટકાવવા, પ્રચલિત થતો અટકાવવા કડક પગલા લેવા અનિવાર્ય છે. જે માટે સતત વિરોધ થતો રહેવો, કાયદાકીય પગલાં લેવાં, જાગ્રત રહેવું અને ખાસ કરીને મહિલાને માનવ તરીકે સ્વીકારી પરિવારની સભ્ય તરીકેનું બિરુદ આપવું જરૂરી છે.

● સંદર્ભસૂચિ :
1. "The Dowry Prohibition (maintenance of lists of presents to the bride and bridegroom) rules, 1985". wcd.nic.in. Ministry of Women and Child Development. 19 August 1985
2. "The Dowry Prohibition Act, 1961". wcd.nic.in. Ministry of Women and Child Development. 20 May 1961.
3. Akchayaa Rajkumar (2022), 25% rise in dowry cases in 2021 reveals NCRB data https://www.thenewsminute.com/article/25-rise-dowry-cases-2021-reveals-ncrb-data-167352
4. Anderson, S (2007). ""The economics of dowry and brideprice" in the". Journal of Economic Perspectives. 21 (4): 151–174. doi:10.1257/jep.21.4.151.
5. Anderson, S. (2003). Why Dowry Payments Declined with Modernization in Europe but are Rising in India. Journal of Political Economy, 111(2): 269-310.
6. Banerjee Priya (2014) 'Dowry in 21st-Century India: The Sociocultural Face of Exploitation', TRAUMA, VIOLENCE & ABUSE, Vol 15(1) 34-40 -DOI: 10.1177/1524838013496334
7. Bhat, P. N. M., & Halli, S. S. (1999). Demography of bride price and dowry: Causes and consequences of the Indian marriage squeeze. Population Studies, 53, 129-140.
8. Boserup, E. (1970). Women's role in economic devel-opment. London: Allen and Unwin.
9. Charles Mwalimu (2007), The Nigerian Legal System: Public Law, Volume 1 (ISBN 978-0-8204-7125-9), pp. 546–551.
10. Code of Criminal Procedure, 1973 -https://legislative.gov.in/sites/default/files/A1974-02.pdf
11. Crime in India (2021), Statistics - Volume I, National Crime Records Bureau (NCRB), Ministry of Home Affairs, Government of India, New Delhi https://ncrb.gov.in/sites/default/files/CII-2021/CII_2021Volume%201.pdf
12. Dalmia, S. & Lawrence, P. G. (2005). The Institution of Dowry in India: Why it Continues to Prevail. The Journal of Developing Areas, 38(2): 71-93.
13. Goody, Jack (1976). Production and Reproduction: A Comparative Study of the Domestic Domain. Cambridge: Cambridge University Press. p. 6.
14. http://www.goldschp.net/archive/wedding.html#11
15. John L. Comaroff (1981), Rules and Processes, University of Chicago Press, ISBN 0-226-11424-4; Chapter 6
16. Krishnaswamy, S. (1995). Dynamics of personal and social factors influencing the attitude of married and unmarried working women towards dowry. International Journal of Sociology of the Family, 25, 31-42.
17. Mathew, A. (1987). Attitudes toward dowry. Indian Journal of Social Work, 48, 95-102.
18. Ministry of Women and Child Development. (1961). Act 28. The dowry prohibition act of 1961. The Government of India. http://wcdhry.gov.in/Women_Acts/Dowry_Act.pdf
19. Paras, D. (1989). Dowry and Protection to Married Women, New Delhi: Deep and Deep Publications Pvt. Ltd.
20. Prabhakar, V. (2012). Gender Violence Women Victims in Man's World, New Delhi: Wisdom Press.

21. Ramegouda Reshma, (2012) 'Socio Legal Perspective of Dowry: A Study'; International Journal of Scientific and Engineering Research; Vol-3, Issue-7.
22. Rastogi, M., & Therly, P. (2006) 'Dowry and its link to violence against women in India: Femist pyschological perspectives (Commentary)', Trauma, Violence, & Abuse, 7, 66–77, doi:10.1177/1524838005283927
23. Sharma, U. (1980). Women, work, and property in north-west India. London: Tavistock.
24. Srinivas, M. N. (1994). Some reflections on dowry. Delhi, India: Oxford University Press
25. Stevan Harrell and Sara A. Dickey, "Dowry Systems in Complex Societies", Ethnology, Vol. 24, No. 2 (April 1985), pp. 105–120. JSTOR 3773553.
26. Tambiah, S. J. (1973) 'Dowry and bridewealth, and the property rights of women in south Asia', In M. Fortes, J. R. Goody, E. R. Leach, & S. J. Tambiah (Eds.), Bridewealth and dowry (Vol. 7, pp. 59–169). Cambridge, England: Cambridge University Press.
27. Teays, W. (1991), 'The burning bride: The dowry problem in India', Journal of Feminist Studies in Religion, 7, 29–52.
28. The Dowry Prohibition Act, 1961 https://www.indiacode.nic.in/handle/123456789/1679?sam_handle=123456789/1362
29. UN Women - The United Nations Entity for Gender Equality and the Empowerment of Women (24 December 2012). "Confronting dowry-related violence in India: women at the center of justice". New York
30. UPI - United Press International (23 July 1997). "Kitchen fires kill Indian brides with inadequate dowry"
31. બિસ્વાસ સૌતિક (5 જુલાઈ 2021). ભારતમાં દહેજ લેવા-દેવાની પ્રથામાં ઘટાડો થયો છે ? બીબીસી https://www.bbc.com/gujarati/india-57720542#


**સમાજકારણના આજીવન સભ્યો અને વાચકમિત્રો**

આપ સૌ જાણો છો તેમ ગુજરાત સામાજિક સેવા મંડળ બૌદ્ધિક વિચાર જ્ઞાનપ્રસાર દ્વારા સામાજિક ચેતના જગાવવા છેલ્લાં ૧૯ વર્ષથી સામાજિક વિજ્ઞાન અંગેનું જર્નલ **'સમાજકારણ'** ગુજરાતી ભાષામાં નિયમિત પ્રકાશિત કરી રહ્યું છે. મંડળની અન્ય કોઈ આવક ન હોવા છતાં માત્ર સભ્ય ફી અને શુભેચ્છકોના દાનની સહાયથી ખૂબ કરકસરપૂર્વક આપણે કાર્ય કરી રહ્યા છીએ અને આજ સુધી આપણે કોઈ ફી વધારી નથી. પરંતુ હવે વધતી જતી મોંઘવારીમાં મુદ્રણ અને અન્ય ખર્ચ વધતા જાય છે. મંડળ આર્થિક ખર્ચ ભોગવી રહ્યું છે. તેથી નાછૂટકે આજીવન સભ્ય ફી અને વાર્ષિક લવાજમમાં વધારો કરવાની ફરજ પડે તેમ છે. તેમાં સૌ મિત્રોનો હંમેશની જેમ સાથસહકાર મળી રહેશે તેવી આશા છે.

સૌ સભ્યો-શુભેચ્છકો પાસે એક અપેક્ષા છે કે આપ પોતાની યથાશક્તિ દાન-સહાય આપી અન્ય મિત્રોને પણ તેમ કરવા પ્રેરિત કરશો, તેમજ નવા આજીવન સભ્ય બનાવવા પણ પ્રયત્નશીલ રહેશો. તો જ ગુજરાતી ભાષામાં ચાલતું એક માત્ર જર્નલ ચાલુ રહી શકશે. ફરીથી સૌ મિત્રોને આ જ્ઞાનયજ્ઞમાં પોતાનું યોગદાન આપવા નમ્ર વિનંતી છે.

સંપાદક : **ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

'પ્રો. ધીરૂભાઈ દેસાઈ રૂ. ૧૫,૦૦૦/- નું દાન આપી આ મહિનાના અંકના અંશતઃ ખર્ચમાં સહભાગી બની મદદરૂપ બન્યા છે તેમનો હૃદયપૂર્વક આભાર.' **- સંપાદક**

# અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓના સ્વાભિમાન નિર્માણમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા

– ડૉ. હરપાલ બૌદ્ધ*

**સારાંશ :**

'હું સમાજની ઉન્નતિનું અનુમાન એ વાતથી લગાવું છું કે એ સમાજની મહિલાઓની કેટલી પ્રગતિ થઈ છે. સ્ત્રીઓની પ્રગતિ વિના સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ અસંભવ છે.' (ડૉ. આંબેડકર)

**ભૂમિકા :**

બોધિસત્ત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્વતોમુખી પ્રતિભાના ધની હતા. તેમનાં પ્રખર વ્યક્તિત્વ અને નિષ્ઠાથી કરેલાં સમાજિક આંદોલનોએ મહિલાઓમાં જોમ, ઉત્સાહ, સાહસ અને વિકટ સ્થિતિ સામે લડવાની પ્રેરણા પૂરી પાડી હતી. તેમણે ન કેવળ અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓ બલ્કે ભારતની તમામ મહિલાઓનાં સમ્માન અને સ્વાભિમાન માટે કામ કર્યું છે. અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓમાં તેમણે જોમ, ઉત્સાહનું વાતાવરણ નિર્માણ કર્યું હતું તથા તેમનામાં બોલવાની, લખવાની તેમજ હિંમતભેર પોતાના વિચારો રજૂ કરવાનું સામર્થ્ય નિર્માણ કર્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર મહિલા મુક્તિ, મહિલા સ્વાતંત્ર્ય અને મહિલા ઉત્થાનના અગ્રદૂત હતા તથા મહિલાઓના મુક્તિદાતા હતા. મહાકારુણિક બુદ્ધ, રાષ્ટ્રપિતા જોતિબા ફુલે પછી મહિલાઓની દયનીય અને પીડાકારક અવદશાથી જો કોઈ સુપેરે જાગ્રત બની મહિલાઓને વર્તમાન સ્થિતિથી ઉપર ઉઠાવવા જો કોઈએ સાહસિક પગલાંઓ ભર્યાં હોય તો તે ડૉ. બાબાસાહેબ આંબેડકર જ હતાં. સ્ત્રી-પુરુષ સમાનતા તેઓ પ્રખર હિમાયતી હતા અને કાયદા પ્રધાન તરીકે 'હિન્દુ કોડ બિલ'ની રચના કરી સ્ત્રી-જગતના ઇતિહાસમાં યશસ્વી કાર્ય કર્યું હતું. સંસદમાં બિલને રજૂ કર્યું પણ બહુમતી સભ્યો તેની વિરુદ્ધ હોઇ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. મહિલાઓની મુક્તિ માટે આવું યશસ્વી કાર્ય કરનાર વિશે આજે ભારતની કેટલી મહિલાઓ જાણે છે ? તેમણે ભારતીય સ્ત્રીઓને સમાનતા અને સ્વતંત્રતા અપાવવા અને મનુવાદી વ્યવસ્થા દ્વારા નિર્દિષ્ટ અન્યાય પર આધારિત વ્યવસ્થાને મૂળમાંથી નષ્ટ કરવાના હેતુથી પ્રબળ જનચેતના જગાડી અને દેશના બંધારણમાં તેને કાયદાકીય રૂપ આપ્યું અને તેને લાગુ કરાવીને જ દમ લીધો હતો. પ્રસ્તુત લેખમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓમાં કેવી રીતે સમ્માન અને સ્વાભિમાન પ્રગટાવ્યાં હતાં, તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

Keywords : હિન્દુ કોડ બિલ, રાષ્ટ્ર નિર્માણ, સામાજિક વિષમતા, અસ્મિતા, સ્વાભિમાન, સમાનતા, વંચિતો.

**મહિલાઓની પ્રગતિ વિના રાષ્ટ્રનિર્માણ અસંભવ :**

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું રાષ્ટ્રનિર્માણમાં યશસ્વી યોગદાન રહેલું છે. એક વિષમતાવાદી ભારત રાષ્ટ્રને ખરા અર્થમાં એક જાગ્રત અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત રાષ્ટ્ર બનાવવા માટે ડૉ. આંબેડકરે જે અથાગ પ્રયાસો કર્યા છે, તેનું યથાર્થ મૂલ્યાંકન કરવું અતિ આવશ્યક છે. કોઈ પણ રાષ્ટ્ર અર્ધગુલામ હોય અને અર્ધ સ્વતંત્ર હોય તે રાષ્ટ્ર ક્યારેય પણ ન ટકી શકે. બાબાસાહેબ ડૉ. આંબેડકર એ સ્પષ્ટ મત ધરાવતા કે જ્યાં સુધી દેશનો અર્ધોઅર્ધ ભાગ મહિલાઓ, વંચિતો (અનુસૂચિત જાતિ) અને શૂદ્રો પાયાના અધિકારોથી વંચિત રહે એ રાષ્ટ્ર ક્યારેય પણ ગૌરવ ન લઈ શકે. બાબાસાહેબ ડૉ. આંબેડકરે સામાજિક વિષમતા અને અસમાનતાને ભારતની પ્રગતિમાં મોટા અવરોધ માની હતી.

બાબાસાહેબ ડૉ. આંબેડકરનું સ્પષ્ટ માનવું હતું કે રાષ્ટ્રનિર્માણમાં સ્ત્રીઓની ભૂમિકા છે, તેમના વિના રાષ્ટ્રની પ્રગતિનો આંક સૂચવવો અર્થહીન છે. સ્ત્રીઓ

* એસોસિયેટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

સમાજનું અર્ધું અંગ છે, તેમના સહકાર વિના સમાજ પ્રગતિ કે બદલાવની આશા રાખવી વ્યર્થ છે. મુંબઈમાં એક મહિલા સભાને સંબોધન કરતાં બાબાસાહેબે કહ્યું હતું કે 'સ્ત્રી રાષ્ટ્રની નિર્માત્રી છે. રાષ્ટ્રનો પ્રત્યેક નાગરિક તેના ખોળામાં પોષણ મેળવીને આગળ વધે છે. સ્ત્રીઓને જાગ્રત કર્યા વિના રાષ્ટ્રનો વિકાસ અસંભવ છે.' સ્ત્રી-શિક્ષણ કેટલું મહત્ત્વનું છે તે અંગે મુંબઈની એક સભામાં તેઓ કહે છે કે 'શિક્ષણ શેરનીનું દૂધ છે. શિક્ષણ વિના જીવન વ્યર્થ છે. કાંઈક વિચારવાની, સમજવાની અને ચિંતન કરવાની તાકાત શિક્ષણથી જ સંભવ છે.'[1] (મેઘવાલ, 102)

**મહાડમાં અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓને સંબોધન :**

મહાડ આંદોલન આધુનિક ભારતના ઈતિહાસની એક મહત્ત્વની અને યુગાંતરકારી ઘટના છે. મહાડ ન કેવળ અનુસૂચિત જાતિ-સમાજ માટેનું આંદોલન હતું. બલ્કે માનવ સ્વાભિમાન અને માનવ અધિકાર પ્રસ્થાપિત કરાવનાર અભૂતપૂર્વ આંદોલન હતું. મહાડ આંદોલન વેળાએ સભામાં તેમણે કહ્યું કે 'ચવદાર તળાવનું પાણી પીવાથી આપણે અમર થઈ જઈશું એવું નથી. આજ સુધી ચવદાર તળાવનું પાણી પીધું નથી છતાં પણ તમે કે હું મરી ગયા નથી. અન્ય માણસોની જેમ આપણે પણ માણસો જ છીએ એ સિદ્ધ કરવા માટે આપણે તળાવ પર જવાનું છે.'[2] (કીર, 116). આ આંદોલને અનુસૂચિત જાતિ-સમાજમાં અને ખાસ કરીને મહિલાઓમાં અદ્‌ભુત, સ્વાભિમાન અન સમ્માનનું નિર્માણ કર્યું હતું. આ આંદોલનના માધ્યમથી બાબાસાહેબ ડૉ. આંબેડકરે મહિલાઓ અને અછૂત વર્ગોમાં ચેતના અને અસ્મિતા પ્રગટાવી હતી. જે સમાજને કોઈ જ અધિકારો નહોતા, મૂંગા પશુ કરતાંય નીચ જીવન હતું એ સમાજને તેમણે મહાડ આંદોલન દ્વારા આંદોલિત કર્યો અને તેમનામાં સામાજિક ન્યાય અને સામાજિક પરિવર્તન માટે સંઘર્ષ કરવાની અદમ્ય જિજીવિષા જગાડી હતી. 'ડૉ. આંબેડકર પ્રથમ વ્યક્તિ હતાં, જેમણે મહિલાઓ અને અસ્પૃશ્યોને પોતાના પગ ઉપર ઊભાં રહીને પોતાના હક માટે લડવા હેતુ પ્રેરિત કર્યાં હતાં. બીજાઓની દયા પર જીવવાને બદલે પોતાના હક માંગવાની તાકાત અને સામર્થ્ય પેદા કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે આ દેશની સ્ત્રીઓ અને અછૂતોને જે મૂળમંત્ર આપ્યો હતો, તે હતો કે – 'પોતાની સહાયતા શ્રેષ્ઠ સહાયતે છે.'[3] (મેઘવાલ, 97) (Self help is best help).

મહાડ ખાતે અછૂતોના સંમેલનની પૂર્ણાહુતિ પછી ડૉ બાબાસાહેબ આંબેડકરે 3000 હજાર મહિલાઓની એક સભાને સંબોધન કર્યું. આ સભા આધુનિક ભારતમાં આ પ્રકારની પ્રથમ સભા હતી. તેમણે અનુસૂચિત જાતિની મહિલાઓમાં ચેતના અને સ્વાભિમાન જગાડ્યાં. આટલી મોટી સંખ્યામાં સ્ત્રીઓ એકઠી થાય એ ખૂબ મહત્ત્વની ઘટના ગણાવી શકાય. બાબાસાહેબે સભામાં સમજાવ્યું કે - 'પોતાની જાતને ક્યારેય અછૂત ન માનો. સ્વચ્છ જીવન જીઓ. સવર્ણ મહિલાઓની જેમ જ કપડાં પહેરો. તમારાં કપડાંઓ પર અનેક થીંગડાં લાગેલાં હોય, તો તેના પર ધ્યાન ન આપો. પરંતુ અવશ્ય ધ્યાન રાખો કે તે (કપડાં) સ્વચ્છ હોવાં જોઈએ. પોતાનાં મનપસંદ કપડાં અને ઘરેણાં પહેરવાથી તમને કોઈ નહીં રોકી શકે. પોતાની બુદ્ધિને વધારો અને સ્વ-સહાયતા કરવાની ભાવના રાખો.'[4] (રત્તુ, 127)

વધુમાં સ્ત્રીઓમાં સ્વાભિમાન જાગ્રત કરતાં બાબાસાહેબ ડૉ. આંબેડકરે માર્મિક ટકોર કરતાં કહ્યું કે 'કોઈ પણ હાલતમાં પોતાના પતિ અને પુત્રને જમવાનું ન આપો, જો તેઓ શરાબી હોય. પોતાનાં બાળકોને સ્કૂલે મોકલો. શિક્ષણ સ્ત્રી અને પુરુષ બંને માટે આવશ્યક છે. જો બહેનો તમે ભણવા-લખવાનું જાણતી હોય, તો ખૂબ પ્રગતિ કરી શકો છો. જેવા તમે છો, તેવાં જ તમારાં બાળકો થશે. તેમના જીવનને ઉન્નતિશીલ માર્ગ તરફ વાળો, તેમનાં જીવનને સદ્‌ગુણોથી ભરી દો, કારણ કે સંતાનો એવાં હોવાં જોઈએ, જેઓ દુનિયામાં પોતાનું નામ બનાવી શકે.'[5] (રત્તુ, 127)

**'અખિલ ભારતીય દલિત મહિલા પરિષદ', 1942 :**

તારીખ 20 જુલાઈ 1942ના રોજ નાગપુર ખાતે 'અખિલ દલિત મહિલા સંમેલન' આયુષ્યમતી સુલોચના ડાંગરેના અધ્યક્ષપદે ભરાયું હતું જેમાં વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. લગભગ 25,000 મહિલાઓની સૂચક હાજરી તત્કાલીન સમયમાં દલિત મહિલાઓમાં આવેલી જાગૃતિ સૂચવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ અધિવેશનમાં ઉપસ્થિત રહી મહિલાઓને પ્રેરણા પૂરી પાડી હતી. મહિલાઓમાં ચેતનાનો સંચાર કરનાર પ્રખર વ્યક્તિત્વ બાબાસાહેબ ડૉ. આંબેડકરનું હતું. જેમણે સ્ત્રીઓમાં સાહસ, હિંમત અને નૈતિક સામર્થ્યના ગુણોનું આરોપણ કર્યું હતું. તેઓએ મહિલાઓમાં સ્વ-સન્માન, સ્વ-નિર્ભરતા અને માનવીય ગૌરવના સદ્‌ગુણોનું સિંચન કર્યું હતું. આ સંમેલને દલિત મહિલાઓની સમસ્યાઓની સાથે સમગ્ર ભારતની મહિલાઓ માટે દિશા ચીંધનારાં પગલાંઓ ભર્યાં હતાં. આ સંમેલનમાં બહુપત્નીત્વ, સ્ત્રીઓને પેન્શન, પોતાની અસ્મિતા, વ્યક્તિગત આરોગ્ય સુવિધા, સામાજિક દૂષણો, સમાન દરજ્જો વગેરે મુદ્દાઓ ઉપર ભાર મૂક્યો હતો. દલિત મહિલાઓ સ્વતંત્રતા પૂર્વસ્ત્રીઓની અસ્મિતા અને અધિકારો અંગે ચર્ચા કરે છે તે ઘટના સમગ્ર આધુનિક ભારતના ઇતિહાસમાં નોંધનીય ગણાવી શકાય.

રાષ્ટ્રવાદીઓ આ સમયે સ્ત્રીઓને—સ્ત્રીજગતને 'સીતા', 'સાવિત્રી'ના સંદર્ભમાં જ જોતા, જ્યારે આ પરિષદમાં શોષિત મહિલાઓ છૂટાછેડાનો અધિકાર, કુટુંબ નિયોજન, તમામ મહિલાઓ માટે ફરજિયાત શિક્ષણ, સ્ત્રી-અસ્મિતા તથા સ્ત્રીઓ માટે કામ કરવાની જગ્યાએ સુવિધાઓ અને સમાન વેતનની માંગણીઓ રજૂ કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ મહિલા અધિવેશનમાં ઉપસ્થિત રહીને પ્રેરણાદાયી પ્રવચન રજૂ કર્યું હતું. તેમણે કહ્યું કે આજથી દસ વર્ષ પૂર્વે કોઈ વિચારી પણ શકતું ન હતું કે આ રીતે 20 થી 25 હજાર મહિલાઓ આટલી મોટી સંખ્યામાં હાજર થશે. મહિલાઓના સંગઠનમાં મારો ખૂબ વિશ્વાસ છે. સમાજની બૂરાઈઓને ખતમ કરવામાં તેમણે મહાન સેવાઓ આપી છે. બાબાસાહેબે આ પ્રસંગે ખૂબ સૂચક વાત કરતાં કહ્યું કે 'સ્વચ્છ રહેવાનું શીખો, તમામ દૂષણોથી દૂર રહો. પોતાનાં બાળકોને શિક્ષણ આપો. તેમને મહત્ત્વાકાંક્ષી બનાવો. તેમના મસ્તિષ્કમાં એ બાબત ઠસાવી દો કે તેઓ મહાન બનવા જ પેદા થયાં છે. તેમની અંદર રહેલી સઘળી હીન ભાવના કાઢી દો. લગ્ન માટે ઉતાવળ ન કરો. લગ્ન એક જવાબદારી છે. આ જવાબદારીને પોતાનાં બાળકો પર ત્યાં સુધી ન લાદવી જોઈએ, જ્યાં સુધી કે તેઓ આર્થિક રીતે લગ્નની જવાબદારી ઉઠાવવા કાબેલ ન થાય. જે લોકો લગ્ન કરે, તેઓ આ બાબતને ધ્યાનમાં રાખે કે વધુ બાળકો પેદા કરવાં અપરાધ છે. માતાપિતાનું કર્તવ્ય છે કે તેઓ પોતાનાં બાળકોને ખૂબ સરસ તાલીમ આપે, સરસ રીતે શરૂઆત કરાવડાવે, જે તેમને પોતાને મળી હતી. સૌથી મોટી વાત એ છે કે જે કન્યા લગ્ન કરે છે, તે પોતાના પતિની સાથે ઊભી રહે, તે પોતાના પતિની મિત્ર અને તેની સાથે સમાનતાનો દાવો કરે. તેની (પુરુષની) ગુલામ ન બને. મને વિશ્વાસ છે કે જો તમે આ સલાહ પર ચાલશો તો તમે પોતાનું અને દલિતવર્ગનું માન-સન્માન અને ગૌરવ વધારશો.'[6] (સોનટક્કે, 379)

**સમીક્ષા :**

ડૉ. બાબાસાહેબ આંબેડકરના અથાગ પ્રયત્નો થકી અનુસૂચિત જાતિની મહિલાઓમાં જોમ, ઉત્સાહ અને સામર્થ્યનું નિર્માણ થયું હતું. બાબાસાહેબની સભાઓમાં, આંદોલનોમાં તથા અન્ય કાર્યક્રમોમાં મહિલાઓનું મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવું, એ તેમનામાં આવેલી જાગૃતિ અને ચેતના દર્શાવે છે. મહિલાઓમાં ચેતના અને અસ્મિતા જગાડવાનું કામ બાબાસાહેબે કર્યું હતું. બાબાસાહેબનાં આંદોલનોએ મહિલાઓને પોતાની અસ્મિતાથી પરિચિત કરાવડાવી. બાબાસાહેબ મહિલાઓની ભાગીદારી માટે કેટલા ઉત્સુક હતા, તેની પ્રતીતિ તેમણે 'અખિલ ભારતીય દલિત વર્ગ સંમેલન'ના મહાસચિવ જી. ટી. મેશ્રામને લખ્યું હતું તેમાં સ્પષ્ટ

જણાઈ આવે છે. તેમણે કહ્યું હતું કે, 'મને સૌથી વધુ પ્રભાવિત કર્યો હોય તો તે મહિલા સંમેલને કર્યો છે. તમે જાણો છો કે હું મહિલાઓનો અત્યધિક પક્ષપાતી છું અને મને ખૂબ સારું લાગે છે કે તેઓ સાર્વજનિક પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ ભાગ લે. સંમેલનમાં મહિલાઓનું હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેવું એક એવું દશ્ય હતું જે જોવાલાયક હતું.'[7] (સોનટક્કે, 379)

ડૉ. બાબાસાહેબ આંબેડકર અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓમાં સમ્માન અને સ્વાભિમાનનું નિર્માણ કર્યું હતું. આજે મહિલાઓએ જે પ્રગતિ અને ઉન્નતિ હાંસલ કરી છે, તેની પૃષ્ઠભૂમિમાં બાબાસાહેબની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. 'તેમણે સંપૂર્ણ ભારતીય નારી સમાજને નરકની ખાઈમાંથી બહાર કાઢીને તેમને સમાનતાના તમામ અધિકારોથી સુસજ્જિત કરી છે. સવર્ણ સમાજની સ્ત્રીઓ વધુ સજાગ છે. એટલે તેઓ ડૉ. આંબેડકર દ્વારા સંવિધાનમાં પ્રદત્ત એ અધિકારોનો ઉપયોગ તો કરે છે, પરંતુ ક્યારેય પોતાના આ ઉદ્ધારકને યાદ સુધ્ધાં નથી કરતી, નથી તેમનાં મહાન કાર્યો પર કલમ ચલાવતી. જો આજે ઉચ્ચ પદો પર બેઠેલી મહિલાઓ, લેખિકાઓ, પત્રકાર મહિલાઓએ પોતાના આ ઉદ્ધારકની સાચી છબી ભારતીય નારીની સામે રાખી હોત, તો સ્થિતિ કાંઈક જુદી જ હોત. માત્ર દલિત મહિલાઓને જ મિશન હેતુ સંઘર્ષ કરવો પડ્યો ન હોત.' (મેઘવાલ, પૃ. 102).

આજે આપણે સૌ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો 122મો જન્મદિવસ ઊજવી રહ્યા છીએ, ત્યારે તેમણે કરેલાં કાર્યો અને લીધેલા સંકલ્પોને સતત સ્મૃતિમાં રાખી તેને પૂર્ણ કરવાં કટિબદ્ધ થવું પડશે. પારસ્પરિક મતભેદો અને હુંસાતુંસીને બાજુ પર રાખી સમાજને સક્ષમ, બળવાન અને સામર્થ્યવાન તથા માનસિક રીતે મજબૂત બનાવવાં સતત પ્રતિબદ્ધતા દાખવવી પડશે. બાબાસાહેબના આ જન્મદિવસે આપણે આપણામાં રહેલી ઈર્ષ્યા, અદેખાઈ, પરપીડનવૃત્તિ, દંભને નષ્ટ કરવાં તથા સામાજિક સૌહાર્દ, બંધુતાભાવ, મૈત્રીભાવ, પ્રેમભાવ અને કરુણાભાવ કેળવવા પોતાની જાત સાથે વધુ કટિબદ્ધ બનીએ, તો જ આપણે બોધિસત્ત્વ બાબાસાહેબ ડૉ. આંબેડકરના ખરા અનુયાયી કહેવાઈશું.

**સંદર્ભ :**


1. મેઘવાલ, કુસુમ, ભારતીય નારી કે ઉદ્ધારક : ડૉ. આર બી. આંબેડકર, 1994
2. કીર, ડૉ. ધનંજય, ડૉ. આંબેડકર : જીવન અને કાર્ય, નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ, પ્ર.સં. 1993
3. મેઘવાલ, કુસુમ, ભારતીય નારી કે ઉદ્ધારક : ડૉ. બી. આર. આંબેડકર, 1994
4. રત્તુ, નાનક ચંદ, ડૉ. આંબેડકર કુછ અનછુએ પ્રસંગ, સમ્યક પ્રકાશન, પ્રથમ સંસ્કરણ, 2011
5. રત્તુ, નાનક ચંદ, ડૉ. આંબેડકર કુછ અનછુએ પ્રસંગ, સમ્યક પ્રકાશન, પ્રથમ સંસ્કરણ, 2011
6. સોનટક્કે, યશવંત, બાબાસાહેબ ડૉ. આંબેડકર કે વિચાર, 2012
7. રત્તુ, નાનક ચંદ, ડૉ. આંબેડકર કુછ અનછુએ પ્રસંગ, સમ્યક પ્રકાશન, પ્રથમ સંસ્કરણ, 2011
8. મેઘવાલ, કુસુમ, ભારતીય નારી કે ઉદ્ધારક : ડૉ. બી. આર. આંબેડકર, પૃ. 102


'વૃદ્ધાવસ્થામાં કકળાટથી નહીં, કલરવથી જીવો, ઘડપણને ઘૂંઘવતા જીવવાને બદલે ગણગણતા જીવો.'

●

જે વૃદ્ધાવસ્થામાં સારી રીતે જીવવા માટે પ્રબંધ નથી કરતો તેને ઘડપણ મૃત્યુ આપે છે અને જે ઘડપણને સ્વીકારીને મુક્તિનાં સાધનો મેળવવા પ્રયત્ન કરે છે, તેના માટે ઘડપણ મુક્તિનું સાધન બને છે.

## ભારતમાં બાળમજૂરી : એક સમાજકાર્યલક્ષી અભ્યાસ

– ડૉ. બાદર કુરેશી*

ચાવીરૂપ શબ્દો (Key Words) : બાળક, મજૂરી, સમસ્યા અને ઉકેલ.

**પ્રસ્તાવના :**

આઝાદીનાં 75 વર્ષ બાદ હજુ પણ, આપણે ત્યાં અસંખ્ય બાળમજૂરો અને બાળવેઠિયાઓ છે, તે સ્થિતિ બાળકોના શારીરિક અને માનસિક આરોગ્યને હાનિકારક પણ છે. આ ઉંમરે જ્યારે બાળકોને ખેલવા, કૂદવા અને શિક્ષણ લેવાનો સમય છે ત્યારે ભારતમાં કરોડોની સંખ્યામાં બાળકો અનેક જુલ્મોનો ભોગ બન્યા છે. ગરીબી-રેખા નીચે જીવતી આપણી ત્રીજા ભાગની પ્રજા સર્વ હકીકતોથી અજાણ તો નથી જ, પણ ત્રણ તૂટે અને તેર સાંધે તેવો વખત હોય ત્યારે પેટિયું રળવા માટે મા-બાપો પણ પોતાનાં ફૂલ જેવાં બાળકો પાસે જાણે-અજાણે બાળમજૂરી અને તેના જેવા અનેક જાતનાં અનિચ્છનીય કાર્યો પણ કરાવે છે. ભારતમાં બાળમજૂરીના કાયદા છે પરંતુ તેનું પાલન વ્યવસ્થિત રીતે થતું નથી, જેના કારણે અગાઉથી ચાલી આવતી સ્થિતિઓ જેમની તેમ બની રહે છે.

બાળકામદાર અથવા બાળશ્રમ એ બાળકની રોજગારીને લાગે વળગે છે. ભૂતકાળમાં મોટે ભાગે વિવિધ રીતે બાળકામદારોનો ઉપયોગ થતો આવ્યો છે. વિશ્વના કેટલાક ભાગોમાં બાળમજૂરી સામાન્ય બાબત છે, જેમાં ફૅક્ટરી-કામ, ખાણ-કામગીરી, વેશ્યાગીરી, પથ્થરની ખાણ, માતા-પિતાના કારોબારમાં મદદ, કેટલીક વાર દુકાનો અને રેસ્ટોરન્ટ કે હોટેલોમાં પણ કામ કરે છે. કેટલાંક બાળકોને બૉક્સ ભેગાં કરવાં, બૂટને પૉલીશ કરવી, સફાઈ કરવી, ખેતી-પશુપાલન કામ વગેરે જેવાં અનેક કામો ઓછામાં ઓછા વેતન સાથે કરવા પડે છે. જ્યાં સુધી પારિવારિક ગરીબી પ્રવર્તે છે ત્યાં સુધી બાળ-કામદારનું અસ્તિત્વ રહેશે. યુનિસેફના અનુસાર, ઘરગથ્થુ બાળ-કામદારને બાદ કરતાં વિશ્વભરમાં અંદેજા 5 થી 14 વર્ષની વયના બાળકોની સંખ્યા 158 મિલિયન છે. જે બાળકોના ભવિષ્યને અંધકારમય બનાવે છે.

વિશ્વનું દરેક બાળક જે તે દેશનું ભવિષ્ય છે. શારીરિક, માનસિક તથા સામાજિક રીતે સ્વસ્થ બાળકો જે તે દેશની સાચી સંપત્તિ ગણાય. માનવ-સંસાધન વિકાસની અગત્ય સમજીને વિકસિત રાષ્ટ્રો બાળ વિકાસને પ્રાધાન્ય આપતા થયા છે. માનવસમાજનું કલ્યાણ, વિકાસ અને પ્રગતિ બાળકોની શારીરિક, માનસિક તંદુરસ્તી તેમજ સુખાકારી પર આધારિત છે. તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ પણ મુખ્યત્વે યોગ્ય બાળવિકાસ પર આધારિત છે, પરંતુ બાળમજૂરીને કારણે તેવા બાળકોનો વિકાસ રૂંધાય છે. બાળકના વિકાસમાં તેની સાથે ભરપૂર લાગણી, પ્રેમ, હૂંફ, સલામતી, પોષણ અને વિશેષ સંભાળ ખૂબ જ અગત્ય ધરાવે છે. રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં 'બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે, તેનાથી જ બાળકનું જીવન પાંગરે છે.'

**અભ્યાસના હેતુઓ :**

- બાળમજૂરી શું છે ? તે સમજવું.
- બાળમજૂરી સંબંધી પરંપરાગત સ્થિતિ અને પ્રમાણ વિશે જાણવું.
- ભારતમાં બાળમજૂરી અંગેની સમજ મેળવવી.
- બાળમજૂરોની દુર્દશા અંગે જાણવું.
- બાળમજૂરીની બાળક પર થતી અસરો સમજવી.
- બાળમજૂરીના કારણો જાણવા.
- બાળમજૂરીના ઉકેલો શોધવા.

**બાળક એટલે શું ?**

બાળક અર્થાત્ બાલ્યકાળ સાથે શારીરિક ઉંમરનો ખ્યાલ સંકળાયેલો છે. બાળકની પરિભાષા જૈવિક અર્થમાં કરવામાં આવે છે. તેઓના માટે કોઈ પણ વ્યક્તિ પુખ્તતા પ્રાપ્ત કરે તે પહેલાંના સમયગાળાને બાળપણ કે બાલ્યકાળ કહેવાય. ભારતીય સંવિધાનના અનુચ્છેદ 24

* મદદનીશ પ્રાધ્યાપક, મ.દે. ગ્રામ સેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર. મો. 9979741547
Email : bykureshi@gmail.com

મુજબ - કોઈ પણ વ્યક્તિ 14 વર્ષથી નીચેની ઉંમરની છે તેને બાળક ગણવામાં આવે છે. 'ધિ ચાઈલ્ડ લેબર (પ્રોહિબિશન ઍન્ડ રેગ્યુલેશન) ઍક્ટ 1986નાં કાયદામાં 14 વર્ષની ઉંમર પૂરી ન થઈ હોય એવી વ્યક્તિને 'બાળક' તરીકે ગણવામાં આવે છે.'

સને 1979માં વર્ષને બાળ-વર્ષ તરીકે વિશ્વમાં ઊજવાયું, તે અગાઉ સને 1959ના વર્ષમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘે વિશ્વનાં બાળકોના હક્કનું રક્ષણ કરતા અનેક કાયદાઓ કરવામાં આવ્યા. કાયદો તો એક સાધન છે, શસ્ત્ર છે, તે આખરી વિજય નથી. સાધ્ય તો છે બાળકોની સુખાકારી, શોષણમુક્તિ અને બાળ-જીવનનો સર્વાંગી વિકાસ જે તેમના ભવિષ્યના જીવનપ્રવાહનો મજબૂત પાયો બની શકે.

**મજૂર એટલે શું ?**

સામાન્ય વ્યવહારમાં મજૂર, કામદાર, નોકર વગેરે શબ્દોમાં કામ કરતી વ્યક્તિ માટે 'મજૂર' શબ્દ વપરાતો હોય છે. 1961ના સેન્સસમાં સિઝનલ વર્કમાં રોજનું માત્ર એક કલાક કામ કરનાર તથા નિયમિત વર્કમાં 15 દિવસમાં 1 દિવસનું કામ કરનારને મજૂર તરીકે ગણવામાં આવે છે.

**બાળમજૂર એટલે શું ?**

બાળમજૂરીની સંપૂર્ણ - સર્વસ્વીકાર્ય વ્યાખ્યા મળતી નથી. સેન્સસ ઑફ ઈન્ડિયા, 1981માં જણાવ્યા મુજબ 'આર્થિક દૃષ્ટિએ કોઈ પણ ઉત્પાદક પ્રવૃત્તિમાં જોડાયેલું બાળક એ બાળમજૂર છે.' મજૂર પંચે નીમેલા અભ્યાસુ જૂથે (સ્ટડી ગ્રૂપે) આપેલ વ્યાખ્યા મુજબ, 'જે બાળક શાળાએ જતું નથી તે બાળમજૂર છે. કારણ કે તે પછી કુટુંબમાં મજૂર જ બની રહે છે.' નવા એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાના માઇક્રોપીડિયા ભાગ-2માં જણાવ્યા પ્રમાણે, બાળમજૂરી એટલે કાયદેસર રીતે નક્કી કરાયેલી ઉંમર કરતાં ઓછી ઉંમરનાં બાળકોને કામ પર રાખવાં.' એન્સાઇક્લોપીડિયા અમેરિકા (1967)માં આપેલ વ્યાખ્યા મુજબ, 'બાળમજૂરી એટલે છોકરો કે છોકરીઓ જ્યારે કામ પર જવા માટે બહુ નાનાં હોય કે એ ઉંમરનાં બાળકો માટે જે કામ બરાબર અનુરૂપ કે સલામત ન ગણાય અને તેમનાં કલ્યાણ માટે હાનિકારક ગણાય ત્યારે કે તેવા કામ પર નોકરીઓ રાખવાં.' આમ, કોઈ સર્વસ્વીકૃત વ્યાખ્યા ન હોવા છતાં બાળમજૂર માટે એવું કહી શકાય કે બાળક જે 6 થી 14 વર્ષની ઉંમરનો હોય, શાળાએ ન જતો હોય અને કામમાં રોકાયેલો હોય પછી ભલે તેને નાણાં મળતાં હોય કે ન મળતાં હોય, આર્થિક પ્રવૃત્તિમાં સંકળાયેલો હોય કે અન્યમાં તેને બાળમજૂર કહેવાય.

**બાળમજૂરોનું પ્રમાણ :**

સમગ્ર વિશ્વમાં 'બાળમજૂરી'ની સમસ્યા પ્રવર્તે છે. વિશ્વના અનેક વિસ્તારોમાં નીચે મુજબ બાળમજૂરોનું પ્રમાણ જોવા મળેલ છે.

| ક્રમ | ભૌગોલિક વિસ્તાર ક્ષેત્ર | બાળમજૂરોની સંખ્યા (કરોડમાં) | ટકા |
|---|---|---|---|
| 1. | એશિયા-પેસિફિક ક્ષેત્ર | 10.7 | 37.71 |
| 2. | આફ્રિકાના સહારાના દેશો | 7.8 | 24.83 |
| 3. | ઉત્તર આફ્રિકાના દેશો | 3.34 | 6.93 |
| 4. | ઔદ્યોગિક દેશો | 1.25 | 1.49 |
| 5. | એક પણ પ્રકારનું અર્થતંત્ર ના હોય તેવા દેશો | 0.78 | 1.21 |

(સ્રોત : ILO Report 2017)

સૌથી વધારે બાળશ્રમિકો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં જોવા મળે છે.

**ભારતમાં બાળમજૂરી :**

આપણા દેશમાં બાળમજૂરીનું ચોક્કસ પ્રમાણ જાણવા વ્યવસ્થિત મોજણી કે સંશોધનો થયાં નથી. સરકાર તથા સ્વૈચ્છિક સંગઠનોના આંકડાઓમાં બહુ મોટો તફાવત દેખાઈ આવે છે. 5 મી ફેબ્રુઆરી, 2020ના ઇન્ડિયન એક્સપ્રેસ અહેવાલમાં કાયદામંત્રીએ દેશમાં બે કરોડ બાળમજૂરો હોવાનું કબૂલ્યું હતું. જ્યારે સંયુક્ત રાષ્ટ્રમાં CACL દ્વારા રજૂ થયેલા અહેવાલમાં ભારતમાં બાળમજૂરોનો આંક 7 થી 8 કરોડ અંદાજવામાં આવ્યો હતો. ભારતમાં બાળમજૂરોનો સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પ્રકાશિત બિનસત્તાવાર આંકડો 10 કરોડનો છે. 10 થી 14 વર્ષની ઉંમરના બાળમજૂરો વધારે જોવા મળે છે. જો

કે નાના ઉદ્યોગોમાં 5 થી 9 વર્ષના બાળમજૂરો જોતરાતા હોય છે. બાળમજૂરીની વાત કરતાં આપણું ધ્યાન કારખાના તરફ જ તરત જાય છે. પરંતુ સૌથી વધુ 42 ટકા બાળમજૂરો ખેતી, પશુપાલન ક્ષેત્રે રોકાયેલાં છે. દેશના 33 ટકા લોકો શહેરમાં વસે છે. છતાં દેશના બાળમજૂરોમાં 5.5 ટકા બાળમજૂરો જ શહેરમાં છે. બાકીના મોટાભાગના બાળમજૂરો ગ્રામીણ વિસ્તારમાં જોતરાયેલા છે. ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓએ આ બાબતે ધ્યાન ખેંચવાની તાતી આવશ્યકતા છે.

**ભારતમાં બાળમજૂરોનું પ્રમાણ :**

| ક્રમ | વર્ષ | બાળમજૂરો (મિલિયનમાં) |
|---|---|---|
| 1. | 1981 | 13.5 |
| 2. | 1991 | 12.7 |
| 3. | 2001 | 10.40 |
| 4. | 2011 | 9.2 |
| 5. | 2021 | 8.9 |

(સ્રોત : Indian Economic Survey 2021)

1981 થી 2021 દરમિયાનના ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે, ભારતમાં બાળશ્રમિકોનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જાય છે તે માટે દેશમાં 'બાળ મજૂરી' અટકાવવા માટેની કાયદાકીય જોગવાઈની વધેલી અસરકારકતા તથા બાળકોના વાલીઓની જાગ્રતતા જવાબદાર હોઈ શકે.

**ભારતમાં સૌથી વધુ બાળમજૂરી ધરાવતાં દશ રાજ્યો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | રાજ્ય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | આંધ્રપ્રદેશ | 1373772 | 12.63 |
| 2. | ઉત્તરપ્રદેશ | 1187853 | 11.57 |
| 3. | મધ્યપ્રદેશ | 107117 | 9.48 |
| 4. | મહારાષ્ટ્ર | 959687 | 8.37 |
| 5. | કર્ણાટક | 869626 | 7.41 |
| 6. | રાજસ્થાન | 677512 | 6.27 |
| 7. | પશ્ચિમ બંગાળ | 624574 | 6.21 |
| 8. | તામિલનાડુ | 524771 | 5.08 |
| 9. | બિહાર | 753233 | 4.58 |
| 10. | ગુજરાત | 723552 | 2.56 |

(સ્રોત : વાર્ષિક અહેવાલ-2020 શ્રમ મંત્રાલય, ભારત સરકાર)

આમ, આપણા દેશમાં બાળમજૂરોનું સૌથી વધારે પ્રમાણ આંધ્રપ્રદેશમાં જોવા મળે છે.

યુનિસેફના અંદાજ પ્રમાણે ભારતમાં દર પંદર ઘરોમાંથી એક ઘરમાં બાળમજૂર છે. 5 થી 15 વર્ષની વયનાં દર એકવીસ બાળકોએ એક બાળક મજૂરી કરે છે. મોટાભાગના બાળમજૂરો ખેતી-પશુપાલન તથા નાના ઉદ્યોગ-ધંધાઓમાં જોવા મળે છે, જ્યાં બાળકોનું બાળપણ વહેરાઈ જતું હોય છે.

**બાળમજૂરોની દુર્દશા :**

બાળમજૂરો સાથે ઘૃણાસ્પદ વર્તન કરવામાં આવતું હોય છે. ગજા બહારનું કામ, ગેરકાયદેસર રીતે વધુ કલાક સુધી અતિ ઓછા વેતને કરાવાતું હોય છે. આમ તેનું આર્થિક તેમજ શારીરિક શોષણ થતું હોય છે કામની જગ્યાએ સંકડાસ, ભીડ, ગંદકી, હવા-ઉજાસનો અભાવ, બિનઆરોગ્યપ્રદ વાતાવરણ (ઉત્પાદનપ્રક્રિયા દરમિયાન પેદા થતી ગરમી, ભેજ, રજ, અવાજ, રેસા, ધૂળ, ગૅસ વગેરે આરોગ્ય માટે ખતરનાક હોય) કાયમી ખોડખાંપણની અને અકસ્માતે મોતની સંભાવના તેના પર ઝળૂંબતી રહેતી હોય છે. બાળમજૂરો નાની ઉંમરે ઘરડા-બિનકાર્યક્ષમ બની જતા હોય છે. બાળમજૂર થાક, અપૂરતો આરામ, અપૂરતો ખોરાક અને ઓછી ઊંઘથી પીડાતા હોય છે. ચેપી રોગ તેના પર ઝડપથી ત્રાટકે છે.

બાળમજૂર જો છટકીને ભાગી જવાની કોશિશ કરે તો તેને ક્રૂર રીતે સજા કરવામાં આવે છે. ધોલ-ધપાટ અને ગાળાગાળી તો તેના નસીબમાં રોજિંદી બની ગઈ હોય છે. ગરીબીમાં ઊછરેલું (આમ તો જીવતું રહી ગયેલું) બાળક કાચી વયે કામ પર ચડી જાય છે ત્યારે તેની પાસે કામની પસંદગીનો અવકાશ મર્યાદિત હોય છે. બચપણથી અમુક નિશ્ચિત ઘરેડમાં જોતરાઈ જવાથી માહિતી-જાણકારી તથા કૌશલ્યોની ક્ષિતિજો સાંકડી થઈ જાય છે. શ્રમબજારમાં કૌશલ્યવાળાં કામોના જ ઊંચા દામ ઊપજતા હોય છે. કમનસીબો બાળમજૂર અમુક કામથી ટેવાઈ ગયેલો હોવાથી એણે એક વર્તુળમાં જ

જીવનચક્ર ચલાવવું પડે છે. ગરીબી છેક સુધી તેનો કેડો મૂકતી નથી અને અંતે તેનું બાળક પણ બાળમજૂર થવાના ભાગ્ય સાથે જ પૃથ્વી પર અવતરે છે. બાળમજૂરીનું આ વિષચક્ર ચાલ્યા કરે છે. બાળમજૂરનો દીકરો પણ બાળમજૂર જ બને છે. આ કરુણાંતિકાનો અંત આજ સુધી આવ્યો નથી. દારુણ અવસ્થામાં જીવતા બાળમજૂર માટે જિંદગી નર્કાગાર બની જતી હોય છે. તેના જીવનમાં વિકાસ જેવી કોઈ વસ્તુ સંભવતી નથી.

**બાળમજૂરીની અસરો :**

બાળમજૂરીની વીજળિક અસર બાળક-બાળમજૂર પર થાય છે. પરંતુ તેની ખરાબ અસરોથી સમાજ અને રાષ્ટ્ર પણ બાકાત રહેતું નથી.

અસંગઠિત ક્ષેત્રોના ઉત્પાદન એકમોમાં પ્રવર્તતી અસ્વચ્છતા, બિનઆરોગ્યપ્રદ કામની સ્થિતિ, પ્રદૂષિત પાણી-હવા, યોગ્ય જાળવણીનો અભાવ, પૂરતા પોષણક્ષમ ખોરાકના અભાવમાં કામ કરતાં બાળકોની અવિકસિત અને અપરિપક્વ જૈવિક સ્થિતિના લીધે તે જૈવિક-ચેપી અને ભયંકર રોગોનો જલદી શિકાર બને છે. શરીરનાં મહત્ત્વનાં અંગો હાથ, મગજ, મૂત્રાશયને નુકસાન થાય છે. ક્યારેક કાયમી અસર પણ રહી જતી હોય છે. જોખમકારક ઉદ્યોગોમાં કામ કરવાથી આનુષંગિક રોગના ભોગ બને છે.

હૂંફાળું અને આવકારદાયક વાતાવરણ, પ્રેમ-વાત્સલ્ય, યોગ્ય કેળવણી, સંસ્કારસિંચન એ બાળકોના સામાન્ય માનસિક વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. મુક્તતા, સ્વતંત્રતા, બીજાં બાળકો સાથે હળવા, મળવા, રમવાની આંતરક્રિયા અને શીખવાની પૂરતી તકો બાળકોના માનસિક વિકાસ માટે આવશ્યક છે. તેની સામે બાળમજૂરના બાળહક્કો તો છીનવાઈ જ જાય છે, તે શિક્ષણ પણ પામતું નથી. ઉપરાંત કામનો બોજ, સતત ડર નીચે સખત કામ, માલિક તથા સહકર્મચારીઓ દ્વારા થતા અમાનવીય વર્તાવથી બાળક સંવેદનહીન બની જાય છે. તેનો માનસિક વિકાસ અટકી જાય છે અને વિકૃતિઓ પેદા થવા લાગે છે. મર્યાદિત જ્ઞાનક્ષિતિજ, કુંઠિત શરીરશક્તિ, મર્યાદિત શ્રમકૌશલ્ય અને સંતૃપ્ત ચેતનાતંત્રવાળા બાળશ્રમિકો એક વિશિષ્ટ પ્રકારના વિકલાંગ બની જાય છે. પાંચ-છ વર્ષે કામે ચડી જતું બાળક 40-50 વર્ષે સાવ ઘસાઈ જાય છે. જીવલેણ બીમારીઓનો શિકાર બને છે. બિનકુશળ મજૂરોના ભાગ્યમાં સૌથી ઓછું વેતન, સૌથી વધારે અસલામતી અને કામનો ઢસરડો હોય છે. બાળમજૂર જીવનભર બિનકુશળ જ બની રહે છે. ઓછા વેતનનાં કામોમાં જીવનનાં સારાં એવાં ઊર્જાવાન વર્ષો ખર્ચાઈ જાય છે. બાળમજૂર વહેલો વૃદ્ધ બની જાય છે.

બાળમજૂરીથી સમાજ પર ખરાબ અસર થાય છે. માલિકો તથા ઉપરી કર્મચારીઓ બાળમજૂર સાથે તોછડું, ઉદ્ધત અને અમાનવીય વર્તન રાખે છે જેની બાળમાનસ પર ખરાબ અસર પડે છે. તેનું ચેતનતંત્ર બહેરું બની જાય છે, તેની સંવેદનશલીતા બુઠ્ઠી બની જાય છે. બાળકો વ્યસની અને વ્યભિચારી બની જાય છે. તે એક પ્રકારની નફરતની નજરથી જોતું થઈ જાય છે. માનસિક વિકૃતિને કારણે તેનામાં આક્રમકતા અને અસામાજિકતા આવી જાય છે, તે અસમાજિક કૃત્યો તરફ વળે છે, નશાખોર બની જાય છે. અભાવ અને અસંતોષની લાગણીથી પેદા થતી વિકૃતિ તેનામાં અપરાધી વલણો વિકસાવે છે. ટૂંકમાં કહેવું હોય તો બાળમજૂરી અપરાધીકરણની તાલીમશાળા બની જાય છે. આનાથી વ્યક્તિને તો નુકસાન થાય છે પરંતુ સમાજમાં પણ અસામાજિકતા અને અપરાધીકરણ વધી જાય છે. બાળમજૂરીને લીધે અમીર-ગરીબ વચ્ચેની ખાઈ વધતી જાય છે. જેના લાંબા ગાળે ભયંકર પરિણામ આવી શકે છે.

બાળમજૂરીનું દૂષણ રાષ્ટ્ર માટે કલંક સમાન છે. બાળમજૂરીને કારણે બેરોજગારી વધતી જાય છે. પુખ્તવયના મજૂરોને રોજગારી કે પૂરતાં વેતન મળતાં નથી. ગરીબી વધતી જાય છે. બેકાર-ગરીબ લોકોમાં ભૂખમરાની સ્થિતિ ઊભી થાય છે, તો બીજી તરફ અપરાધીકરણ વધી જાય છે. સમાજમાં નશાખોરી વધે છે. રાષ્ટ્રમાં અસમાનતાનું પ્રમાણ વધતું જાય છે.

રાષ્ટ્રની મહામૂલી સંપત્તિ તો વેડફાય છે. ઉપરાંત રાષ્ટ્રનું ભાવિ ગણાતાં બાળકોની દુર્દશા રાષ્ટ્રના ઉજ્જ્વળ ભવિષ્ય સામે પ્રશ્નાર્થો પેદા કરે છે :

**બાળમજૂરીના કારણો :**

સામાન્ય રીતે બાળમજૂરીનાં બે કારણો ગણાવાતાં હોય છે. એક ગરીબી અને બીજું વ્યાપક પ્રાથમિક શિક્ષણની સુવિધાનો અભાવ. વિશ્વ બૅંકના દસ્તાવેજમાં પણ લખેલું છે કે 'ગરીબી તથા શિક્ષણની નબળી ગુણવત્તા અને ઉપલબ્ધતા બાળમજૂરીના વ્યાપ માટે કારણભૂત છે.' બાળમજૂરી જે તે વિસ્તારની આર્થિક, સામાજિક, ભૌગોલિક પરિસ્થિતિ પર આધારિત છે. પરંતુ બાળમજૂરી પાછળ કારણભૂત છે શોષણના પાયા પર રચાયેલાં સમાજ તથા બાળક પ્રત્યેની લાગણી-જાગ્રતતાનો અભાવ. ગરીબ મા-બાપ માટે બાળક એક આવકનું સાધન બનતું હોય છે. તેઓ ઝાઝા હાથ રળિયામણામાં માનતાં હોય છે. નાના-ગૃહઉદ્યોગોમાં મોટાઓ બાળકોનો સાથ-ટેકો ઇચ્છતા હોય છે. ખેતી જેવાં ક્ષેત્રોમાં ગરીબી ન હોવા છતાં પરચૂરણ કામો બાળકો કરે એવી અપેક્ષા ખુદ કુટુંબીજનોની હોય છે. જોકે માતા-પિતા માટે સંતાન પાસે કામ કરાવવું એ અંગત પસંદગી નહીં, પરંતુ સામાજિક પસંદગી હોય છે. વળી, આપણી જે શિક્ષણ પદ્ધતિ છે તે ગરીબ બાળક માટે કોઈ મોટી તક લાવી આપતું નથી. અંતે પોતાના પિતાનો વ્યવસાય જ અપનાવવો પડે છે. એટલે બાળકને ભણાવવાની બાબતમાં માતા-પિતાની ઉદાસિનતા જોવા મળે છે.

જ્ઞાતિનાં સંગઠનો-નાતોમાં પણ બાળમજૂરો માટેની અનુકંપા જોવા મળતી નથી. અમુક જ્ઞાતિમાં નાતના નિયમો ઘણા કડક હોય છે, છતાં બાળમજૂરી રોકવાને બાળકને ફરજિયાત ભણાવવાં એવા નિયમો ઘડવાની જાગ્રતતાનો હજી અભાવ જોવા મળે છે.

માલિકો પણ બાળમજૂરોને જ વધુ પસંદ કરતા હોય છે, કારણ કે બાળમજૂર કહેવા મુજબ કર્યા કરે છે, વધુ કલાકો સુધી કામ લઈ શકાય છે, મૂંગા મોંએ ઝુલમો સહી લે છે, અસંગઠિત હોય છે, ગરજવાન હોવાથી ગમે તેટલી મજૂરી કરાવી શકાય છે, સસ્તા વેતને ઉપલબ્ધ હોય છે અને ગમે ત્યારે તેને કાઢી શકાય છે. માલિકોની પસંદગીને કારણે પણ બાળમજૂરી વધુ ફૂલેફાલે છે.

એક અહેવાલ મુજબ, જે રાજ્યમાં માથાદીઠ આવક વધુ હોય તેમજ રોજગારીની તકો વધારે હોય ત્યાં પણ બાળમજૂરની સંખ્યા વધુ જોવા મળે છે.

બાળશોષણ માટે સંસ્થાકીય નિષ્ફળતા પણ જવાબદાર છે. રાજનેતાઓ માટે તો પ્રજા એટલે મતદારો. બાળમજૂર મતદાર ન હોવાથી તેઓને તેના કલ્યાણમાં રસ પડતો નથી એવું જોવા મળે છે. બાળમજૂરી નાબૂદ કરવાની ઝુંબેશ ચલાવવાનો સમય તેઓ પક્ષીય રાજકારણમાંથી ફાળવી શકે તેમ નથી. સ્વિસ બૅંકનું બૅલેન્સ વધતું રહે પછી રાષ્ટ્રની સંપત્તિની તેમને દરકાર નથી. બંધારણની જોગવાઈ મુજબ દરેક બાળક પ્રાથમિક શિક્ષણ મેળવી શકે એવી સુવિધા આઝાદીના સાત દાયકા પછી પણ ઉપલબ્ધ કરાવી શક્યા નથી. એથી મોટી નિષ્ફળતા બીજી કઈ ગણાવવી ?

**'બાળમજૂરી'નો નિયંત્રણાત્મક ઉકેલ અનિવાર્ય :**

બાળમજૂરી અટકાવવા માટે સંકલ્પબદ્ધ, બાળમજૂરો માટે કામ કરવા તત્પર એવી 70 જેટલી સંસ્થાઓએ એકત્ર થઈને 'Campain Against Child Labour (CACL) નામની સંસ્થા સ્થાપી છે. બાળમજૂરો માટે કામ કરતાં આ મિશનમાં ભારતનાં 12 રાજ્યોની 700 જેટલી સંસ્થાઓ અને ટ્રેડ યુનિયનો જોડાયા છે. અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, મુંબઈ, પુણે, બૅંગલોર અને ભુવનેશ્વરમાં બાળમજૂરોના હિત સંવર્ધન માટે સારી કામગીરીથી રહી છે. એના માટે ભારત સરકારના કાયદા દ્વારા પણ બાળમજૂરી નિયંત્રણાત્મક પગલાં લેવાઈ રહ્યાં છે.

- **બાળમજૂરી અંગેની કાયદાકીય જોગવાઈઓ :**

બાળમજૂરી અંગેની કાયદાકીય જોગવાઈઓને બે ભાગમાં દર્શાવી શકાય.

(અ) સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેની 'બાળમજૂરી' અંગેની કાયદાકીય જોગવાઈઓ.

(બ) સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના સમયની 'બાળમજૂરી' અંગેની કાયદાકીય જોગવાઈઓ.

**(અ) સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેની 'બાળમજૂરી' અંગેની કાયદાકીય જોગવાઈઓ :**

15 ઑગસ્ટ 1947ના દિને ભારત સ્વતંત્ર થયું તે પહેલાના સમયમાં દેશમાં 'બાળમજૂરી' અંગેની કાયદાકીય જોગવાઈઓ મહદ્અંશે નીચે પ્રમાણે હતી.

1. Indian Merchant Shipping Act : 1923 - જે અન્વયે 14 વર્ષથી ઓછી વયના બાળકોને જહાજો પર મજૂરી કરવા દેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

2. The Children Pledging of Labour Act : 133 – જેના અન્વયે ઉદ્યોગ તથા કારખાનાંઓમાં બાળકોને કામ કરવા દેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

આ ઉપરાંત બાલ અધિનિયમ, બોસ્ટલે સ્કૂલ તથા સુધારક વિદ્યાલયના કાયદાઓ સ્વાતંત્ર્ય પૂર્વે દ્વારા પસાર કરવામાં આવ્યા.

31 મી માર્ચ, 1931ના રોજ કરાંચીમાં ભરાયેલા રાષ્ટ્રીય કોન્ગ્રેસના અધિવેશનમાં મહાત્મા ગાંધી 'રાજકીય અને આર્થિક અધિકારી' પર 20 મુદ્દાનો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

**(બ) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના સમયની 'બાળમજૂરી' અંગેની કાયદાકીય જોગવાઈઓ :**

સ્વતંત્રતા બાદ લોકશાહી શાસનવ્યવસ્થા ધરાવતા ભારત દેશમાં 'બાળમજૂરી'ને અટકાવવા માટે વ્યાપક પ્રયાસો થયા. આ બાળમજૂરી પર પ્રતિબંધ મૂકતા અને બાળકોનું શોષણ અટકાવતા વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

**1. ભારતીય બંધારણ :** 26 મી જાન્યુઆરી : 1950થી બંધારણના અમલની સાથે દેશ 'પ્રજાસત્તાક ભારત' તરીકે પ્રચલિત બન્યો. ભારતીય બંધારણનું એ હાર્દ છે કે બાળકો 14 વર્ષ પૂરાં કરે ત્યાં સુધી તેમને ફરજિયાત ભણાવવાં જોઈએ તથા અનુચ્છેદ 24 મુજબ 14 વર્ષથી નીચેનાં બાળકોને નોકરીએ રાખી શકાશે નહીં. અનુચ્છેદ 39 મુજબ બાળકની નાની ઉંમરનો ગેરલાભ ઉઠાવી તેમની ગરીબીના કારણે બાળકનું શોષણ કરી શકાશે નહીં.

**2. Factory Act : 1948 –** કારખાનાના કાયદાની કલમ 67 થી 71 અને 75ના સારાંશ પ્રમાણે કારખાનામાં 14 વર્ષથી નીચેની વયનાં બાળકોને કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

**3. Plantion Labour Act For Garden Industry : 1951 –** બગીચા કામદાર ધારો 12 વર્ષથી નીચેનાં બાળકોને કામે ન રાખવા અને 15-18 વર્ષનાં બાળકોને જો પ્રમાણિત કરેલાં હોય તો જ કામે રાખવાનું એમ દર્શાવે છે.

**4. Mines Act For Mines Industry : 1951 –** આ કાયદાની કલમ 45 મુજબ 16 વર્ષ પૂરાં ન થાય ત્યાં સુધી બાળક ખાણમાં જમીનની નીચે કામ કરી શકશે નહીં. 1983ના સુધારા મુજબ 18 વર્ષથી નીચેના કામદારોને કામે રાખી શકાશે નહીં.

**5. Merchant Shipping Act : 1958 –** ...તેમજ

**6. Motar Transport Workers Act : 1961 –** માં પણ બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ દર્શાવે છે.

**7. Apprentice Act : 1961 –** હેઠળની તાલીમ માટે પણ 14 વર્ષથી ઓછી વયના બાળકોને યોગ્ય ગણવામાં આવે છે.

**8. Shops & Establishment Act : 1961 –** ગુમાસ્તા ધારા પ્રમાણે 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કામ પર રાખવા પર પ્રતિબંધ છે.

**9. બીડી ઍન્ડ સિગારેટ વર્કર્સ ઍક્ટ : Conditions of Employment Act : 1966 –** રોજગારીની શરતોના આ ધારા મુજબ 14 વર્ષથી ઓછી વયના કોઈ પણ બાળકને ઔદ્યોગિક વિસ્તારમાં કામ કરવા દેવાતું નથી અને 14 અને 18 વર્ષની વચ્ચેનાં બાળકોને સાંજના 7 થી સવારના 6 વાગ્યા સુધીમાં કામ પર રોકવા પર પ્રતિબંધ છે.

**10. વેઠપ્રથા નાબુદી ધારો : 1976 –** આ કાયદાની કલમ 2 B વેઠપ્રથાની મનાઈ ફરમાવે છે. બાળકો પાસે વેઠ કરાવવી અપરાધ ગણાય છે.

**11. બાળમજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ : 1986 –** બાળમજૂરીથી થતું બાળકોનું શોષણ અટકાવવા માટે બાળમજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ : 1986 ઘડવામાં આવ્યો છે. જેની કલમ 2 માં 'બાળક'ની વ્યાખ્યા આપવામાં આવી છે અને કયા ધંધાઓમાં અને પ્રક્રિયાઓમાં બાળમજૂરો રાખવાનો નિષેધ છે તે કલમ : 3 ની અનુસૂચિમાં દર્શાવ્યું છે. આ કલમની વિરુદ્ધ વર્તીને બાળકને કામે રાખનાર માલિકો દંડ અને કેદની શિક્ષાને પાત્ર છે.

**અસરકારક પગલાં/ભલામણો :**

ઉપરોક્ત કાયદાઓના અમલ માટે ભારતમાં કેન્દ્ર સરકારે અને દરેક રાજ્યોએ નિયમો બનાવ્યા છે. ધીમે ધીમે આ અંગેની જાગૃતિ વધતાં દિવસે-દિવસે બાળમજૂરો ઘટતા જાય છે. તેમ છતાં દેશનાં કરોડો બાળકોને ભરડામાં લેતા બાળમજૂરીના દૂષણને દૂર કરવા ઉકેલો વિચારવા પડશે.

1. કેન્દ્ર સરકારે દરેક રાજ્ય સરકાર મારફતે 'બાળમજૂરી' નિષેધ અને નિયમન ધારાઓના અસરકારક પાલન માટે યોગ્ય વહીવટી તંત્ર ગોઠવીને તેની કામગીરીનું સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું જોઈએ.
2. 'બાળમજૂરી' અટકાવવા માટે કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનો-સંસ્થાઓને પુરસ્કૃત કરવાં જોઈએ.
3. 'બાળમજૂરી' અંગેના કાયદાઓનું પાલન કરનારા ઉદ્યોગો માટે પ્રોત્સાહક, જ્યારે ઉલ્લંઘન કરનારા ઉદ્યોગો સામે શિક્ષાત્મક પગલાં લેવાં જોઈએ.
4. 'બાળમજૂરી' અટકાવવા માટે કામ કરતા સરકારના વહીવટી તંત્રમાં રહેલી ક્ષતિઓ જેવી કે, અપ્રમાણિકતા. લાંચરુશ્વત-ભ્રષ્ટાચાર, બેદરકારી, લાપરવાહી વગેરે નિવારવી જોઈએ. આવા અધિકારીઓ-કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ.
5. જોખમી ઉદ્યોગોમાંથી બાળકોને હટાવવાં.
6. ઉદ્યોગોમાંથી છૂટા થતા બાળમજૂરોની પુનઃસ્થાપના માટે વ્યવસ્થા કરવી. જે માટે બાળકો માટે આરોગ્યની સુવિધા તેમજ શિક્ષણવ્યવસ્થા ઊભી કરવી.
7. અન્ય ક્ષેત્રોમાં કાર્યરત બાળકોના કામના સ્થળની સ્થિતિ સુધારવી.
8. 'બાળમજૂરી'નું દૂષણ દૂર કરવા માટે શાળા-કૉલેજો મારફતે રેલીઓ કાઢીને સામાજિક જાગૃતિ લાવવી જોઈએ.
9. વસ્તીવધારો પણ બાળમજૂરી માટે કારણભૂત છે ત્યારે કુટુંબનિયોજન અંગે જાગ્રતતા ફેલાવવી જોઈએ.
10. 12 મી જૂન 'વિશ્વ બાળમજૂરી વિરોધ દિને' સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઘનિષ્ઠ કાર્યક્રમો થકી સમાજમાં જાગૃતિ વધારવા વધુ પ્રયાસો કરવા જરૂરી લાગે છે.

કેન્દ્ર દ્વારા ગઠિત કોઠારી પંચે અહેવાલમાં જણાવેલું કે એક પેઢીને શિક્ષણ આપવાથી બાળમજૂરી દૂર કરી શકાશે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે રોકાણ કરવું જોઈએ. પંચે જીડીપીના 9 ટકા જો પ્રાથમિક શિક્ષણ માટે રોકવામાં આવે તો પાંચ-દસ વર્ષના સમયગાળામાં જ એક આખી પેઢી શિક્ષણ મેળવે તો પછી બાળમજૂરી આપોઆપ દૂર થશે એવું સૂચન કરેલું.

આ બધા ઉકેલો ત્યારે જ ફળે જ્યારે સામાજિક જાગૃતિ હોય. સમગ્ર સમાજ-રાષ્ટ્રમાં બાળમજૂરી માટે અનુકંપા-કરુણતા જાગવી જોઈએ. બાકી બાળમજૂરી વિરોધી કાયદાઓ તો છે જ, છતાં અમલીકરણ નથી થતું એવી સ્થિતિ આવીને ઊભી રહે. બાળમજૂરીના જન્મદાતા એવા ગરીબી અને બેરોજગારી જેવા સવાલોને પ્રાથમિકતા મળવી જોઈએ અને ઉકેલવા જોઈએ.

**ભાવિ સંશોધન માટેનું સૂચન :**

બાળમજૂરોની તસવીરો અને માનવીય સંવેદનાના સ્તર પરની વાર્તાઓ અખબારમાં પ્રકાશિત થયા કરે છે. પરંતુ બાળમજૂરોની સંખ્યા અને સ્થિતિનો સર્વાંગી અભ્યાસ કે વિગતે સંશોધનો થયાં નથી તે થવાં જોઈએ. જે બાળમજૂરી-નાબૂદી માટે સંશોધન-પુરાવાઓની તાતી જરૂરિયાત હોય છે.

**ઉપસંહાર :**

આમ તો શોષણના પાયા પર રચાયેલી સમાજ-વ્યવસ્થા જ બાળમજૂરી માટે કારણભૂત છે, ત્યારે સમગ્ર સમાજવ્યવસ્થામાં ધરમૂળથી પરિવર્તન લાવવું જરૂરી છે. પરંતુ આ લાંબાગાળાની પ્રક્રિયા છે.

પ્રજાસત્તાક ભારત દેશનું બંધારણ દેશમાં સૌને પ્રાથમિક શિક્ષણનો મૂળભૂત અધિકાર આપે છે. વિશ્વ બૅંકે સ્વીકાર્યું છે કે, 'શિક્ષણ દ્વારા જ ઉત્પાદકતા, સર્જકતા અને જીવનની ગુણવત્તા સુધારી-વધારી શકાય છે. શિક્ષણ જ આર્થિક-સામાજિક પરિવર્તનનું અને મનુષ્યના સર્વાંગી વિકાસનું શ્રેષ્ઠ સાધન છે. 'બાળમજૂરી'ના કારણે જે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે તેવાં શિક્ષણ રહિત બાળકો ગતિશીલ વિકાસ પ્રક્રિયા ધરાવતા વર્તમાન ભારતીય અર્થતંત્ર માટે પડકાર સમાન છે.

બાળક સંપૂર્ણ, સંવેદનાત્મક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પરિપક્વતા અને સ્થિરતા પ્રાપ્ત કરી શકે; જીવનમાં સમજદારી, આત્મવિશ્વાસ અને સ્વમાન જાગે અને જળવાઈ રહે; જીવન માટે સમતોલ દૃષ્ટિ કેળવાઈ તથા રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયામાં તેની શું ભૂમિકા છે તે પણ સમજી શકે—એવો નાગરિક બને એવી શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવી આવશ્યક છે. આ કાર્ય પડકારરૂપ છે જેને આપણે ઉકેલવાનું છે અને આપણે ઉકેલી શકીએ એમ છીએ. જરૂર છે માત્ર આપણી સંવેદના અને સક્રિયતાની.

'બાળમજૂરી'ના દૂષણને માત્ર સરકાર કે કાયદો ક્યારેય સંપૂર્ણ રીતે દૂર કરી શકે નહીં. આ ઉમદા કાર્યનો આરંભ...આપણે સૌ સમાજના સુશિક્ષિત, જાગ્રત, સમજદાર અને દેશને વફાદાર નાગરિકો ખભેખભા મિલાવીને આજથી જ શરૂ કરીએ.

'બાળક છે માનવ-કુદરતસર્જિત આભૂષણ;
'બાળમજૂરી' છે સૌથી મોટું દૂષણ.'

**સંદર્ભ સાહિત્ય :**


- ગોરી કમલેશ પી., 2016, 'બાળમજૂરી કરતાં બાળકોની સામાજિક, આર્થિક પરિસ્થિતિનો એક અભ્યાસ', શોધનિબંધ (M.Phil.), ભાવનગર યુનિવર્સિટી.
- દવે રજનીકાંત કે. (ઍડવોકેટ), 1990 (પ્રથમ આવૃત્તિ), 'બાળકો અને કાયદો', ગુજરાત રાજ્ય અપરાધ પ્રતિબંધક ટ્રસ્ટ, અમદાવાદ
- વાર્ષિક અહેવાલ - 2020, શ્રમ મંત્રાલય, ભારત સરકાર
- એસ. બી. વોરા (પ્રો.), 30 મે 2008, (અંક-5) 'અર્થસંકલન', બી-31, પાર્થ ફ્લેટ્સ, ગુજરાત સોસાયટી, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે.કે., 2009-10 (સુધારા સાથેની ત્રીજી આવૃત્તિ), 'સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ', અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
- आर्य दीप्ति, प्रथम संस्करण-2012 'बाल श्रम - चुनौतियाँ एवम् सुझाव', ओमेगा पब्लिकेशन्स, नई दिल्ली-110002
- वर्मा सवलिया बिहारी, 2011, 'ग्रामीण बाल श्रमिक', युनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली-110002
- शर्मा सुभाष, 2017, 'बाल मजदूर', रावत पब्लिकेशन, जयपुर
- ILO Report 2017
- https://Indian Economic Survey 2021
- https://gu. wikipedia.org/wiki/બાળ-કામદાર. 15.8.2022

## દેશ-વિદેશમાં જાણીતા અર્થશાસ્ત્રી પ્રોફેસર વાય. કે. અલઘને શ્રદ્ધાંજલિ

ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ (સંપાદક)

ભારતના પ્રથમ પંક્તિના અર્થશાસ્ત્રી અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત કરનાર, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને હાલમાં સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકૉનૉમિક ઍન્ડ સોશિયલ રિસર્ચમાં વાઇસ ચૅરમૅન અને એમિરેટસ પ્રોફેસર તરીકે સેવા આપનાર શ્રી યોગિન્દર કે. અલઘ સાહેબનું તારીખ 6 ડિસેમ્બર 2022ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું. તેઓશ્રી થોડા સમયથી બીમાર હતા. ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને કુશળ સંચાલક શ્રી વાય. કે. અલઘનો જન્મ તા. 14 ફેબ્રુઆરી 1939ના રોજ હાલના પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ચકવાલ ખાતે થયો હતો. પ્રોફેસર અલઘે અર્થશાસ્ત્રમાં માસ્ટરડિગ્રી રાજસ્થાન યુનિવર્સિટીમાંથી તેમજ પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીમાંથી માસ્ટર અને ડૉક્ટરેટ પ્રાપ્ત કરી હતી.

તેઓશ્રી આઇ. આઇ. એમ. કોલકતા, રાજસ્થાન યુનિ., જોધપુર યુનિ., પેન્સિલ્વેનિયા યુનિ., જેવી દેશ-વિદેશની સંખ્યાબંધ યુનિવર્સિટીઓમાં અર્થશાસ્ત્રનું અધ્યાપનકાર્ય કર્યું હતું. તેઓ 1995માં પૅરિસની પ્રતિષ્ઠિત SC.PO.માં વિઝિટિંગ પ્રોફેસર પણ રહ્યા હતા. તેઓ વર્લ્ડ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ ઇકૉનૉમિક રિસર્ચ, યુનાઇટેડ નેશન યુનિવર્સિટી હેલ્સિંકમાં સિનિયર ફેલો હતા. તેઓ ઇંડિયન સોસાયટી ઑફ ઍગ્રિકલ્ચરલ ઇકૉનૉમિક્સ, નૅશનલ ઍકૅડેમી ઑફ ઍગ્રિકલ્ચરલ સાયન્સ દિલ્હી અને વર્લ્ડ ઇનોવેશન ફાઉન્ડેશન UK ના ફેલો રહ્યા હતા.

તેઓશ્રીએ સાત પુસ્તકો લખ્યાં છે, જેમાં છેલ્લું પુસ્તક The Future of Indian Agriculture જે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયું છે. ઉપરાંત તેમના 100 થી વધુ સંશોધનલેખો દેશ-વિદેશનાં જર્નલમાં પ્રકાશિત થયા છે. તેઓશ્રી ઇંડિયન એક્સપ્રેસ અને ‘દિવ્ય ભાસ્કર’માં કૉલમ પણ લખતા હતા.

કેન્દ્ર સરકારમાં 1996થી 1998 સુધી કેન્દ્રીય મંત્રી તરીકે રહ્યા. આયોજન પંચના સભ્ય તેમજ યુએન કાઉન્સિલના સભ્ય રહ્યા. સાયન્ટિફિક સ્ટિયરિંગ કમિટી ઑફ ઇન્ટરનેશનલ સોશિયલ સાયન્સ પ્રોગ્રામ ઑફ યુનેસ્કો અને કૃષિ કિંમત પંચ જેવી સંસ્થાના ચૅરમૅનપદે રહી ચૂક્યા છે. તેઓ સેન્ટર ફૉર એનવાયર્નમેન્ટ પ્લાનિંગ ઍન્ડ ટૅક્નૉલૉજીના સ્થાપક સભ્ય હતા. ઉપરાંત તેઓ ભારત સરકારના ઔદ્યોગિક અને સલામતી મંત્રાલયના બ્યુરો ઑફ ઇન્ડસ્ટ્રિયલ કૉસ્ટ ઍન્ડ પ્રાઇસના ચૅરમૅન હતા.

ગુજરાતની જીવાદોરી એવી નર્મદા યોજનાના પ્રોજેક્ટ માટે પ્રોફેસર વાય. કે. અલઘનું યોગદાન ક્યારેય ભુલાશે નહિ. કારણ કે આયોજનપંચના સભ્ય તરીકે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી સાથે સામીપ્ય કેળવનાર શ્રી અલઘે શરૂઆતના તબક્કે નર્મદા પ્રોજેક્ટને લગતી મંજૂરીઓ મેળવવાથી માંડીને વર્લ્ડ બૅન્ક સામે મોરચો માંડવાની કવાયત હાથ ધરી હતી અને નર્મદા યોજનાને આગળ ધપાવવા ભારે જહેમત કરી હતી.

તેઓશ્રી જવાહર લાલ નેહરુ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરપદે અને સેન્ટ્રલ યુનિવર્સિટીના ચાન્સેલર પદે રહ્યા હતા. તો ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (ઇરમાં)*, ઉપરાંત ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર તેમજ ઇન્ડિયન ઇકૉનૉમિક એસોસિએશન અને ગુજરાત ઇકૉનૉમિક એસોસિએશનના પ્રમુખપદે રહ્યા હતા. તો વળી ICSSR, S P UNI, VIDHYANAGAR, JODHPUR UNI, INDIAN INSTITUTE OF LABOUR STUDIES, IIM કલકત્તા, ગિરિ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ સ્ટડીઝ લખનૌ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના ગવર્નિંગ બોડીના સભ્ય હતા.

તેઓશ્રી સાઉથ એશિયા ટૅકનૉલૉજી નેટવર્ક ઑફ કમિશન ઑફ યુરોપિયન કૉમ્યુનિટી બ્રસેલ્સના કો-ઓર્ડિનેટર હતા. ગુજરાત રાજ્ય આયોજન પંચના વાઇસ ચૅરમૅન તરીકે, રીઓ એનવાયર્નમેન્ટ કોન્ફરન્સ-યુ.એન. જનરલ સેક્રેટરીના વિશેષ સલાહકાર હતા અને મિકોંગ રિવર કમિશનના સલાહકાર હતા. તેઓ FAO, UNFPA, ILO, ESCAP, WORLD BANK અને UNDPના પણ સલાહકાર રહ્યા હતા. ઉપરાંત અર્થશાસ્ત્રમાં વિશેષ યોગદાન બદલ પ્રોફેસર અલઘને રાષ્ટ્રીય કક્ષાનો 1981નો V. K. RAO AWARD OF ECONOMIC મળ્યો હતો.

જીવન દરમ્યાન અનેક ક્ષેત્રમાં અને વિવિધ સંસ્થાઓમાં વિશિષ્ટ યોગદાન આપનાર એવા પ્રોફેસર શ્રી વાય. કે. અલઘસાહેબના નિધનથી સામાજિક વિજ્ઞાન અને ખાસ તો અર્થશાસ્ત્ર જગતમાં અને ભારત અને ગુજરાતને વિદ્વાન ગુમાવવાનું દુઃખ છે તેમજ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પરંતુ ઈશ્વરને ગમ્યું તે ખરું. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેમજ આ દુઃખદ પ્રસંગે સદ્‌ગતનાં પત્ની રક્ષાબહેન, પુત્રી તાવિસી (ફિલ્મ મેકર) અને પુત્ર મુનિસ અલઘ (પ્રોફેસર SPIESR) અને કુટુંબીજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.



* જેવી સંસ્થાના ચૅરમૅન

(ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમનાં નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો—સમાચાર—પ્રવૃત્તિ—નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આટ્ર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

### લેખક દ્વારા પ્રમાણપત્ર

આથી હું/અમે ........................................................... જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ............................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેના લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતા પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પુરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઈલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (૨૫૦ શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસ પદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસ પદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપનાં લેખમાં ૩૦૦૦ શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફોન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-૨, ફોન્ટ ૧૨ અથવા યુનિકોડ ફોન્ટ, ટાઈમ્સ રોમન-૧૨ મુજબ ટાઈપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**

**વર્ષ : 17, જાન્યુઆરી 2023, અંક : 1**

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009